પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૬૨ ॥

नमो अरिहंताणं।
नमो सिद्धाणं।
नमो आयरियाणं।
नमो उवज्झायाणं।
नमो लोए सव्वसाहूणं।
एसो पंच नमुकारो
सव्वपावप्पणासणो।
मंगलाणं च सव्वेसिं,
पढमं हवइ मंगलं॥१॥

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रूपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

# શ્રી ઋષિમંડલ યંત્ર

ધરણેન્દ્ર દેવ

પદ્માવતી દેવી



ક્ષેત્રપાળ દેવ

વૈરુટ્યા દેવી

નવ નિધિ

ooo oooooo

શ્રી ઋષિમંડલ યંત્રમાં રહેલ આ 'હ્રીં' મંત્રબીજ વડે
૨૪ તીર્થંકરોને કરાતો જાપ આધિ - વ્યાધિ - ઉપાધિનો
નાશ કરી ફળ રૂપે મોક્ષમાર્ગે શીઘ્ર ગતિ કરાવે છે.

**ધ્વનિ : શ્રી આલાપ દેસાઈ**
**રજૂઆત : ૧૪.૦૨.૨૦૨૧ દિને**
**'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન**
**ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, આરાધના ધામ.**

**રચનાકાર : પં.ઉદયરત્નવિજયજી ગણિ**
**પોષ સુદ ૧૦, સં.૨૦૭૭**
**રાત્રે : ૧ કલાકે, રામ પાવનભૂમિ**

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ**
**આપને 'હસ્તાક્ષર થીમ સૉંગ' સાંભળવા મળશે.**

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૬૨ ॥



## પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

☐ **VOLUME - 62**

Year 2022 / સંવત્ ૨૦૭૮
350 Copies / 224 Pages
For Private Circulation only.

---

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Vadodara | Mumbai

---

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com
www.navkarday.com
Amazon Kindle
Telegram : HastaksharNuAkshayPatra

---

☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156

☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




સર્વત્ર સત્ય તારવી લેવાની મૌલિક દ્રષ્ટિ હતી ગુરૂમહારાજ પાસે, તેથી જ નિવૃત્તિ રુપી નૌકામાં બેઠેલા સાધકને પ્રવૃત્તિલક્ષ્યનું સુકાન ઠીક કરવા ઢંઢોળતાં અને પ્રવૃત્તિ રુપી સાગરમાં વહી રહેલાં ગૃહસ્થને નિવૃત્તિલક્ષ્યનું તુંબડુ આપી ઉગારી પણ લેતાં. **તેથી સાચું જ કહ્યું છે કેઃ જેને મળે ગુરુની ગોદ; તેને પછી ક્યારેય ન મળે નિગોદ!**

આજે વહેલી સવારે જ એક મહાત્માએ સહજ ભાવે પૂછ્યું કેઃ ગુરૂમહારાજ, 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'માં પરિણતિ માટે શું આવે છે? મારો જવાબ હતો કેઃ ભઈલા, નાનાથી મોટા દરેક સ્તર, સાધનાના પ્રત્યેક તબક્કાઓ અને દરેક સાધકની યોગ્યતા પ્રમાણે તેની પરિણતિનું ઘડતર થાય, તેવું તેમાં ઘણું ઘણું આવે છે, જે સ્વયં વાંચન કરનાર પોતાની શક્તિ પ્રમાણે ગ્રહણ કરીને સમજતો રહે છે. એક સામાન્ય સમજણવાળી વ્યક્તિ માટે પણ તેમાં દ્રષ્ટાંતરૂપે ઘણી વાતો આવે છે. આપણા સંબંધી કોઈપણ વ્યક્તિ અશુભ ચિંતવે અથવા પ્રતિકૂળ વર્તન કરે, ત્યારે આપણાં મનની પરિણતિને ટકાવી રાખવા શું કરવું? તે માટે ય સુંદર સમાધાન પૂજ્યશ્રીએ આપ્યું છે, તે જોઈએઃ

'જીવો પોતાના શુભ-અશુભ ભાવો અને વ્યવહારો દ્વારા પરસ્પર હિતાહિતમાં નિમિત્ત બને છે. આપણું અનિષ્ટ ચિંતવનાર કે પ્રતિકૂળ વર્તનાર જીવો પ્રત્યે પણ શુભભાવ ટકાવી રાખવા વિચારવું કેઃ આ જીવ મારા જ પૂર્વે બાંધેલા કર્મનો ભાર હળવો કરવાનો પ્રયાસ કરે છે અને તેથી તે તો માત્ર નિમિત્ત છે. મારા જ પૂર્વબદ્ધ કર્મનું દેવું ચુકતે કરવા આ જીવ નિમિત્ત બની મને મારા પોતાના દેવામાંથી મુક્ત કરાવવામાં સહાયક બની રહ્યો છે, તેથી એક દ્રષ્ટિએ તે જીવ તો મારો ઉપકારી છે!

હું પોતે જ અશુભ વ્યવહાર દ્વારા અશુભભાવ અને અશુભભાવ દ્વારા અહિતને તથા શુભ વ્યવહાર દ્વારા શુભભાવ અને શુભભાવ દ્વારા હિતને પામું છું.' વળી એવી જ રીતે વિશિષ્ટ પ્રકારનો બોધ ધરાવતી વ્યક્તિએ પૂજ્યશ્રીનાં સહજ સૂચનથી કોઈ ગ્રંથ વાંચીને સ્પર્શના કરી હોય, ત્યારે તેમની આંતરમન સ્થિતિ કેટલી ઉચ્ચતા તરફ પરિણમે, તેની વાત પણ અક્ષયપાત્રમાં કંડારાઈ છે. આવો, પરમ પૂજ્ય આગમપ્રજ્ઞ જંબુવિજયજી મહારાજનાં એવા જ એક અનુભવમાંથી પસાર થઈએઃ

'આપે કહેલ તે પ્રમાણે શ્રી આચારાંગ સૂત્રના મનન પછી તથા પ્રભુની સાક્ષાત્ વાણી વાંચ્યા પછી એમ લાગે છે કે પ્રભુના માર્ગનું - પ્રભુના ધર્મનું ખરૂં સ્વરૂપ જ હવે સમજાયું! આજનો યોગ શાંતિ દ્વારા સમાધિની વાત કરે છે, જ્યારે ભગવાનનો યોગ તો વિરક્તિ દ્વારા પાપરહિત થવાપૂર્વક સમાધિની વાત કરે છે! એટલે તેમાં શાંતિ, સમાધિ તથા પવિત્રતા - બધું અત્યંત સરળ-સહજ ભાવે આવી જાય છે. આજના કહેવાતાં યોગમાં શાંતિ તો માત્ર કસરતરૂપે જ દેખાય છે, જ્યારે ભગવાનના યોગમાર્ગે તો શાંતિ મળવી સહજ જ છે. પ્રભુની વાણીનું ચિન્તન કરવું, એ ય જાણે અમૃત પીવા જેવું છે. યોગથી પરમ સમાધિ સુધીની યાત્રા શરૂ થાય વિરક્તિથી. વિરક્તિથી વિરતિ, વિરતિથી શાંતિ, શાંતિથી સમાધિ! યોગાભ્યાસ દ્વારા શાંતિ અને શાંતિ દ્વારા સમાધિ. પાપાકરણ અર્થાત્ પાપને ન આદરવાની પ્રતિજ્ઞા રૂપી વિરતિ દ્વારા મળતી શાંતિ અને સમાધિ એ ખરે જ સહજ-સરળ-સ્થિર અને સ્થાયી છે.'

આવા પરિણતિના અદ્‌ભૂત રત્નખજાનાને અંતિમ સાડા છ વર્ષથી દર મહિને એક ગ્રંથ પ્રગટ કરવામાં આર્થિક નિમિત્તરૂપ બની રહેલા વડોદરા-મુંબઈના પરમ ગુરૂભક્ત સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા** માટે તો શું કહેવું? સમસ્ત જૈનશાસન તેમનું સદૈવ ઋણી રહેશે. તદ્‌ઉપરાંત આ પ્રકાશનને આપણા સુધી નિયમિતપણે તૈયાર કરીને પહોંચાડવામાં નિમિત્ત બની રહેલાં અમારા રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા** તેમ જ તેમના જૂથનાં પુણ્યાત્માઓને પણ અંતરથી અભિનંદન આપવા જ ઘટે!

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# એક અનૂઠી યાત્રા -
# અનુભૂતિથી અનભિવ્યક્તિ તરફ...



સંતોનો વિયોગ દુઃખદાયક પણ સાચા સંતો મળવા જ દુર્લભ. મળે, તો સેવા દુર્લભ. સેવા મળે, તો કૃપા દુર્લભ. કૃપા કરે, ત્યારે સન્મતિ-સદ્‌બુદ્ધિના આશીર્વાદ આપે, જેથી સમજાય કેઃ **આધ્યાત્મિકતા એ અનુભૂતિ છે અને આચરણ એ અભિવ્યક્તિ છે.**

સન્ ૧૯૭૪માં મુંડારા, રાજસ્થાનની તપોભૂમિમાં આલેખાયેલ એક રોજનીશીમાં પૂજ્ય ગુરૂમહારાજ સ્વયં જ લખે છે કેઃ 'ગ્રન્થ એક એવો શિક્ષક છે કે જે કાંઈપણ ન બોલવા છતાં નિરંતર શિક્ષણ આપ્યા જ કરે અને અક્ષરમાં અ-ક્ષર એવા પરમેશ્વરનું દર્શન જે કરી શકે, તે જ ખરો જ્ઞાની છે.' આ રોજનીશીઓના અક્ષરોમાં અ-ક્ષર પરમેશ્વરનાં દર્શન કરી શકીએ, તેટલું બળુકું સત્ય દર્શન છે. અનુપ્રેક્ષાની અઢળક સત્ સામગ્રી આલેખાતી આવી છે... પણ તે ઉકેલવા ય કૃપા તો તેમની જ અવતરવી રહી! એ માટે તેમને પ્રાર્થના કરતાં પૂર્વે એ જ સમજવું રહ્યું કેઃ प्रार्थनात एव इष्टसिद्धिः। અર્થાત્ પ્રાર્થિત વસ્તુની અભિલાષા-તમન્ના હોય, ત્યારે જ પ્રાર્થના સિદ્ધ થાય!

આ અક્ષયપાત્રોનો મૌન સંપૂટ પોતે પણ જાણે એક એવું શબ્દરહિત સુદીર્ઘ કાવ્ય બને છે, જે મૌન પ્રેરણાથી સભર સભર હોય છે. આ ગ્રંથો રૂપી શિક્ષકોએ શીખવેલ અનૂઠું અધ્યાત્મ આપણા નિત્ય જીવનમાં અવતરે, અનુભૂતિ પામે અને જેની અભિવ્યક્તિ કરવી પણ મુશ્કેલ બને, એવા મનોરથ સહ...

વડોદરા/મુંબઈ

સી. કે. મહેતા

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





પ્રણવયુગલમધ્યે દક્ષિણે કામબીજં,
જપતિ જગતિ સર્વે યસ્ય હ્રીંકારબીજમ્ ।
તદુપરગતશુભ્રં બીજમન્ત્રં ચ લક્ષ્મ્યા
ભવતિ ભગવતી સા વાક્ ચ તસ્મૈ પ્રસન્ના ॥

ઉણાવા (રાજસ્થાન), સં. ૨૦૩૨, ભાદરવા સુદી ૨, ગુરુવાર
પર્યુષણા પર્વ દિન ૬ (ગણધરવાદ), તા. ૨૬/૮/૭૬

जगज्जन्तुनिस्तारणे यानपात्रं
शमारामविश्रामसंलीनचित्तम् ।
नताऽनेकनाकेन्द्रपादारविन्दम्
स्तुवे स्वामिसीमन्धरं देवदेवम् ॥१॥

અર્થ: જગતના જીવોને તારવા માટે સ્ટીમર સમાન, સમતારૂપી બગીચામાં વિશ્રામ કરવા માટે એકચિત્ત, અનેક દેવો અને ઇન્દ્રોથી નમસ્કાર કરાતાં ચરણોવાળા, દેવાધિદેવ શ્રી સીમંધરસ્વામીની હું સ્તુતિ કરું છું.

ધન્ય જિનોને ઉલટ ઉદધિ કું એક બિંદુ મેં ડાર્યો - ચિદાનંદજી

આ વિશ્વરૂપ સમુદ્રને ઉલટાવીને સત્તા સ્વભાવરૂપ એક બિંદુમાં નાંખી જેમણે પરમ શાંતિને અનુભવે છે, તેવા શ્રી જિનેશ્વર ભગવંતોને ધન્ય છે.

## દુષ્કર બ્રહ્મચર્યપાલન

देव - दाणव - गंधव्वा - जक्खरक्खस - किन्नरा ।
बंभयारिं नमंसंति दुक्करं जे करेन्ति तं ॥१॥

અર્થ: જે દુષ્કર એવું બ્રહ્મચર્ય પાળે છે, તેને દેવ - દાનવ - ગાંધર્વ - યક્ષ - રાક્ષસ અને કિન્નરો નમસ્કાર કરે છે.

શ્રી

પંચ મંગલ મહાશ્રુતસ્કંધ એવા શ્રી નવકાર મહામંત્રમાં સ્થિત શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોને સાદર વંદનાવલિ.

## નમો અરિહંતાણં ।

૧૨ ગુણો કરીને યુક્ત, કેવલજ્ઞાન પામી ભવ્ય જીવોને
બોધ દેતાં અને બોધ દેવાને વિચરતાં એવા,
થઈ ગયેલાં - થતાં - થવાનાં અનંતા અરિહંત ભગવાનને
હું અંતર આત્માથી ભાવપૂર્વક નમસ્કાર કરું છું.

## નમો સિદ્ધાણં ।

૮ કર્મોનો ક્ષય કર્યો છે તથા ૮ ગુણોને પ્રાપ્ત કર્યા છે
એવા, થઈ ગયેલાં - થતાં અને થવાનાં અનંતા સિદ્ધ
ભગવંતોને હું અંતરાત્માથી ભાવપૂર્વક નમસ્કાર કરું છું.

## નમો આયરિયાણં ।

૩૬ ગુણોએ કરીને યુક્ત, પંચાચાર પાળે - પળાવે એવા,
થઈ ગયેલાં - થતાં - થવાનાં અનંતા આચાર્ય ભગવંતોને
હું અંતર આત્માથી ભાવપૂર્વક નમસ્કાર કરું છું.

## નમો ઉવજ્ઝાયાણં ।

૨૫ ગુણોથી યુક્ત, સિદ્ધાંતને ભણે - ભણાવે એવા,
થઈ ગયેલાં - થતાં - થવાનાં અનંતા ઉપાધ્યાય ભગવંતોને
હું અંતર આત્માથી ભાવપૂર્વક નમસ્કાર કરું છું.

નમો લોએ સવ્વસાહૂણં |

અઢી દ્વિપને વિષે વિચરતાં એવા,
થઈ ગયેલાં - થતાં - થવાનાં અનંતા સાધુ ભગવંતોને
હું અંતર આત્માથી ભાવપૂર્વક નમસ્કાર કરું છું.

એસો પંચ નમુક્કારો |

એ પાંચે પરમેષ્ઠિ ભગવંતોને કરેલો મારો નમસ્કાર

સવ્વ પાવપ્પણાસણો |

જગતના સર્વ પાપનો નાશ કરનારો થાઓ.

મંગલાણં ચ સવ્વેસિં | પઢમં હવઇ મંગલં |

સર્વ મંગળોમાં આ મહામંત્ર ઉત્કૃષ્ટ મંગળ છે.

कियच्चिरं मंगलं ? नानाजीवाऽपेक्षया सर्वाद्धम् |
एक जीवापेक्षया अनाद्यपर्यवसितं साद्यपर्यवसितं
सादिसपर्यवसितमिति त्रिविधम् | कथमनादि-
अपर्यवसितता मंगलस्य ? द्रव्यार्थिकनयार्पणया |
तथा च मिथ्यादृष्ट्यवस्थायामपि मंगलत्वं
प्राप्नोतीति चेन्नैष दोषः, इष्टत्वात् | न
मिथ्या (दृग) विरतिप्रमादानां मंगलत्वं
तेषां जीवत्वाऽभावात् | जीवो हि मंगलम्,
स च केवलज्ञानाद्यनन्त - धर्मात्मकः |

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

મિથ્યાદૃષ્ટિ જીવમાં રહેલ જ્ઞાન - દર્શનાદિ
કેવળજ્ઞાન - કેવળદર્શનના અવયવો રૂપે મંગળ છે,
મિથ્યાત્વાદિ મંગળ નથી પણ મોહનો આકારસ્વરૂપને
યથાર્થપણે જાણ્યું છે, એવા સમ્યગ્દૃષ્ટિ જીવો જાણે
છે કે છદ્મસ્થોના જ્ઞાન - દર્શન એ કેવળજ્ઞાન અને
કેવળદર્શનના અવયવ રૂપ છે તથા આત્મદ્રવ્ય સ્વયં
અનંત જ્ઞાન - દર્શનની શક્તિથી યુક્ત છે, તેમના મતે
છદ્મસ્થોના જ્ઞાનદર્શનોપયોગમાં ય પાપનું ક્ષયકારીપણું
રહેલું છે, તેથી તે અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિઓના જ્ઞાન-
દર્શનને ય મંગળ માનવામાં વિરોધ નથી. આ નોઆગમ
ભાવિ દ્રવ્યમંગળની અપેક્ષાએ તે અનાદિ - અનંત છે.

જ્ઞાન = સદ્બોધ, દર્શન = સદ્દૃષ્ટિ,
ચારિત્ર = સત્પ્રવૃત્તિ, તપ = ધ્યાન સમાપત્તિ.
જ્ઞાન માટે દ્રવ્ય - ક્ષેત્ર - કાળ અને ભાવ,
દર્શન માટે નામ - સ્થાપના - દ્રવ્ય અને ભાવ અને
ચારિત્ર માટે દાન - શીલ - તપ - ભાવ આલંબનરૂપ છે.
દર્શન એ ગુણોનું વાચક છે - ગુણ.
જ્ઞાન એ વસ્તુઓનું પ્રકાશક છે - દ્રવ્ય.
ચારિત્ર એ દોષોનું દાહક છે - પર્યાય.

## આચાર્ય ભગવંતો કેવા હોય છે ?

संग्गह-निग्गहकुसलो सुतत्थ विसारओ पहियकित्ती।
सारणवारणसाहण - किरियजुत्तो हु आयरिओ ॥

સારણા એટલે સ્મરણ, વારણા એટલે નિષેધ અને સાધન એટલે વ્રતોનું રક્ષણ કરનારી ક્રિયાઓમાં નિરંતર ઉદ્યુક્ત સદા આ આચાર્ય ભગવંતો હોય છે. સંઘને સંગ્રહ કરતા દીક્ષા તથા નિગ્રહ કરતા શિક્ષા. પ્રાયશ્ચિત્ત દેવામાં કુશળ એવા આચાર્ય હોય છે.

० आचार्यस्योक्तसारोपलक्षणसमन्वितता
संग्रहनिग्रहादि गुणहीनाः उपाध्यायाः, तेभ्यो नम इति।

० अनंतज्ञानादिशुद्धात्मस्वरूपं साधयन्तीति साधवः।
पञ्चमहाव्रतधरास्त्रिगुप्तिगुप्ता अष्टादशशील-
सहस्रधराश्चतुरशीतिशतसहस्र गुणधराश्च साधवः।

० गुणरागः औदार्य-दाक्षिण्यादिगुणबहुमानः कर्तव्यः।
कुतोऽपि वैगुण्यात् स्वयं गुणानुष्ठानाऽसामर्थ्येऽपि
निबिड गुणानुरागवशात् भावातिशयतः
तदनुष्ठान फलवन्तो भवन्ति जन्तवः।

'कर्तुः स्वयं कारयितुः परेण तुष्टेन चित्तेन तथाऽनुमन्तुः।
सहायकर्तुश्च शुभाऽशुभेषु तुल्यं फलं तत्त्वविदो वदन्ति॥'

(પરિશિષ્ટ-૨)

## નવે પદો શેના ભંડાર?

(૧) અરિહંત = પરોપકારના ભંડાર.

(૨) સિદ્ધ = સુખના ભંડાર.

(૩) આચાર્ય = સદાચારના ભંડાર.

(૪) ઉપાધ્યાય = વિનયના ભંડાર.

(૫) સાધુ - સાધ્વી = સહાય - સેવાના ભંડાર.

(૬) દર્શનપદના ધારક = સદ્ભાવના ભંડાર.

(૭) જ્ઞાનપદના ધારક = વૈરાગ્યના ભંડાર.

(૮) ચારિત્રપદના ધારક = સદ્ગુણના ભંડાર.

(૯) તપપદના ધારક = સંતોષના ભંડાર.

ધર્મ મંગલ છે, તેમાં મંગલબુદ્ધિ ધારણ કરવી, તે મહામંગલ છે. નવકાર મહામંગલ છે, કેમકે ત્રણે કાળ અને ત્રણે લોકના ધર્મવાન પુરુષોના ધર્મમાં મંગલબુદ્ધિ ધારણ કરીને પાપનું Elimination અને ધર્મનું sublimation થાય છે.

°

Elimination of evil and sublimation of good is Navkar. Navkar should be the Key of the day and the lock of the night.

નમસ્કારરૂપી નવમું પુણ્ય અઢાર પાપનું નાશક અને
નવ પ્રકારના પુણ્યના સમૂહરૂપ નવપદનું ઉત્પાદક છે.
અરિહંતપદ એ સર્વોત્કૃષ્ટ દાન - પુણ્યનું પ્રતીક છે,
સિદ્ધપદ એ સર્વોત્કૃષ્ટ નમસ્કારરૂપી ધર્મનું પ્રતીક છે.
અરિહંતો ગુણ અને પુણ્યના પ્રકર્ષવાન છે. સિદ્ધો ગુણના
પ્રકર્ષવાળા છે. આચાર્ય - ઉપાધ્યાય તથા સર્વ સાધુઓ
આચાર - વિચાર અને રત્નત્રયના પ્રકર્ષવાળા છે.

સમ્યક્ દર્શનગુણમાં સ્નેહનો પ્રકર્ષ છે,
સમ્યક્ જ્ઞાનગુણમાં વૈરાગ્યનો પ્રકર્ષ છે,
સમ્યક્ ચારિત્રગુણમાં સદ્ગુણોનો પ્રકર્ષ છે તથા
સમ્યક્ તપગુણમાં સમતા અને સંતોષનો પ્રકર્ષ છે.
સદ્ભાવ, સદ્વિચાર, સદાચાર અને સંતોષ -
એ ચારેનો સંગ્રહ પાંચે પરમેષ્ઠીઓમાં છે.

## અરિહંત પરમાત્માની ૯ અંગે પૂજા

ભાવસહિત આત્મા, શિખા ઉપર સિદ્ધશિલા,
બેઉ ભુજા એ ભવસાગર તરવાની ક્રિયા,
બેઉ જાનુ એ ખડાં ખડાં કેવળજ્ઞાન, બેઉ ચરણે નમન
- વંદન - પૂજન વડે ભવાટવીમાં શરણાગતિ થાય છે.
પ્રભુની નવ અંગ પૂજાનો આ વિશિષ્ટ પ્રભાવ છે.

આ જગતમાં પાંચ વિષય અને ચાર કષાય -
એ નવ નાગ છે, તેના જીતનારા
પાંચ પરમેષ્ઠિઓ અને ચાર ધર્મો એ ચાવી છે. ચાર
ધર્મોમાં સમ્યગ્દર્શન એ નીચલું વસ્ત્ર છે, સમ્યગ્જ્ઞાન
એ ઉપલું વસ્ત્ર છે, સમ્યક્ચારિત્ર એ મસ્તકનું ઢાંકણ
અને સમ્યક્તપ એ પગનું ભૂષણ છે.

જેમ સ્નાન - વસ્ત્ર - આભૂષણ - ધન વિના દેહ ન શોભે,
તેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપધર્મ વિના
આત્માનું જીવન પણ ટકતું નથી.

ચાર કષાયરૂપી ચંડાળ ચોકડીને દૂર કરનાર
પાંચ વિષયરૂપી શિકારીઓની જાળમાંથી છોડાવનાર
પાંચ પરમેષ્ઠિઓમાં રહેલો ચાર પ્રકારનો ધર્મ જ છે.

ચાર ધર્મોનું મૂળ અને ફળ = ચાર ભાવનાઓ.
સમ્યગ્દર્શન = મૈત્રીભાવ, સમ્યગ્જ્ઞાન = પ્રમોદભાવ,
સમ્યક્ચારિત્ર = કરુણાભાવ, સમ્યક્તપ = માધ્યસ્થ્ય.

નમસ્કાર મંત્ર એટલા માટે મહામંત્ર છે કે તેમાં
પરમપદે રહેલાં પરમેષ્ઠિઓને સન્માનનું દાન થાય છે.
સન્માન આપવા લાયકનું સન્માન ન થાય,
તો જીવનમાં દાનધર્મથી વંચિત થવાય.

દાનધર્મ જેની આદિમાં નથી, તે શીલ-તપ આદિ ધર્મો
સમ્યગ્દર્શનશૂન્ય હોવાથી મોક્ષનાં કારણ ન બની શકે.
એ રીતે સમ્યગ્દર્શનગુણ દાનધર્મને ઉત્તેજે છે અને
દાનધર્મ વડે જ સમ્યગ્દર્શન નિર્મળ થાય છે.

'સમ્યગ્દર્શન ગુણની વિદ્યમાનતામાં
જ્ઞાનાદિ ગુણો મોક્ષમાર્ગ બને છે' એનો અર્થ એ છે કે
દાનધર્મની મુખ્યતામાં જ બાકી સૌ ધર્મોની સાર્થકતા છે.
જ્ઞાનાદિ દાનધર્મનાં સાધનો વડે દાનધર્મ સાધી શકાય.

## આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ

જેનું આચરણ શ્રેષ્ઠ, તે આચાર્ય અને ઉપાધ્યાય એટલે
उपेत्य अधीयतेऽस्मात् । उपसमीपे अधिवसनात् श्रुतस्य
आयो लाभो भवति येभ्यस्ते उपाध्यायाः । (परिशिष्ट-३)
उप + अधि + आय = ઉપાધ્યાય અને સાધુ એટલે
स्वपरहितं - मोक्षानुष्ठानं वा साधयतीति साधुः ।
સાધુ પોતે સદાચારી, પવિત્ર અને ગુણવાન હોય છે,
માટે મંગળમય, લોકોત્તમ અને શરણભૂત છે.

## સાધુના ૨૭ ગુણ

૬ વ્રત, ૬ કાય, ૫ ઇંદ્રિય, ૩ ગુપ્તિ તથા ક્ષમા, નમ્રતા,
સરળતા, સંતોષ, પ્રતિલેખન, પરિષહ - ઉપસર્ગસહન.

પંચ પરમેષ્ઠિ ભગવંતોના ધ્યાન વડે
પૃથ્વી આદિ પાંચ તત્ત્વોની સિદ્ધિ કરવાની રીત છે.
પંચ તત્ત્વોની સિદ્ધિથી રોગ - આપત્તિનું નિવારણ તથા
અંતે ત્રિકાળજ્ઞાન થાય છે.

ધ્યાનમાં શ્વેતવર્ણ એ જ્ઞાનપ્રાપ્તિ - મોક્ષપ્રાપ્તિ માટે છે,
સિદ્ધિ માટે અનાહત પદ્મની ઉપાસના આવશ્યક છે.

'જિન' શબ્દનો પ્રયોગ કોની કોની માટે થાય છે?

'જિન' શબ્દનો પ્રયોગ કેવળી, અવધિજ્ઞાની, જિનકલ્પી,
ચૌદપૂર્વી અને દશપૂર્વી આત્માઓ માટે થાય છે.

અવધિજ્ઞાન = Clairvoyance.
અવધિજ્ઞાની = Clairvoyant.

આત્મા જ સંયમ - શીલ - તપ - જ્ઞાન અને મોક્ષ છે
તથા 'શુદ્ધ આત્મા જ ગ્રહણ કરવા યોગ્ય છે,'
તેવા આત્માને થતી રુચિ, તે સમ્યગ્દર્શન અને
વીતરાગ સ્વસંવેદન જ્ઞાનનો અનુભવ -
તે નિશ્ચય જ્ઞાન છે અને એટલે આત્મા જ જ્ઞાન છે.
રાગાદિ વિકલ્પજાળનો ત્યાગ કરનાર આત્મા જ મોક્ષમાર્ગ.
પરમાત્મતત્ત્વને વિષે સમરસીભાવે પરિણમવું તે મોક્ષ,
એટલે આત્મા જ મોક્ષ છે.

## અરિહંત પરમાત્માઓ કેમ વિજયવંત છે?

જેમનું નામ સર્વ ભયોનો નાશ કરે છે,
જેમનું પૂજન સર્વ સિદ્ધિઓને આપે છે અને
જેમનું ધ્યાન અનંત શક્તિને પ્રગટાવે છે,
તે અરિહંત પરમાત્માઓ વિજયવંત છે.
નામ હૈયાનું - પૂજન પ્રતિમાનું,
ધ્યાન ગુણ - પર્યાયોનું અને તેના આધારભૂત દ્રવ્યનું
- એ રીતે ચારે નિક્ષેપથી ત્રણે લોકને
પવિત્ર કરનાર જિનેશ્વર ત્રિકાળ વિજયવંત છે.
જેમની સેવા - ભક્તિ અને પૂજા,
ઉભય લોકનાં સુખ આપનાર અચિન્ત્ય ચિન્તામણિ,
કામઘટ, કામકુંભ અને કલ્પતરૂ તુલ્ય છે,
જેમની વાણી મોહવિષ ઉતારનાર મહામંત્ર તુલ્ય છે,
જેમના વિચારોમાં વિજ્ઞાન ભર્યું છે અને
જેમના ઉપદેશમાં આચારની સતત ધારા વહે છે,
તે જિનેશ્વરો સર્વનું કલ્યાણ કરનારા થાઓ.
જેઓ કર્મરૂપી વાદળોના સમૂહથી મુક્ત છે,
કોટિ સૂર્યથી પણ અધિક તેજસ્વી છે,
સર્વ લોકનો ઉદ્યોત કરનારા છે, ઓંકાર સ્વરૂપ છે,

હ્રીંકાર વડે અનંત ફળદ છે, શ્રીં - ક્લીં બીજથી કલિત છે
તથા મંત્રકમળમાં શક્તિરૂપે બિરાજમાન છે,
તેવા અરિહંત પરમાત્માઓ વિજયવંત છે.

૧૬ વિદ્યાદેવીઓથી પૂજિત અરિહંત પરમાત્માઓ

(૧) પુણ્યબીજને ઉત્પન્ન કરનાર રોહિણી (૨) પ્રકૃષ્ટ જ્ઞાનવાળી પ્રજ્ઞપ્તિ (3) વજ્રશૃંખલાઓ દ્વારા દુષ્ટોનું દમન કરનારી વજ્રશૃંખલા (૪) વજ્ર અને અંકુશ દ્વારા શત્રુઓનો પરાભવ કરનારી વજ્રાંકુશા (૫) જેના ચક્રોની બરાબરી કોઈ કરી શકે તેમ નથી તે અપ્રતિચક્રા (૬) જે પુરુષોને વરદાન આપનારી છે તે પુરુષદત્તા (૭) શત્રુ પ્રત્યે કાળ જેવી છે, તે કાલી (૮) વેરીવર્ગ પ્રત્યે મહાકાળ જેવી તે મહાકાલી (૯) ચિત્તાકર્ષક ગૌર રૂપવાળી ગૌરી (૧૦) ઉત્તમ ગંધયુક્ત ગાંધારી (૧૧) મહાજ્વાલાઓથી યુક્ત અનેક પ્રકારનાં શસ્ત્રોને ધારણ કરનારી સર્વાસ્ત્રમહાજ્વાલા (૧૨) માતાની જેમ અપૂર્વ વાત્સલ્ય કરતી માનવદેવી (૧૩) અન્યોન્યના વેરની શાંતિ કરાવનારી વૈરોટ્યા (૧૪) પાપથી ન લેપાનાર અચ્છુપ્તા (૧૫) ધ્યાન ધરનારને સાંનિધ્ય કરનારી માનસી અને (૧૬) ધ્યાન કરનારને અત્યંત સહાય કરનારી મહામાનસી અરિહંત ભગવંતોને પૂજે છે.

શ્રી સિદ્ધચક્ર ભગવંત તથા જૈનધર્મ વિજયવંત વર્તો.

જેમનું સ્મરણ - પૂજન - આરાધન
મનના સર્વ મનોરથોને પૂર્ણ કરે છે અને આધ્યાત્મના
માર્ગે આગળ વધવાનું અપ્રતિમ બળ સમર્પે છે,
તે શ્રી સિદ્ધચક્ર ભગવંત વિજયવંત વર્તો.
જેણે નિરાશાવાદનો નાશ કર્યો છે અને
જગતને જયશાલી થવાનું મહાવિજ્ઞાન આપ્યું છે,
તે જૈનધર્મ વિજયવંત વર્તો છે.
જેમાં અહિંસા - સંયમ - તપરૂપી ઉત્કૃષ્ટ મંગલ અને
તથા દાન - શીલ - તપ - ભાવરૂપ ધર્મના મુખ્ય અંગો
રહેલાં છે, જે અસત્માંથી સત્ પ્રત્યે, અંધકારમાંથી પ્રકાશ
પ્રત્યે અને મૃત્યુમાંથી અમૃતત્વ પ્રત્યે લઈ જાય છે, જે
પ્રાણીમાત્રને મિત્ર માની સહૃદયતાથી વર્તવાનું શીખવે છે,
હૃદયમાં દયાનો ઝરો સતત વહેતો રાખવાનું ઉપદેશે છે,
જે માનવમાંથી મહામાનવ બનાવે છે,
જે ધર્મનું પ્રવર્તન સર્વજ્ઞ - સર્વદર્શી તથા સર્વદોષરહિત
તીર્થંકર ભગવંતો દ્વારા થયું છે, જેણે આત્મોદ્ધાર માટે
તપ - જપ અને ધ્યાનનાં અમોઘ સાધનો બતાવ્યાં છે,
જેણે સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર ઉપરાંત

અહિંસા - સત્ય - અચૌર્ય - બ્રહ્મચર્ય અને
સંતોષમય જીવન જીવવાનો ઉપદેશ કર્યો છે,
જે સર્વમંગળોનું મંગળ છે, સર્વકલ્યાણોનું કારણ છે,
સર્વ ધર્મોમાં અને સર્વ દેશોએ પ્રધાનપદ ભોગવે છે,
તે જૈનધર્મને કોટિ કોટિ વંદના, અગણિત વંદના હો.

એક અરિહંતનું નામ લીધું,
એટલે બીજું નામ લેવાનું રહેતું જ નહિ.

અરિહંત નામમાં રહેલા
આ અદ્વૈતની તુલના કોઈ વિરલા જ જાણે છે.
'એગમ્મિ પૂઇએ સવ્વે તે પૂઇઆ હોંતિ ।'
અર્થાત્ઃ એકને પૂજવાથી સર્વ પૂજાયેલાં થાય છે.
સમત્વ બુદ્ધિથી પ્રભુનામ ગ્રહણ કર્યું અને
પ્રભુને સર્વત્ર તથા સમાનરૂપે વ્યાપેલાં જોયા.
પછી તે દ્રવ્યકર્મ હો કે ભાવકર્મ,
દરેક પ્રકારના કર્મરાશિનું દહન કરે છે,
જેમ સૂર્ય સહસ્ત્ર કિરણો વડે ત્રિભુવનમાં વ્યાપે છે,
તેમ આત્મરામ સર્વ દેહમાં વ્યાપેલો છે.
પ્રભુસ્મરણના નિયમે આટલું દર્શન સ્પષ્ટ થાય છે અને
તેથી ભાવિકના બધાં જન્મ-મરણો કપાઈ જાય છે.

## નવકાર અને નવપદની તાકાત

નવકાર એ બાદબાકીનો સરવાળામાં અને નવપદ એ શૂન્યને એકડામાં ફેરવી નાંખવાની તાકાત આપે છે.
નવપદથી પુણ્યવૃદ્ધિ તથા નવકારથી પાપનાશ થાય છે.

પાપનો નાશ એ દુઃખની બાદબાકી છે અને
પુણ્યની વૃદ્ધિ એ શૂન્યમાંથી એકડો છે.

'નમો અરિહંતાણં ।' બોલનારે સૌ પ્રથમ
અરિહંત પરમાત્માએ ફરમાવેલ માર્ગાનુસારીના ૩૫ ગુણોનું પાલન કરવું જ પડશે, તો જ તેનો નમસ્કાર સાર્થક થશે.

સમાજને સુધારવા વ્યક્તિએ સુધરવું જોઈએ અને
વ્યક્તિએ સુધરવા માટે સૌ પ્રથમ
માર્ગાનુસારીના ૩૫ ગુણોનું પાલન કરવું જોઈએ.

'નમો' એ મોક્ષબીજ છે અથવા તો વિનયબીજ છે.

'નમો' એ પ્રીતિ - ભક્તિસૂચક શબ્દ છે.

જીવરાશિ ઉપરની પ્રીતિ જિનભક્તિમાં પરિણમે છે અને જિનેશ્વર ઉપરની ભક્તિ તેમના વચનો પ્રત્યે આદરભાવ ઉત્પન્ન કરી જીવો ઉપરની પ્રીતિનો જીવનમાં અમલ જે કરાવે છે, તે વિરતિરૂપ છે.
વિરતિ વિશિષ્ટ રતિરૂપ બનીને અસંગભાવને પામે છે,

ત્યારે રત્નત્રયની એકતારૂપી નિશ્ચય
એ ચારિત્રરૂપી સમાપત્તિને પમાડે છે.
પ્રીતિમાંથી ભક્તિ, ભક્તિમાંથી વિરતિ અને વિરતિમાંથી
અનુક્રમે સમાપત્તિમાં લઈ જવાની તાકાત સંયમમાં છે,
તે સંયમનું લક્ષણ શાસ્ત્ર દૃષ્ટિએ નીચે મુજબ છે:
વિહિતાનુષ્ઠાનસંયમશ્ચ મોક્ષસાધનોપાયઃ ।
અર્થાત્: ભગવાને કહેલાં અનુષ્ઠાનો કરવા અને
સંયમ પાળવું, તે મોક્ષ સાધવાનો ઉપાય છે.
અનુષ્ઠાન અસત્‌ની નિવૃત્તિ અને સત્પ્રવૃત્તિરૂપ છે.
તેનું પાલન કરવાથી આત્માનું આરાધન થાય છે.
આત્મારાધન દ્વારા આત્માકારનું સ્મરણ તે
ચતુઃશરણાગમનરૂપ છે, ચતુઃશરણ શુદ્ધાત્મ સ્વભાવનું
સ્મરણ કરાવી શુદ્ધ આત્મપ્રણિધાનમાં પરિણામ પામે છે.
શુદ્ધાત્મપ્રણિધાન મોક્ષનું અસાધારણ કારણ બનીને
પ્રાંતે મોક્ષ અપાવે છે. મોક્ષ મેળવવા સંકલ્પ કરવો કે:
શુદ્ધોપયોગ મેળવવા શુદ્ધ આત્મભાવ રૂપી પિતા અને
શુદ્ધાત્મરતિ રૂપી માતા + શીલ, સત્ય, શમ, દમ, સંતોષાદિ
બંધુઓનો આશ્રય કરું છું. પ્રીતિ, ભક્તિ અને વચનરૂપ
શુભ સંકલ્પમય ક્રિયા વડે અશુભ સંકલ્પને દૂર કરતો
મુનિ આરાધક થાય છે.

સિદ્ધયોગી રાગદ્વેષના આલમ્બનરૂપ ઉપશામક શુદ્ધ ધ્યેય.
તેને અસંગક્રિયા લક્ષ્યરૂપ છે - આલંબનરૂપ નહિ.
જ્ઞાન એટલે તત્ત્વનો અવબોધ, ધ્યાન એટલે સજાતીય
પરિણામની ધારા, તપ એટલે ઇચ્છાનિરોધનું લક્ષણ,
શીલ એટલે બ્રહ્મચર્ય - સમ્યક્ત્વ એટલે તત્ત્વશ્રદ્ધાન
અને શમ એટલે આત્મઅભેદ.

ભક્તિ એ દોષોની પ્રતિપક્ષી ભાવનાઓ છે, કેમકે જિનશાસનમાં ભક્તિ વીતરાગી નિર્ગ્રન્થ પુરુષોના ઉપદેશ છે.

વીતરાગની ભક્તિ કેવી છે ?

તે રાગ-દ્વેષ - મોહની પ્રતિપક્ષભૂત ભાવનાનો ભંડાર છે.

નિર્ગ્રન્થની ભક્તિ કેવી છે ?

તે કામ, ક્રોધ, લોભ, હિંસા, અસત્ય, અબ્રહ્માદિ દોષોની પ્રતિપક્ષભૂત ભાવનાથી ભરેલા છે. જેમ જેમ વીતરાગ દેવ અને નિર્ગ્રન્થ ગુરુઓની સેવા, પૂજા, ભક્તિ, સ્તુતિ, સ્તોત્ર, સ્મરણ અને ધ્યાન વગેરે વધતાં જાય, તેમ તેમ રાગાદિ દોષોના પ્રતિપક્ષભૂત જ્ઞાન - દર્શન અને ચારિત્રાદિ ગુણોનું બહુમાન વધતું જાય અને તે દ્વારા રાગાદિ દોષો અને ક્રોધાદિ કષાયો નિર્બળ થતાં થતાં અનુક્રમે પાતળાં પડતાં જાય, એ નિશ્ચિત છે.

વીતરાગ પરમાત્મા વૈરાગ્યાદિ ગુણોના ભંડાર છે અને
નિર્ગ્રન્થ મહાત્માઓ ક્ષમાદિ ગુણોના ભંડાર છે. તેઓની
ભક્તિ દ્વારા થતું બહુમાન રાગાદિ દોષોનો હ્રાસ કરે છે
અને ક્ષમા આદિ ગુણોની અવશ્ય વૃદ્ધિ કરે છે.

જિનવચન પ્રત્યે આદરભાવનો અર્થ છે...
મુક્તિ - મુક્તિમાર્ગ - મુક્તિમાર્ગ પ્રસ્થિત પ્રત્યે આદરભાવ.
આશ્રવની હેયતા અને સંવરની ઉપાદેયતાનો અર્થ છે...
મોક્ષ, મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગની ઉપાદેયતા.
એનું જ બીજું નામ છે પંચ પરમેષ્ઠિ નમસ્કાર.

પરિણામવિશુદ્ધિનો હેતુ = પરમેષ્ઠિ પ્રત્યે નમસ્કારભાવ.
પરિણામની અશુદ્ધિસૂચક = નમસ્કારભાવ ન હોવો તે.
પરિણામની અશુદ્ધિ = ઈર્ષ્યા, અસૂયા, દ્વેષ, અમર્ષાદિ ભાવો.
પરિણામની વિશુદ્ધિ = મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ્યાદિ.
પરમેષ્ઠિ નમસ્કાર એ મૈત્ર્યાદિ ભાવપોષક છે અને
અનમસ્કાર એ ઈર્ષ્યાદિ ભાવપોષક છે, તેથી
પ્રયત્નપૂર્વક નમસ્કારભાવ કેળવવામાં જ
આત્મહિત છૂપાયેલું છે અને અહિતથી રક્ષણ છે.

આપણી બારાખડીના સ્વર એટલે શુદ્ધાત્મા,
અર્ધસ્વર એટલે અંતરાત્મા, વ્યંજન એટલે બહિરાત્મા.

## પરિણામવિશુદ્ધિનો હેતુ છે...

કર્મની દુઃખદાયકતા અને ધર્મની સુખદાયકતાનો વિચાર.

નમસ્કારમાં ધર્મની સુખદાયકતા - કર્મની સુખદાયકતાનો વિચાર અનુસ્યૂત હોવાથી પરિણામ વિશુદ્ધિજનક છે.

પરિણામની વિશુદ્ધિથી મિથ્યાત્વ, નિર્વિવેકિતા અને અવસ્તુ પ્રત્યેની આરૂચિતા તથા ઉપદ્રવોનો અંત આવે છે.

નમસ્કારભાવ વિનાનો ધર્મ એ નામમાત્રનો ધર્મ છે.

આત્મહિતકારી ધર્મનો પ્રારંભ નમસ્કારભાવથી થાય છે.

ચાર ભાવનાઓથી ભરેલા પાંચ પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવાથી અઢાર પાપનો નાશ થાય છે અને most Important નવ પ્રકારના પુણ્યની પ્રાપ્તિ થાય છે.

પુણ્યની વૃદ્ધિ તથા પાપકર્મ વડે તથાભવ્યત્વભાવનો પરિપાક થાય છે અને સહજમલનો હ્રાસ થાય છે, તેથી ભાવ ભલે નિમિત્તે થતાં અહિતથી બચી હિત સધાય અને તેમના અહિતમાં નિમિત્ત બનતાં બચી જવાય છે, ઉપરાંત તેમના હિતમાં નિમિત્ત બનાય છે, તેથી અષ્ટકર્મનો ક્ષય અને નવ ચતુષ્કની પ્રાપ્તિ થાય છે.

સહવું તે જ્ઞાન, તે જ તપ - જપ અને પૂજન,
કોઈક સહવામાં પ્રભુઆજ્ઞાનું બહુમાન છે.

## પરમેષ્ઠિ નમસ્કારનું માહાત્મ્ય

અંતષ્ઠિતા અથવા તો અંતરાત્મતા દ્વારા બહિષ્ઠિતા કે બહિરાત્મતાનો ત્યાગ થાય છે અને પરમેષ્ઠિતા કે પરમાત્મતાનો સ્વીકાર થાય છે.

પરમેષ્ઠિ નમસ્કાર એ અંતરાત્મતા હોવાથી તે બહિરાત્મભાવનાં ત્યાગમાં - પરમાત્મભાવનાં સ્વીકારમાં પરિણમે છે. પરમેષ્ઠિ નમસ્કાર એ મધ્યસ્થ પરિણતિરૂપ હોવાથી અયોગ્ય પ્રત્યેની મમત્વબુદ્ધિ છોડાવે છે અને યોગ્ય પ્રત્યે આદરભાવ હોવાથી સમત્વબુદ્ધિ વિકસાવે છે. પરમેષ્ઠિ નમસ્કાર કથંચિત મનોગુપ્તિરૂપ છે, કેમકે એ આર્તરૌદ્રનો ત્યાગ અને ધર્મશુક્લનો આદર કરાવે છે.

નમસ્કાર એ ન્યાયબુદ્ધિ રૂપ છે.

તે હેય પ્રત્યે આદરબુદ્ધિને છોડાવે છે, ઉપાદેય પ્રત્યે આદરબુદ્ધિ ઉત્પન્ન કરે છે. આત્માને અહિતકારી તત્ત્વો પ્રત્યે મમત્વનો ત્યાગ કરાવે છે અને આત્મહિતકારી તત્ત્વો પ્રત્યે મમત્વને જગાડે છે, હિતકર પ્રત્યે ઉપેક્ષા છોડાવે છે અને અહિતકરની અપેક્ષા મૂળથી મટાડે છે, હિતાહિતનો વિવેક કરાવી જ્ઞાનને સમ્યગ્ બનાવે છે. સમ્યગ્જ્ઞાન અને ન્યાયબુદ્ધિ પરસ્પર પર્યાયવાચી છે.

## 'ચૌદ પૂરવનો સાર નવકાર'નો અર્થ

પરમેષ્ઠિ ભગવંતોના બહુમાનવાળો આત્મા, બહુમાન વડે કથંચિત્ અભિન્નભાવને પામેલો નિજ આત્મા એ ચૌદ પૂરવનો સાર છે અને ચૌદે પૂર્વ તેને પ્રશંસે છે, જેના હૃદયમાં પંચ પરમેષ્ઠિઓનું બહુમાન રહેલું છે.

ચૌદ પૂરવનો = દ્વાદશાંગનો. દ્વાદશાંગનો = ત્રણે લોકનો સાર.

ત્રણ જગત પરમેષ્ઠિ બહુમાનવાળા આત્માની ટેક છે.

બહુમાનની ભૂમિકામાં જ ત્રણ જગતનું રાજ છે,

એટલે તે રાજનો સ્વામી આત્મા

એજ ત્રણ જગતનો પરમાર્થથી સ્વામી છે.

ૐ સ્વીકરણે રક્ષણે ચ । અર્હ પૂજાયાં સત્કરણે ચ ।

સત્યપૂતાં - શાસ્ત્રપૂતામપિ વદેત્ ।

અમોઘં દેવદર્શનં । અમોઘં સંતસેવનં ।

સત્ય અને શાસ્ત્ર સમાર્થક છે. શાસ્ત્ર કહે, તે સત્ય અને સત્યને કહે, તે શાસ્ત્ર - બંને એક જ છે.

જેમ ચક્રથી ચક્રી અને રાજ્યથી રાજા, તેમ 'મેરૂ' શબ્દથી આર્હન્ત્ય કહેવાય છે.

આર્હન્ત્ય એ મોક્ષરૂપી વૃક્ષના બીજરૂપ છે.

અરિહંતો અંકુરરૂપ - બાકી બધા શાખાપ્રશાખા સ્થાને છે.

આર્હન્ત્યરૂપી મંત્રરાજનું સ્મરણ કરતાં ભગવાનનું તેજ પ્રાપ્ત થાય છે. સ્તુતિ કરવા યોગ્ય ગુણોથી પરિપૂર્ણ ભગવાનની સ્તુતિ પછી પણ ઋદ્ધિનાં સ્થાન જ છે.

'નરમેરૂ' શબ્દ માનવદેહના આત્માનો વાચક છે અને

'સુરિમેરૂ' એ અરિહંતપણાંનો વાચક છે.

નવકાર એ Constitutionaly Correct છે.

નવકાર એ Politically perfect છે.

નવકાર એ Economically efficient છે.

નવકાર એ Spiritually supreme છે.

(૧) ઇચ્છા એ વિકૃતિ (૨) ઇચ્છાની શાંતિ એ પ્રકૃતિ

અને (3) નમસ્કૃતિ એ સંસ્કૃતિ છે.

દ્વાદશાંગ શ્રુતજ્ઞાનનું મૂળ અરિહંત,

ફૂલ સિદ્ધ, સંક્ષેપ ધર્મ અને સાર નવકાર છે.

નવકારનું મૂળ અરિહંત, ફૂલ સિદ્ધ, ફળ રત્નત્રયી,

સ્વરૂપ પ્રીતિ - ભક્તિ - ફળ વચન - અસંગ છે.

મૂળ તીર્થ - તીર્થપતિ, ફૂલ નિર્વાણ - મોક્ષસુખ.

જે અલ્પ છે, તે સુખ નહિ. જે વિશાળ છે, વ્યાપક છે, ભૂમા છે, તે સુખ છે. વ્યાપકતાનો અનુભવ એટલે સ્વયંથી અલગ બીજું કાંઈ છે જ નહિ, એવી અનુભૂતિ.

નમસ્કાર વડે ગુરૂત્વાકર્ષણના ક્ષેત્રમાં આવવાનું થાય છે.
ગુરૂમાં ગૌરવ છે, ગરિમા છે, ગુરૂત્વ છે.
જ્યાં ગુરૂત્વ હોય, ત્યાં ગુરૂત્વાકર્ષણ રહેવાનું જ.
નમસ્કાર મંત્ર વડે ગર્હણીયમાં ગર્હાબુદ્ધિ,
અનુમોદનીયમાં અનુમોદનાની બુદ્ધિ અને
પૂજનીયમાં પૂજ્યતાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે.
પ્રશંસનીય પૂજ્યતત્ત્વ પ્રત્યે માધ્યસ્થ્ય નિંદનીય છે.
ગર્હણીય પ્રત્યે અનુમોદનીયતા નિંદનીય છે,
અનુમોદનીય પ્રત્યે ગર્હણીયતા નિંદનીય છે અને
એક પ્રતિપક્ષભાવ પ્રશંસનીય છે.

અનાદિ ભવભ્રમણનું મૂળ ભવ, ભવમાર્ગ અને તેમાં સ્થિત પ્રત્યે સત્કારિતા છે તથા મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ સ્થિત પ્રત્યે અસત્કારિતા છે, જે નમસ્કાર વડે દૂર થાય છે. આઠ મંગળ વડે આઠ કર્મોનો જય, પાંચ પરમેષ્ઠિ દ્વારા પાંચ વિષયોનો વિજય થાય છે. નવ ધાગા દ્વારા નવ નાગાઓનો વિજય થાય છે.

પાપના નિષેધ માટે, સુકૃતના અનુમોદન માટે અને
આત્માની ઉર્ધ્વગતિ પામવા માટે
આ નમસ્કાર મહામંત્રનું સેવન અનિવાર્ય જ છે.

ષડ્ આવશ્યકમાં નવકાર વડે શ્રુતબોધ થાય છે અર્થાત્
નવકાર વડે જ્ઞાન, લોગસ્સ વડે ધ્યાન અર્થાત્
ચતુર્વિંશતિ સ્તવ વડે પરમાત્માનું ધ્યાન થાય છે,
પ્રતિક્રમણ વડે શોકનું નિવારણ થાય છે,
પચ્ચક્ખાણ વડે ભયનું નિવારણ થાય છે,
સામાયિક વડે રતિ - અરતિનું નિવારણ થાય છે તથા
કાયોત્સર્ગથી જુગુપ્સામોહનીય - વેદમોહનીય જીતાય છે.

સ્મૃતેન યેન પાપીઽપિ જન્તુઃ સ્યાન્નિયતં સુરઃ ।
પરમેષ્ઠિનમસ્કારં મન્ત્રં તં સ્મર માનસે ॥૧॥ અર્થાત્ઃ
જેને યાદ કરવા માત્રથી જીવ નક્કી દેવ બને છે,
તે નવકાર મંત્રનું મનમાં સ્મરણ કર.

શાસન એટલે દ્વાદશાંગી, તેનો સાર નવકાર, સંક્ષેપ
સામાયિક સૂત્ર, સંગ્રહ ચૂલિકા અને મૂળ ત્રિપદી છે.
દ્વાદશાંગીનું મૂળ એ ત્રિપદી છે,
ફળ સમતા સામાયિક છે, સાર નવકાર છે અને
સંગ્રહ ચૂલિકાત્મક છે.

ધર્મનો હેતુ નમસ્કૃતિ, સ્વરૂપ મનોગુપ્તિ, અનંતર ફળ
સમાપત્તિ, પરંપર ફળ મુક્તિ, અનંતર હેતુ નમસ્કૃતિ
અને પરંપર હેતુ ચૂર્ણિ - અભિવ્યક્તિ છે.

## વિજયવંત જિનશાસનનો મહિમા

તીર્થંકરો ઉપદેશ વડે શાંતિથી મોક્ષમાર્ગને સમજાવે છે,
જેઓ તે ગ્રહણ કરે છે, તેઓ સિદ્ધિનાં સુખ પામે છે,
જેઓ શાંતિ વડે ગ્રહણ કરતાં નથી, તેઓને
ચક્રવર્તી પ્રભુતિક્રાંતિ દ્વારા તે જ માર્ગ સમજાવે છે.
સર્વજ્ઞ જિનશાસન જ વિજયવંત છે.
શાંતિથી કે ક્રાંતિથી -
તેને ગ્રહણ કર્યા વિના કોઈનો પણ છૂટકો હતો નહિ.

## મનુષ્યભવ રૂપી નગરી

૮૪ લાખ યોનિરૂપી ચૌટામાં ફરી ફરીને મનુષ્યભવ રૂપી મહાનગરીમાં જૈનશાસનરૂપી બજારમાં, સુવિહિત સદ્ગુરૂની દુકાને, સાચા રત્નોનો વેપાર કરતાં આવડે, તો નફો જ મળે, નુકસાન થાય જ નહિ અને ગુણરત્નોના ભંડાર ભરાય. ક્ષયોપશમભાવ = ગુણરત્નો. ક્ષાયિકભાવનાં લક્ષ્યપૂર્વક ઔદયિક ભાવોને નબળા પાડવા ઉત્તમ ધર્મક્રિયાઓ વડે આત્મા - પરમાત્માના અભેદભાવમાં રમવાનું થાય, તો આ ભવ - ભવોભવનું સરવૈયું નફાવાળું બને, સંપૂર્ણ ક્ષાયિકભાવનાં ગુણ-રત્નોનો લાભ થાય, અનંતકાળ અનંત આનંદમાં રહેવાય.

## ૐકારનું સ્વરૂપ

આત્મતત્ત્વ એ નિરામ શુદ્ધ તત્ત્વ છે.

આત્મતત્ત્વનું શુદ્ધ સ્વરૂપ - પરમાત્મતત્ત્વ છે.

તે નિર્ગુણ ઉપાધિરહિત શુદ્ધ આત્મા છે.

(૧) અકાર = આત્મતત્ત્વ + સમષ્ટિ કારણજગત છે
તથા વ્યષ્ટિ એ કારણશરીર છે.

સમષ્ટિ કારણજગતના અધિષ્ઠાતા ઈશ્વર (ઉપાસ્ય) છે,
વ્યષ્ટિ કારણશરીરનો અભિમાની પ્રાજ્ઞ (ઉપાસક) છે.
(આત્મતત્ત્વનું શબલ સ્વરૂપ છે.)

(૨) ઉકાર = આત્મતત્ત્વ + સમષ્ટિ એ સૂક્ષ્મજગત છે
તથા વ્યષ્ટિ એ સૂક્ષ્મશરીર છે.

સમષ્ટિ સૂક્ષ્મજગતના અધિષ્ઠાતા હિરણ્યગર્ભ (ઉપાસ્ય)
તથા વ્યષ્ટિ સૂક્ષ્મશરીરના અભિમાની તૈજસ (ઉપાસક).
(આત્મતત્ત્વનું શબલ સ્વરૂપ છે.)

(3) મકાર = આત્મતત્ત્વ + સમષ્ટિ એ સ્થૂલજગત છે
તથા વ્યષ્ટિ એ સ્થૂલશરીર છે.

સમષ્ટિ એ સ્થૂલજગતના અધિષ્ઠાતા વિરાટ (ઉપાસ્ય),
વ્યષ્ટિ એ સ્થૂલશરીરના અભિમાની વિશ્વ (ઉપાસક).
(આત્મતત્ત્વનું શબલ સ્વરૂપ છે.)

## 'ૐ અર્હં નમઃ !' મંત્રમાં...

(૧) ૐ = Cosmic Kingdom.

(૨) અર્હં = Cosmic Ruler.

(૩) નમઃ = Cosmic Secret.

(૧) નમો = Art of life (૬૮).

(૨) અર્હં = Science of life (૯૬).

(૧) નમો = સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન.

(૨) અર્હં = સમ્યક્ચારિત્ર - સમ્યક્તપ.

નમો = Art of life & Key to Cosmic Secret.

અર્હં = Science of life, Cosmic Secret itself.

Without Him (અક્ષર),

I (ઉદ્ગમ) remain unmanifest.

Without me, He escists not.

અક્ષર એ જ મારો આત્મા.

અક્ષર વગર મારું - મારા વગર અક્ષરનું અસ્તિત્વ નહિ.

નમસ્કારનો પ્રત્યેક અક્ષર એ મારો આત્મા જ છે.

આ આત્મા અક્ષર ત્રિવિધ માત્રાઓવાળો ઓંકાર છે.

પાદ એ માત્રા છે અને માત્રા એ પાદ છે.

તે માત્રાઓ અનુક્રમે આકાર, ઉકાર અને મકાર છે.

ॐकारना चार पाद कह्यां छे:

अ, उ, म अने चोथो पाद मात्रारहित विराम छे.
विराम एटले ॐकारगुंजनात अने ॐकारशरीरथी पर
केवल शुद्ध परमात्मतत्त्व ते शान्त, शिव तथा अद्वैत छे.

अदृष्टमव्यवहार्यमग्राह्यमलक्षणमचिन्त्यमव्यपदेश्यमे-
कात्मप्रत्ययसारं प्रपञ्चोपशमं शान्तं शिवमद्वैतं
चतुर्थं मन्यन्ते स आत्मा स विज्ञेयः ।

0 मांगल्यं पावनं धर्म्यं सर्वकामप्रसाधनम् ।
ॐकारः परमं ब्रह्म सर्वमन्त्रेषु नायकम् ॥

0 अमात्रश्चतुर्थोऽव्यवहार्यः प्रपञ्चोपशमः शिवोऽद्वैत
एवमोंकार आत्मैव संविशत्यात्मनाऽऽत्मानं
य एवं वेद य एवं वेद । - माण्डूक्योपनिषत्

0 प्रकर्षेण नूयते स्तूयतेऽनेनेति नौति,
स्तौति इति वा प्रणव ओंकारः ।
अवतीति, अनुकृतिर्वा इत्योम् ।
एतदेतत् अक्षरं, एतदमृतमभयं तत्प्रविश्य
देवा अमृता अभया अभवन् । ब्रह्मैवाऽऽप्नोति ।
सोऽयमात्माध्यक्षरमोंकारोऽधिमात्रं पादा मात्रा ।
मात्राश्च पादा अकारो उकारो मकार इति ।

(परिशिष्ट-४)

‘ॐ अर्हं नमः।’માં ‘અર્હં’ એટલે યોગ્ય - લાયક.

જેઓએ પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત થયેલાં છે,

તે સર્વે અર્હન્ત છે, તેને નમસ્કાર કરું છું.

‘અર્હં’ એટલે જેઓ સંપૂર્ણ રીતે લાયક છે,

જેનાથી આગળ લાયકાત જેવું કાંઈ છે જ નહિ,

તેવું આત્માનું શુદ્ધ સ્વરૂપ, તેને નમું છું.

ગીતા - ૮/૧૩માં કહ્યું છે કે:

ॐ मित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमांगतिम् ॥ અર્થાત્:

ॐ એ એક અક્ષરસ્વરૂપ બ્રહ્મનો ઉચ્ચાર કરતો, મારૂં સ્મરણ કરતો જે દેહને છોડતો જાય, તે પરમગતિ પામે.

ॐ मित्येदक्षरं परमात्मनोऽभिधानकं नेदिष्टम्,
तस्मिन् हि प्रयुज्यमाने स
प्रसीदति प्रियनामग्रहण इव लोकः । અર્થાત્:

ॐ એ ભગવાનને કહેવાનો અત્યંત નજીકનો અક્ષર છે, તે બોલવાથી પ્રિય વ્યક્તિનું નામ લેતાં સમસ્ત લોક જેમ પ્રસન્ન થાય છે, તેમ ભગવાન પ્રસન્ન થાય છે.

o

Metaphysics એટલે દ્રવ્યાનુયોગ અને
Ethics એટલે આચાર શાસ્ત્ર.

અર્હની આરાધના માટે પ્રથમ અંતર્મુખ થવું જોઈએ.
આત્માનું શુદ્ધ સહજાનંદ સ્વરૂપ પામવા માટે અહંનો
ત્યાગ કરી અંતર્મુખ બની ધ્યાનયોગ સિદ્ધ કરવો જોઈએ,
તદુપરાંત અહંમાંથી અર્હમાં અને સ્વાર્થમાંથી સર્વાર્થમાં
જવાની પ્રક્રિયા સાધવી જોઈએ.

રત્નત્રય અને ધ્યાન વડે ચેતનાને જાગૃત કરીને
અડગ ઊભા રહેવાની શક્તિ પ્રાપ્ત કરી શકાય છે.

## મંત્રશક્તિ

તન્યતે વિસ્તાર્યતે જ્ઞાનમનેનેતિ તંત્રમ્ । અર્થાત્:
જ્ઞાન જેના વડે વિસ્તારાય, તે તંત્ર.
તેના બે વિશિષ્ટ અંગ છે: યંત્ર અને મંત્ર.

### યંત્ર અને મંત્ર એટલે...

યમ - સંયમ, નિયંત્રણ યા વિસ્તૃત શક્તિનું કેન્દ્રીકરણ,
'મંત્ર' શબ્દ મન્ ધાતુ અને ત્રૈધાતુના યોગથી બન્યો છે.
મનનાત્ ત્રાયતે યસ્માત્ તસ્માન્મંત્ર ઉદાહૃત: । અર્થાત્:
મનન કરનારની રક્ષા કરે છે, માટે 'મંત્ર' કહેવાય છે.
જેના મનન, ચિન્તન, ધ્યાન દ્વારા દુ:ખની નિવૃત્તિ થઈ
પરમાનંદની પ્રાપ્તિ થાય, તેનું નામ મંત્ર છે.
મંત્રના ત્રણ પ્રકાર છે: વૈદિક, પૌરાણિક અને તાંત્રિક.

મંત્રના ત્રણે પ્રકારોમાં ત્રણ તત્ત્વ નિહિત છે:

(૧) પ્રણવ = સંબોધન.

વ્યાહૃતિ, પરમતત્ત્વની નિકટ આવવું.

(૨) બીજ = વિશિષ્ટા.

પરમતત્ત્વનું દર્શન કરવું અથવા ઉપલબ્ધ કરવું.

(3) દેવતા = દ્રાવણ.

પીંડના સર્વ તત્ત્વોને તદ્રાવણ પરિભાવિત કરવા.

પ્રણવના અ + ઉ + મ = શક્તિતત્ત્વના દ્યોતક છે,
અર્ધમાત્રા એ શાંત શિવં અદ્વૈતં - શક્તિમાનની દ્યોતક છે.

અર્ધેન એકાંશેન મીયન્તે પરિચ્છિદ્યન્તે
અનયા ઇતિ અર્ધમાત્રા । એકાંશમાં જડતત્ત્વ સમાઈ છે,
પરિમિત અથવા નિવર્તિત છે. એકાંશેન સ્થિતો જગત્ ।
તે પૂર્ણ - અખંડ તત્ત્વ અર્ધમાત્રાનું સ્વરૂપ છે.
વિશ્વમય અને વિશ્વાતીત તત્ત્વ પ્રણવમાં નિહિત છે.

પ્રણવના અકાર, ઉકાર અને મકાર દ્વારા સ્થૂલ, સૂક્ષ્મ અને કારણોના તત્ત્વને ભેદીને ગુણાતીત, અખંડ, અદૃશ્ય તત્ પદાર્થની નિકટ જવાનો અવસર મળે છે.
મંત્ર - મંત્રદાતા ગુરુ અને મંત્રગ્રહીતા સાધકની શક્તિ એકત્ર મળીને મંત્રસિદ્ધિની પૂર્ણતાનું સંપાદન કરે છે.

## મંત્રચૈતન્ય એટલે...

**મંત્રનો અર્થ અને મંત્રદેવતાની અનુભૂતિનું એકીકરણ.**

મંત્રાર્થં મંત્રચૈતન્યં યો ન જાનાતિ સાધકઃ ।
શતલક્ષપ્રજપ્તોઽપિ તસ્ય મંત્રો ન સિદ્ધ્યતિ ॥

0 સપ્તકોટિમહામંત્રાશ્ચિત્તવિભ્રમકારકાઃ ।
એક એવ પરો મંત્રો 'રામ' ઇત્યક્ષરદ્વયમ્ ॥ (પરિશિષ્ટ-૫)

પિંડમંત્ર એકાક્ષર: ૐ હ્રીં નમઃ । ૐ ઐં નમઃ ।
દ્વયાક્ષરી: ૐ હ્રીં શ્રીં નમઃ । ત્ર્યક્ષરી: ૐ હ્રીં હૂં હૈં નમઃ ।

### મંત્રના પાંચ અવાન્તર ભેદ

(૧) પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ.
(૨) સિદ્ધ, સાધ્ય, સુસિદ્ધ, અરિમંત્ર.
(3) પિંડ, કર્તરી, બીજ અને માલામંત્ર.
(૪) સાત્ત્વિક, રાજસ અને તામસમંત્ર.
(૫) શાબર અને ડામરમંત્ર.

મંત્રજપની ક્રિયા માનસિક રીતે, મધ્યરાત્રિના સમયે નદીના તટ સમીપે, પવિત્ર - નિર્જન સ્થાને, તે ઉપરાંત ગ્રહણ અથવા દિવાળી પર્વે થવા જોઈએ. મંત્રના અર્થ અને ભાવને શરીર તથા મનના સર્વ તત્ત્વોમાં સંચારિત કરવાનું કાર્ય પુરશ્ચરણાદિ કહેવાય છે.

V.V. Imp.

મંદિરો ચણાવવા અને જાતે મંદિર બની જવું,
એ બે વચ્ચે તફાવત છે. માનવશરીર એક મંદિર છે,
પગ એ સ્તંભ છે અને મસ્તક એ સુવર્ણ કળશ છે.
મનુષ્યને કહેવા કરતાં કરવું વધારે ગમે છે અને તે
કરવા કરતાં બીજાને કરી બતાવવા માટે વધુ તલસે છે.
આમ તેના પગલાં ધર્મનો વિસ્તાર કરવાને બદલે
જડતાની ઈંટો ખડકવા તરફ વળી જાય છે અને
આ જ તેનું બંધન બની રહે છે. હૃદયમાં જ રહેલાં
શિવતત્ત્વની ઉપાસના કરવાને બદલે પ્રતીકની પૂજા
કરતાં થઈ જવાય છે અને તેની સાથે પોતાની
જાત પણ પ્રભુને ગુમાવી પાષાણ જેવી બની જાય છે.
શરીર જ જ્યારે શિવનું મંદિર બની જાય છે,
ત્યારે તેનો પગ જ્યાં પડે છે, ત્યાં પવિત્રતાનો
સ્તંભ રોપાય છે અને ધરતીની ધૂળને ધન્ય કરે છે.
મસ્તકમાંથી જે વિચારો સ્ફુરે છે, તે સુવર્ણ કળશમાંથી
ઊડતાં સોનેરી કિરણોની જેમ ફેલાય છે અને
શુદ્ધ ચિત્તનો - શિવતત્ત્વનો સાક્ષાત્કાર કરાવે છે.
આવા રીતે ચાલતાં ચરણો અને ચમકતાં ચિત્ત કરતાં
વધુ પાવન શિવદર્શન કયું મંદિર કરાવશે?

આવું શરીર ઢળી પડે તો યે તેના અંદર પ્રકટેલાં શિવના ચૈતન્યસ્વરૂપને કશી જ આંચ આવતી નથી. ભક્તના નેત્રોમાં કલ્યાણનિધિ શિવનું અંજન આંજીને જગતમાં સર્વત્ર પરમ શિવને નિરખવા જેવું કોઈ પુણ્યતીર્થ નથી, મંગળ મંદિર નથી, અચળ મૂર્તિ નથી.

નિરંજન દેવની આકૃતિ કલંક વિનાના

દેવની ઉપાસના કરવી હોય, તો તે ઉપાસનાને આ જગતમાં - બ્રહ્માંડમાં વિસ્તારવી પડશે. આપણા હૃદયમાં આવા યજ્ઞભાવનાનો અંકુર પ્રકટાવવો જોઈશે.

નિરાકાર દર્શન એટલે અનુભવ દ્વારા દર્શન.

અનુભવની આંખથી દેખાય, તે ઈશ્વરદર્શન.

આંખના અનુભવથી દેખાય, તે માયા - કલ્પના - ભ્રાન્તિ.

નિરાકાર ઈશ્વર જોવે નહિ - અનુભવ કરાવે.

પરમ તત્ત્વને પામીને તેમાં વિસર્જન થવાની, આપણી મુક્તિની લગની જ ભગવાનમય હોય છે અને ભાવમય હોય છે. નિર્ગુણભક્તની તે સગુણ સાધના છે. અહીં જીવનની એકેએક ક્ષણ નવી છે. ક્ષણે ક્ષણે પરમ તત્ત્વને પામ્યાં જ કરવાનો આનંદ - નિજાનંદમય, સતત સંલગ્ન હૃદયંગમદશા જ નિર્ગુણભક્તની સગુણ આરાધના.

# શિવશક્તિ વિમર્શ

શિવ એ પ્રકાશસ્વરૂપ છે તથા શક્તિ વિમર્શરૂપ છે.
અહીંયાં અકાર શિવ - હકાર શક્તિ તથા રકાર કલા છે.

હકારરૂપ નાદ, અકારરૂપ બિંદુમાં મળીને
રકારરૂપ કલા પ્રગટ થાય છે.

અકારથી ઊકાર પર્યંત પ્રણવની બાર કલાઓ છે, તેમાં પૃથ્વીથી શિવપર્યંત સર્વ તત્ત્વોનો સમાવેશ થઈ જાય છે. અકાર સોમ - ઉકાર સૂર્ય તથા મકાર અગ્નિસ્વરૂપ છે. જે ધ્યાનથી યોગી વીતરાગ થાય, તે ધ્યાન ઉપાદેય છે.

અનેકમાં એકનો અનુભવ કરવો, તે જ જ્ઞાન.

ભેદ વિકલ્પભાવને વિકસાવે છે. જ્ઞાની પુરુષો આકારને જોતાં નથી. આકારમાંથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. સૃષ્ટિને નિર્વિકારભાવે જુએ તે જ્ઞાની. સર્વમાં એક છે, એકમાંથી અનેક થાય છે, તેથી સર્વમાં એકને નિહાળો. બ્રહ્માકારવૃત્તિ જ અજ્ઞાન + દુઃખનું નિવારણ કરી શકશે. બ્રહ્માકાર = નિરાકાર વસ્તુ એક - આકાર અનેક છે. નિયમ છે : આકારમાંથી વિકલ્પ - નિરાકારથી નિર્વિકાર.

અનેકમાંથી એકમાં પ્રવેશ કરવો,
તે નિર્વિકાર બનવાનો રાજમાર્ગ છે.

વિદ્યા અને મંત્રોમાં કામકુંભ અને કલ્પતરૂથી પણ
અધિક ફળ આપવાની શક્તિ છે.

આઠે સિદ્ધિ અને નવે નિધિ તેમાં સમાયેલી છે.

વિદ્યાને મંત્ર સ્વરૂપિણી અક્ષરાત્મિકા સમજવી, કેવળ શાબ્દાત્મિકા નહિ. વિદ્યા અને મંત્રનો પ્રભાવ અચિન્ત્ય છે.

વિદ્યા અને મંત્રનો મુખ્ય ઉદ્દેશ કર્મનિર્જરાનો છે.

સૂરિમંત્રનો ફલાદેશ પણ કર્મનિર્જરા છે.

વીતરાગના ઉપાસકોનું મુખ્ય ધ્યેય મોક્ષ છે.
મોક્ષાભિલાષી જીવો રાગાદિ દોષરહિત એવા
પરમ શ્રી જિનેશ્વર ભગવંતની જ ઉપાસના કરે છે.
ભયાપહારક, રોગોપશામક, વિજયાદિપ્રાપક અને
મનઃકામનાપ્રદાયક મંત્રોનું પણ મુખ્ય ધ્યેય
મોક્ષમાર્ગના પ્રત્યેક વિઘ્નો દૂર કરવાનું અને
અનુકૂળતા પ્રાપ્ત કરાવવાનું જ હોય છે.

o કર્મસત્તા = ઔદયિકભાવ (મનસ્કાર).
ધર્મસત્તા = ક્ષાયોપશમિકભાવ (નમસ્કાર).
પરમસત્તા = ક્ષાયિકભાવ (પુરસ્કાર).

કર્મમહાસત્તા ધર્મમહાસત્તાની અવજ્ઞાને સહી શકતી નથી,
ધર્મમહાસત્તા અહંકારભાવને બરદાસ્ત કરી શકતી નથી.

ઊંચ - નીચભાવનો લોપ અને ઘટઘટમાં રામનું દર્શન -
એ જ સર્વ સાધના અને ધર્માચરણનું ફલિત છે.
નિઃશંકપણે એને જ જગાવીને નામની ધૂણ ધખાવ.
સર્વ ભેદભાવ વિસારીને તીવ્રતાપૂર્વક ભક્તિ - પ્રેમનો
આશ્રય લે, એટલે અહીં જ વૈકુંઠનું નિર્માણ થશે.
દર્શને સિદ્ધિઃ, ચરણે તૃપ્તિઃ, શરણે મુક્તિઃ ।

## 'હ્રીં' બીજબિન્દુનું માહાત્મ્ય

ૐમાંથી અર્હમાં અને અર્હમાંથી હ્રીંમાં જવાય છે.
પંચ પરમેષ્ઠિનો સંગ્રહ અર્હમાં થઈ જાય છે અને
અર્હનો સંગ્રહ 'હ્રીં' બીજબિન્દુમાં થઈ જાય છે.
'હ્રીં' જપવાથી સાથે અભેદ નિર્મળતા ઉપજાવે છે,
પુદ્ગલથી ભેદ એ સ્થિરતા લાવે છે અને
આત્માના ગુણો સાથે ભેદાભેદ તન્મયતા નિપજાવે છે.
મૈત્રી વડે અભેદ, વૈરાગ્ય વડે ભેદ અને
ગુણ - ગુણી વચ્ચે ભેદાભેદ -
એ ત્રણ સ્થિતિનું ધ્યાન અનુક્રમે નિર્મળતા, સ્થિરતા
અને તન્મયતા ઉપજાવવા ક્રમિક કરાવે છે.
સાચો પુરુષાર્થ ભગવત્પ્રાપ્તિ અથવા ભગવત્પ્રીતિપ્રાપ્તિ
મેળવવાને માટે કરવો. તે સ્થિર છે - શાશ્વત છે.

ॐमिति ब्रह्म । ओमिति सर्वम् ।

સૂક્ષ્મ અર્થમાં શ્રીં બ્રહ્માંડનું પ્રતિનિધિત્વ ધરાવે છે.
શ્રીંનો પ્રતીકાર્થ સ્ફુરણ છે, સ્ફુરણનું સર્વોત્તમ પ્રતીક ॐ છે.
સ્ફુરણ એ આત્મ જગતનું સૂક્ષ્મતમ તત્ત્વ છે,
તેથી ઈશ્વરથી નિરંતર છે.

ઈશ્વર ગુણિતત્ત્વનું સર્વ પ્રથમ આત્મ રૂપ, તે ॐ છે.
બ્રહ્મની સાથે જે સંચરણ કરે, તે શ્રીં છે - પ્રણવ છે,
બ્રહ્મવાદીનાં આલયમાં જે સ્થિતિ શરીરની હોય છે,
તે સ્થિતિ પ્રણવના આલયમાં મંત્રની હોય છે.

ॐ એ સર્વોત્તમ - અદ્વૈત - સત્યસ્વરૂપ આત્મતત્ત્વ
અથવા ॐ એ પરબ્રહ્મ પરમાત્માનું પ્રતિનિધિત્વ કરે છે.
ॐના ૪ પાદ : જાગૃત - સ્વપ્ન - સુષુપ્તિ - તુરીયાવસ્થા.
अ = જાગૃત અવસ્થા, म = સુપ્તાવસ્થા અને उ = તે
બેની વચ્ચે રહેલી સ્વપ્નાવસ્થાને ઉપસ્થિત કરે છે.
સુપ્તાવસ્થા માનસિક શાંતિ - સુખ - એકાગ્રતા અર્પે છે.
આમાત્ર તે ત્રણે અવસ્થાઓનો અનુભવ કરવાવાળું એક
સામાન્ય તત્ત્વ છે, જે સર્વ અવસ્થામાં વર્તમાનમાં રહીને
તટસ્થ વર્તે છે. તે તટસ્થ દૃષ્ટા છે, જે પ્રત્યેક અવસ્થાથી
અપ્રભાવિત અને બધાની સામાઓથી પર રહે છે, તે
અપરિવર્તનીય સત્યસ્વરૂપ તુરીયાવસ્થા છે.

## પ્રભુનું નામ... અહો તંત્રપ્રયોગ

(૧) પ્રભુનું નામ કેવળજ્ઞાનનું આકર્ષણ છે.
(૨) પ્રભુનું નામ મોક્ષલક્ષ્મીનું વશીકરણ છે.
(૩) પ્રભુનું નામ વિષય અને કષાયનું ઉચ્ચાટન છે.
(૪) પ્રભુનું નામ અષ્ટકર્મનું વિદ્વેષણ છે.
(૫) પ્રભુનું નામ ઉન્માર્ગગામી મનનું સ્તંભન છે.
(૬) પ્રભુનું નામ આત્માનુભૂતિનું મોહન છે.

### 'ૐ અર્હં નમઃ ।' મંત્ર શું આપે ?

ૐ = રાગવિજયી મંત્ર હોઈને આરોગ્ય આપે.
અર્હં = દ્વેષવિજયી મંત્ર હોઈને બોધિ આપે.
નમઃ = મોહવિજયી મંત્ર હોઈને સમાધિ આપે.

રાગ રોગજનક છે, દ્વેષ એ અજ્ઞાન - અબોધિજનક છે અને મોહ એ અસમાધિજનક છે. તે ત્રણેનો નાશ એક 'ૐ અર્હં નમઃ ।' મંત્રથી થાય છે. (૧) મનોજયથી શાન્તતા (૨) ઇંદ્રિયજયથી દાન્તતા (૩) કષાયજયથી ક્ષાન્તતા.

વિહિત અનુષ્ઠાનનું પ્રણિધાન સત્પ્રવૃત્તિ અને અસત્નિવૃત્તિ દ્વારા પરમાત્મપ્રણિધાનમાં પરિણમે છે.
પરમાત્મપ્રણિધાન આત્મપ્રણિધાનમાં અને
આત્મપ્રણિધાન મોહનાશમાં પરિણમે છે.

આત્મપ્રતિબંધકનું પરિજ્ઞાન મોહનાશમાં આવે છે,
તે ક્રિયાને જ વિહિત - સુવિહિત સત્ક્રિયા કહેલી છે.

## શેનાથી ઉત્તરોત્તર અધિક ફળ મળે ?

(૧) કાયા વડે પૂજા થાય (૨) વચન વડે સ્તોત્ર થાય
(૩) મન વડે જાપ થાય (૪) બુદ્ધિ વડે ધ્યાન થાય
(૫) ચિત્ત અને અહંકાર વડે લય થાય છે, તેથી
તે સર્વે ઉત્તરોત્તર અધિક ફળ આપનાર થાય છે.

## અનુગ્રહ અને નિગ્રહ

ભગવદનુગ્રહ એ કાર્ય અને સાક્ષાત્કાર એ કારણ છે,
એ કારણે જ ભગવાન યોગ - ક્ષેમંકર ગણાય છે.
અનુગ્રહ યત્નસાધ્ય છે, નિગ્રહ સ્વાભાવિક છે.
અનુગ્રહ સાક્ષાત્કારથી સાધ્ય - નિગ્રહ સ્વયમેવ થાય.
સાચો વિરાગી દેવ - ગુરુનો મહારાગી હોય અને
દેવ - ગુરુનો રાગી એ સ્વયં મહાવિરાગી હોય.
દેવ - ગુરુની રતિ જ વિષયોની રતિ નિવારી શકે.
જેઓને નમસ્કાર કરવાથી અગણિત પાપરાશિઓ,
પાપવાસનાઓ, વિષયોનો ગૂઢ રાગ અને કષાયોનો
મહાદાવાનળ શાન્ત થતો હોય, તે નિર્વાસન તથા નિરંજન
દેવ-ગુરુ કરતાં મોટા હિતચિન્તક બીજા કોણ ગણાય?

અનંતકાળના દારિદ્ર્યને દફનાવી દેનાર દેવ-ગુરુ ઉપર
વિભૂતિને મહારતિ ઉત્પન્ન કેમ ન થાય?

જગતના ખરા સ્નેહી દેવ-ગુરુ છે, તેમના પર સર્વાધિક સુદૃઢ સ્નેહ ન થાય, તેનામાં સાચા-ખોટાનું મૂલ્યાંકન કરવાની શક્તિ જ નથી આવી, એમ સમજવું જોઈએ.

બધા વિષયોમાં પ્રધાન વિષય પંચ પરમેષ્ઠિ છે, તેઓ જ પરમ હિતૈષી છે, તેમનું નામ એ જ પરમનિધાન છે.

'ૐ અર્હં નમઃ ।' મંત્રથી કર્મના નિયમનો સ્વીકાર તથા ધર્મના નિયમનું બહુમાન થવું હોવાથી આર્તરૌદ્ર ધ્યાન શમી જાય અને ધર્મશુક્લ ધ્યાનની ઉત્પત્તિ થાય છે.

આર્તધ્યાનનો પ્રતિપક્ષી વિચાર = સુખ-દુઃખ કર્માધીન છે અને ધર્મ-શુક્લધ્યાનનો ઉત્કૃષ્ટ વિચાર છે કે:

'સર્વ જીવો સત્તાથી સિદ્ધ સમાન છે.'

'નમઃ' એ વિનય-જ્ઞાન-ચારિત્ર-તપ તથા વીર્યનું બીજ છે, કેમકે તે પાંચે આચારો વિનયમૂલક છે.

શાંતિકરં સ્તોત્રમાં સૂરિમંત્રનો આમ્નાય છે. તેના પ્રભાવે શાંતિ, ઋદ્ધિ, કીર્તિ, ધૃતિ તથા મતિ પ્રાપ્ત થાય છે.

No man is independant, all are interrelated & interdependent.

## દિવાળીએ વહેપારી સરવૈયું કાઢે છે.

નફા - નુકસાનનો હિસાબ કાઢી નવા વર્ષે નફો જ થાય,
તેવી યોજનાઓ ઘડશે, નવા વર્ષે શુભ મનોરથો કરશે.

## આત્મા પણ વહેપારી છે.

મનુષ્ય ભવરૂપી નગરમાં રત્નોની કમાણી કરવા આવ્યો છે.
અનાદિકાળનું દરિદ્રપણું ટળી જાય અને
સંપૂર્ણ આત્મલક્ષ્મી પ્રાપ્ત કરી શકાય, તેવી સામગ્રી આ
ભવમાં મળી છે. ગુણરત્નને રત્ન તરીકે ઓળખી સાચા
રત્નના વહેપારમાં આળસ - પ્રમાદ ટાળી, આરાધનામાં
સતત ઉદ્યમવંત રહી ગુણરત્નો મેળવવા તથા વધારવા,
એજ આત્માર્થી જીવોનું સર્વોત્તમ કર્તવ્ય છે.
ભવથી છૂટવાની અને આત્મસમૃદ્ધિને પ્રગટ કરવાની
તકને જવા દેવા નહિ, અપ્રશસ્ત ભાવમાંથી નીકળીને,
પ્રશસ્ત ભાવમાં રહી, વિશુદ્ધ ભાવની તીવ્ર તાલાવેલી
હૃદયમાં ધરાવીને અરિહંત દેવની આજ્ઞા પ્રમાણે અને
સદ્ગુરુની ઉપાસનાપૂર્વક ઉત્તમ શ્રાવકજીવન અથવા
નિર્મળ ચારિત્રમય સાધુજીવન જીવવા માટે
દ્રવ્ય અને ભાવથી જે વહેપારી તૈયારી કરે,
તેના જીવનના સરવૈયામાં લાભ જ રહે.

## આખા ભવનું સરવૈયું નફાવાળું કરવા શું કરવું?

આરંભ-સમારંભ ઘટાડી, જિનપૂજા, તીર્થયાત્રા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધાદિ કરતા રહેવું, એમ આગળ વધી આત્મતત્ત્વને ઊંડાણથી સમજી ધર્મધ્યાનમાં લીન થવા માટે પુરુષાર્થ કરવો. ભવસુખની રુચિ ઘટાડી, મોક્ષસુખની રુચિ જગાડી, મોક્ષમાર્ગમાં આગળ વધવા આત્મપુરુષાર્થ કરવો.

જે સાધક આત્મપુરુષાર્થ વધારે, તેનું વર્ષનું અને આખા ભવનું સરવૈયું નફાવાળું થાય, આત્માનો ખરો આનંદ અનુભવાય અને તે તત્ત્વરુચિ, તત્ત્વબોધ, તત્ત્વરમણ અને આત્મધ્યાનના આદરવાળો થાય.

તેના ફળરૂપે સ્વસ્વરૂપનો ક્ષાયિકભાવે ભોક્તા થાય.

તેનો સરળ ઉપાય નવકારનો જાપ-નવપદ ધ્યાન છે.

અહં-મમની બુદ્ધિ બાહ્ય વસ્તુઓમાં આત્મીયતાની બુદ્ધિ પેદા કરી અભેદ સંબંધ કરાવે છે અને આત્માથી ભેદ કરાવે છે, તેથી આત્મા-પરમાત્માના સંબંધમાં અંતરાય ઊભો થાય છે, મિથ્યાત્વને ઉત્તેજિત કરે છે અને ચિત્તની અશુદ્ધિ નિપજાવે છે.

નમસ્કારભાવ વસ્તુમાં અહં-મમબુદ્ધિ મિટાવી આત્મામાં આત્મબુદ્ધિ પેદા કરે છે, તેથી મિથ્યાત્વનો નાશ પામે છે.

## ઉપાસના અને સાધના

નવકારના જાપ અને નવપદના ધ્યાનથી
ચિત્તની મલિનતા જાય છે અને જે
ચિત્તવિશુદ્ધિ જગાડી આત્મામાં પ્રસન્નતા પેદા કરે છે.
સત્કર્મ કરીને તેના ફળની ઇચ્છા રાખનારી
ગંગાના નિર્મળ નીરમાં સ્નાન કરીને
તે પછી ય જાણે કાદવ મેળવવાની ઇચ્છા રાખે છે.
ઉપાસનામાં ઉપાસ્યનું સતત આલંબન છે,
સાધનામાં સાધ્યનું પણ વિસ્મરણ છે.
ઉપાસનામાં ઉપાસકની હાજરી જરૂરી છે,
સાધનામાં સાધક સ્વયં ખોવાઈ જાય છે તથા
હાજર છતાં ગેરહાજર બની રહે છે. સાધના તેની ચરમ
સીમાએ પહોંચતાં સાધકને સ્વયં સિદ્ધ બનાવી દે છે.

ઉપાસના સમયે ઉપાસકના હૃદયમાં
એવો અનુભવ થવો જોઈએ કે:
'હું પ્રભુની સન્મુખ ઉપસ્થિત થયો છું,' એવો અનુભવ
થવાથી પ્રભુથી નિઃસૃત દૈવી સંપદા પોતાના આત્મામાં
પ્રવેશ થતી અનુભવાશે. જેમ સૂર્યની સન્મુખ બેસવાથી
સૂર્યમાંથી નીકળતાં કિરણો શરીરમાં પ્રવેશ કરે છે, તેમ

બ્રહ્માનુભવ થવાથી બ્રહ્મમાંથી નીકળતાં દૈવી સદ્ગુણો
જેવા કે : શમ, સંતોષ, ક્ષમા, દયા, સત્ય, સરળતા,
ધૈર્ય, શ્રદ્ધા, પ્રેમ, જ્ઞાન, વિવેક અને ભક્તિ -
પવિત્રતા આત્મામાં પ્રવેશ થતાં અનુભવાશે.

સતત ઉપાસના કરવાથી
જીવાત્મા સબળ અને પુણ્યથી પુષ્ટ થતો અનુભવાય છે.

ધ્યાન કરવા પાછળનો એ હેતુ છે કે :
મૌન દ્વારા ભીતરની શાંતિ સાથે ઐક્ય સાધવું.

ધ્યાન દ્વારા વ્યક્તિ શારીરિક અસ્તિત્વ અને તેમાંથી પેદા થતી દુન્યવી ગડમથલોને ભૂલી આત્મસ્વરૂપ બની રહે છે. આમ - જ કરતાં વિચારો તરફ સાક્ષીભાવની ઉદાસીનતા કેળવવી એ વિચારોને નિર્બળ બનાવવાનો સાચો રસ્તો છે. વિચારોની ડખલગીરી તરફ ધ્યાન ન આપતાં ઈશ્વર સાથેનું અનુસંધાન મક્કમતાપૂર્વક જાળવી રાખવાથી વિચારો બંધનકર્તા નથી નિવડતાં.

ધ્યાન વ્યક્તિને સ્વસ્થ, સમતોલ, સ્થિર બુદ્ધિવાન અને
શાણો માનવી બનાવે છે.

ધ્યાનનો અભ્યાસ સર્વપ્રધાન જીવનમાંથી
પૂર્ણ યોગના તરફ લઈ જાય છે.

સંત <u>તુલસીદાસનો</u> એક દોહો છે કે:

કાશી વિધિ વસી તનુ તજે, હઠી તનુ તજે પ્રયાગ;
<u>તુલસી</u> જો ફલ સો સુલભ, રામ નામ અનુરાગ.

આ <u>દોહાનો</u> વિશિષ્ટ અર્થ છે કે:

કાશી એ વારાણસી છે. વારણા અને અસી વચ્ચેનો પ્રદેશ,
અર્થાત્ બે જળપ્રવાહ વચ્ચેનું solid ground.
અંધકાર અને પ્રકાશ વચ્ચેની સંધ્યા,
ઈડા અને પીંગલા વચ્ચેની સુષુમ્ણા,
રાગ અને દ્વેષ વચ્ચેની સમતા. કાશી = સમતાસામાયિક.
કાશીમાં કરવત મુકાવવી - એ ભેદવિરમણ છે.
કાશીમાં વિધિપૂર્વક વસવું - એ દેશવિરતિ છે.
દેશવિરતિપણામાં દેહત્યાગ થાય, તો દેવલોક પ્રાપ્ત થાય.
પ્રયાગ = ગંગા - યમુના - ગુપ્ત સરસ્વતીનો ત્રિવેણી સંગમ.
ગંગા = પરોપકાર, સન્માનનું દાન તથા સમ્યગ્દર્શન છે.
સરસ્વતી એ સમ્યગ્જ્ઞાન અને જેનું જળ કાળું છે,
એ કાલિંદી યમુના એ સમ્યક્ચારિત્ર છે.
અનાહત = ચતુર્થ ગુણસ્થાનક,
વિશુદ્ધિ = પાંચમું ગુણસ્થાનક, આજ્ઞા = છઠ્ઠું ગુણસ્થાનક.
આવાહ દેખો યે પ્રયાગ છે.

D. 1-1-77, Lunava

'ઇહી તનુ તજે પ્રયાગ'નો અર્થ છે કે:

ઇચ્છાપૂર્વક પ્રયાગમાં દેહત્યાગ કરવાથી પણ ફળ મળે છે, એટલે કે સમજ્યા વગર પણ દ્રવ્યથી ચારિત્ર લઈને અને માત્ર દ્રવ્યથી જ ક્રિયાનું પાલન કરવા વડે પણ દેવલોક અવશ્ય પ્રાપ્ત થાય છે, એ દ્રવ્યક્રિયાનો પ્રભાવ છે. દેવલોકના આ ભોગસુખો એ spiritual evolutionના માર્ગમાં પ્રગટતી ભગવદ્ભક્તિની દિવ્યતાનો અનુભવ છે.

'નમો'પૂર્વકના દેવ તથા ગુરુ પ્રત્યેના અનુરાગથી પણ આ દિવ્યતા પ્રગટે. ભાવચારિત્રરૂપી મહાકાર્ય કઈ રીતે Totality વિના શક્ય બને?

સંત - સાધુઓ પ્રત્યે ભક્તિ અને અનુરાગ તથા દીન - અનાથ પ્રત્યે કરુણા - અનુકંપા, તેનાં સાધન છે. પરોપકારિતા, અનુકંપા, દયા, મૈત્ર્યાદિ ભાવો, તત્પરતા, પરાર્થરસિકતા, માતા - પિતા પ્રત્યે ભક્તિભાવ, સત્કાર્યની અનુમોદના - એ બધી વસ્તુઓ તેમાં સહકારી છે. પ્રભુનામથી પાપપ્રણાશ, પ્રભુદર્શનથી દુઃખપ્રણાશ અને પ્રભુના ગુણ ગાવાથી શરણાનો લાભ થાય છે.

## ૐકારનું ધ્યાન શા માટે કરવું જોઈએ?

आलौकिकेनोपलक्ष्येण, पुनित्येन च सादितः ।
रत्नत्रयमयो ध्येयः प्रणवः सर्वसिद्धये ॥१॥
वा ॐ इत्यन्तराप्राणशब्दो यः स्यात् तदुद्भवम् ।
शब्दब्रह्मेत्यसौ उक्तः वाचकः परमेष्ठिनः ॥२॥ (પરિશિષ્ટ-૬)

હૃદયમાં જે પ્રાણાત્મક યા પ્રાણ સંચારાત્મક ૐ સદા ધ્વનિ થાય છે, તેમાંથી શબ્દબ્રહ્મ માતૃકા ઉદ્‌ભવે છે, માટે તે ૐકાર પરમેષ્ઠિઓનો વાચક કહેવાય છે.
શબ્દબ્રહ્મ અર્થાત્ માતૃકા તે વાચક છે અને
પરમેષ્ઠિઓ તે શબ્દબ્રહ્મના વાચ્ય છે.

## મંત્ર ઉચ્ચારણના પાંચ દોષ ઉપરાંત મોટો દોષ કયો?

અક્ષરભ્રાંતિ, ત્રુટક, છિન્ન, હ્રસ્વ અને દીર્ઘ,
પરન્તુ અભક્તિ એ સૌથી મોટો દોષ છે.

મંત્ર કેવળ અક્ષરરૂપ નહિ પણ દેવતાસ્વરૂપ છે.
મંત્ર જપતી વખતે પરમાનંદનો અનુભવ લેવો જોઈએ, એથી ભક્તિનો ઉદય થાય છે. અધમ સત્કર્મ કરતો જ નથી, મધ્યમ મધ્યમાં છોડી દે છે અને ઉત્તમ વિઘ્નોના આવવા છતાં સત્કર્મને જરૂર સફળતાએ પહોંચાડે છે.
મંત્રધ્યાન અને અનન્ય જપ માટે ઉત્સાહ રાખવો,
એ સિદ્ધિનું પ્રધાન અંગ છે.

## નામજપમાં ક્યા મોટા અપરાધ કયા?

પરસ્ત્રી - પરધન - પરનિંદા. બીજા ૧૦ નામના અપરાધ છે:
(૧) સાધુનિંદા (૨) અનેક નામોમાં ભેદબુદ્ધિ (૩) શાસ્ત્રનિંદા
(૪) ગુરૂજનની અવજ્ઞા (૫) માહાત્મ્યને અર્થવાદ ગણવા
(૬) નામના જોરે પાપાચરણ કરવા
(૭) બીજા કર્મ કરતાં નામજપને ઓછું મહત્ત્વ આપવું
(૮) જેને ભાવ કે શ્રદ્ધા - રુચિ ન હોય,
તેને ય બળાત્ જોઈને ઉપદેશ કરવો (૯) અશ્રદ્ધા કરવી
(૧૦) અહંકાર - મમકારમાં લીન રહેવું. જપમાં કઠોર - અસત્ય ભાષણ, અભક્ષ્ય ભક્ષણાદિ પણ ત્યાજ્ય છે.

ૐ હ્રીં અર્હં નમઃ । આ મંત્રમાં
હ્રીં બીજ છે, અર્હં શાખા છે, નમઃ પલ્લવ છે,
મનની શાંતિ પુષ્પ અને ઇષ્ટસાક્ષાત્કાર એ ફળ છે.

## નિત્ય ૧૨૦૦૦ પ્રણવનો જાપ શા માટે?

મંત્રનું અનુષ્ઠાન કરવાપૂર્વક ધ્યાન કરનારનો આત્મા જ્યારે 'પોતે અરિહંત સ્વરૂપ છે' એમ સંવેદન કરે, ત્યારે તે અવસ્થા બને છે. જે સાધારણ રીતે દરરોજ ૧૨૦૦૦ પ્રમાણ પ્રણવનો જાપ કરે છે, તેને ૧૨ મહિનામાં પરબ્રહ્મ - શુદ્ધ પરાવાક્ ના આત્મસ્વરૂપ સ્પષ્ટ થાય છે.

ધ્યાનજપના પ્રભાવે જપ કરતુંકરતે સ્ફુરણ થાય છે. અનાહતે જપ કરનારને દ્વૈતભાવ ચાલ્યો જાય છે અને અદ્વૈત અનુભવ થાય છે કે: પોતે જ એ મંત્રનો દેવ છે.

## કયા પ્રકારના જાપમાં શું થાય છે?

(૧) વાચિક જાપમાં જ્ઞાનતંતુનો કંપ શરૂ થાય છે, હૃદયાકાશના વાયુમાં કંપાકારનું નિર્માણ થાય છે.

(૨) ઉપાંશુ જાપમાં માત્ર હોઠ નહીં, જીભ હાલે છે, તેથી જ્ઞાનતંતુના કંપને નિયમિત આકાર મળે છે, જે આંખમાં પહોંચે છે અને ત્યાં દેવતા બીજ ઉત્પન્ન કરે છે.

(૩) માનસ જાપમાં મંત્રદેવતાનો દેહાકાર એ સ્થૂલ રીતે તેજાકાર ધારણ કરે છે. એ તેજાકાર મૂર્તિને ચૈતન્યશક્તિથી ભરી દેવા માટે ધ્યાનજપની જરૂર છે.

## કાર્યસિદ્ધિ માટે જરૂરી ઈશ્વરીકૃપા

સાકાર સાથે અભેદ થયાં વિના નિરાકાર પદપ્રાપ્તિનો અધિકાર મળતો નથી. જપ કરનારને કેવળ કલ્પનામય સૃષ્ટિમાં જ નહિ પણ હકીકતે સાક્ષાત્કારનો અનુભવ કરવાનો હોય છે. સાક્ષાત્કાર જાગૃત અવસ્થામાં થાય છે. કલ્પનામય = વાસનાત્મક. કાર્યસિદ્ધિ કેવળ મનુષ્યયત્નથી જ થતી નથી, ઈશ્વરીકૃપાનો આધાર પણ આવશ્યક છે.

ઈશ્વરીકૃપાને પ્રાપ્ત કરવાનું સર્વશ્રેષ્ઠ સાધન નામ છે.
નામમાં પણ સર્વસુલભ નામ છે:
ભગવાનના નામનો જપ - નિરંતર અભ્યંતર નામ.
સર્વના હૃદયમાં જે રમે છે, તે રામ સનાતન,
અજન્મા અને અદ્વિતીય - નિરંજન અને નિરાકાર છે.
તે રામ રાક્ષસી વૃત્તિઓ રૂપી રાવણનો
દૈવી વૃત્તિઓ રૂપી શસ્ત્રો વડે સંહાર કરવાવાળો છે.
મનુષ્ય અચિન્ત્યનું ચિન્તન - અવર્ણનીયનું વર્ણન કરે છે,
અજ્ઞેયને જાણવા ઈચ્છે છે પણ સત્તત્ત્વ બુદ્ધિ પર છે.
ઈશ્વર સર્વશક્તિમાન છે, જેનું નામ હૃદયમાં લેતાં જ
બધાં દુઃખોનો નાશ થઈ જાય છે. વિશ્વની વિચારોથી
બચવા કોઈ અમોઘ સાધન હોય, તો તે ભગવન્નામ છે.
તે કેવળ અંદરથી - હૃદયમાંથી નીકળવું જોઈએ.
જીભ અને હૃદયને એકરસ કરીને નામ લેવું જોઈએ.
નામ એ નિર્બળનું બળ છે,
અસહાયને સહાય છે તથા અશરણનું શરણ છે.
રોવું અને હસવું જેમ હૃદયથી થાય છે, તેમ
નામ પણ મન-વચન-કાયાની એકતા વડે લેવું જોઈએ.
મંત્રજાપથી થતી સમાધિને 'મહાસમાધિ' કહે છે.

## અષ્ટપ્રકારી પૂજામાં જળપૂજાનું માહાત્મ્ય

જળ જેમ બહારના મળનો નાશ કરે છે, તેમ પ્રભુની
જળપૂજા આત્મા ઉપરના કર્મમેલનો નાશ કરે છે.

## અષ્ટપ્રકારી પૂજામાં ચંદનપૂજાનું માહાત્મ્ય

ચંદન જેમ બાહ્ય તાપને શમાવે છે, તેમ પ્રભુની
ચંદનપૂજાથી આત્માનો અભ્યંતર તાપ શાંત થાય છે.

## અષ્ટપ્રકારી પૂજામાં અક્ષતપૂજાનું માહાત્મ્ય

પ્રભુની અક્ષત પૂજા દ્વારા અક્ષય અને
અખંડ એવા સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

## અષ્ટપ્રકારી પૂજામાં પુષ્પપૂજાની ભાવના

પુષ્પમાં જેમ સુગંધ રહેલી છે, તેમ આ પુષ્પપૂજા દ્વારા
મારા આત્મામાં સદ્ગુણરૂપી સુગંધ પ્રગટો.

## અષ્ટપ્રકારી પૂજામાં ધૂપપૂજાની ભાવના

અગ્નિમાં ધૂપ નાખતાં સુગંધયુક્ત ધુમાડો ઊંચો ચડે છે,
તેમ પ્રભુની ધૂપપૂજા દ્વારા મારો આત્મા
કર્મરૂપી દુર્ગંધથી મુક્ત થઈ ઉચ્ચ ગતિને પામો.

## અષ્ટપ્રકારી પૂજામાં દીપપૂજાની ભાવના

દીપક જેમ બાહ્ય અંધકારનો નાશ કરે છે,
તેમ પ્રભુની દીપપૂજા મોહરૂપી અંધકારનો નાશ કરો.

## અષ્ટપ્રકારી પૂજામાં નૈવેદ્યપૂજાની ભાવના

પ્રભુ એમ આહારાદિની મૂર્છાને ત્યજીને અણાહારી અને અવેદી પદને પામ્યા છે, તેવા પદની પ્રાપ્તિ મને થાઓ.

## અષ્ટપ્રકારી પૂજામાં ફલપૂજાની ભાવના

તાજા, ઉત્તમ અને મધુર રસયુક્ત ફલોથી પૂજા કરતાં આત્મા વિચારે કે આ ફલપૂજા વડે મારામાં અનંતરસથી ભરપૂર જ્ઞાનાદિ ગુણો પ્રકટો અને મોક્ષરૂપી ફલ મળો.

## ભાવપૂજાનું માહાત્મ્ય

અષ્ટ પ્રકારે દ્રવ્યપૂજા કર્યા બાદ ભગવાનની સ્તુતિ આદિરૂપે ભાવપૂજા કરવી. આ બધા સમયમાં આત્મા પરમાત્માના સ્વરૂપમાં જેટલો બધો લીન બને, એ તો અનુભવ જ્ઞાની જ કહી શકે; સાધુઓએ દ્રવ્યાદિનો ત્યાગ કરેલો હોવાથી તેઓ માત્ર ભાવપૂજાના અધિકારી છે. ગૃહસ્થો આરંભાદિ પાપની ક્રિયાઓ કરનારા હોય છે, તેમને ભાવપૂજા ભેગી મનઃશુદ્ધિને પ્રાપ્ત કરવામાં દ્રવ્યપૂજા પણ બહુ સહાયક બને છે. પ્રતિકૂળતા સંસારનો સ્વભાવ છે. તેવી પરિસ્થિતિમાં સમાધિમગ્ન રહી આત્મસ્વરૂપમાં લીન રહેવું શ્રેયસ્કર છે, દ્રવ્ય-ભાવપૂજા દ્વારા તે સુશક્ય બને છે.

## ગુરુપૂર્ણિમાનું માહાત્મ્ય

'ભવે ભવબંધનથી મુક્ત થવું જોઈએ.'
આ રહસ્યને સૂચવવા પ્રતિવર્ષ ગુરુપૂર્ણિમા આવે છે.
તે દિવસે ગુરુપૂજન કરીને જ્ઞાન પ્રાપ્ત કરી,
અવિદ્યા અને તેના કાર્યની નિવૃત્તિપૂર્વક
પરમાનંદને પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ છે, એજ મોક્ષપંથ છે.
વેદ એ જ્ઞાનનો સાર છે, પરંતુ ગુરુ વિના
પોતે જ વેદોને ભણવાથી તે સાર પ્રાપ્ત થતો નથી.
મનુષ્ય પોતે પોતાના ખોબાથી સમુદ્રનું જલપાન કરે,
તો ખારૂં જ લાગે છે, પરંતુ તે જ જલ
વાદળ દ્વારા થતી વૃષ્ટિમાંથી ગ્રહણ કરે, તો તે અમૃતથી
પણ વધારે આનંદ આપે છે, તેવું જ વેદોનું છે.
વેદરૂપ સમુદ્રના જ્ઞાનરૂપ જલને અભેદભાવથી ભાવિત
એવા આત્મરત ગુરુજનની અહૈતિ ગુરુરૂપી વાદળ દ્વારા
જો તે જ્ઞાનને ગ્રહણ કરવામાં આવે,
તો ભેદરૂપ સંસારની નિવૃત્તિ થઈને
આત્માને મુક્તિપદની પ્રાપ્તિ શીઘ્રાતિશીઘ્ર થાય છે.

o

ગુરુ = Law of gravitation.
ગુરુદ્વાર = Field of gravitation.

ગુરુ કા સબદ પિછાન લિયા, પર શબદ કા ગુરુ કૌન?

ગુરુના શબ્દમાંથી શબ્દના ગુરુને જગાડવાનો છે.
ગુરુના શબ્દમાંથી જ ધીમે ધીમે
શબ્દના ગુરુને જીવંત બનાવવાનો છે.
આદેશથી શિવદર્શન કરવાનો ઉપદેશ છે.
આદેશનો અનુભવ શૂન્યના વિસ્તારમાં થાય છે.
શૂન્યનો વાસ અહંની શૂન્યતામાં છે.
આશા યા તૃષ્ણા મટી જાય અને અહંકાર હટી જાય,
ત્યારે શૂન્યના ઘરમાં રહેવાનું મળે છે.
'મન કી મનસા મિટ ગઈ, અહં ગઈ સબ છૂટ,
ગગનમંડલ મેં ઘર કિયા, કાલ રહા સિર કૂટ.' - કબીર
આવો આત્માનુભવ થવો,
એ જ શબ્દમાંથી પ્રગટેલો શબ્દનો ગુરુ.

ગુરુનો શબ્દ મળે, ત્યારે સાધક નાચતો - કૂદતો - ગાતો થઈ જાય છે પણ શબ્દનો ગુરુ અંતરમાં પ્રકાશે, ત્યારે તે મૌન બની જાય છે, પછી તે શબ્દનું રટણ કરતો નથી પણ શબ્દ તેને નવા નવા અનુપમ ઝલક બતાવતો આગળ લઈ જાય છે. 'સબ કા ગુરુ પરચા' આત્મવસ્તુ વિશે જે આજ સુધી સાંભળ્યું હતું, તેનો સાક્ષાત્ પરિચય થઈ જાય છે.

## 'પરચા કી ચરચા નાહીં.'

આત્માના પરિચયની ચર્ચા હોઈ શકે નહિ.
અનુભવની વ્યાખ્યા માત્ર થઈ શકે કે:
'જળ વિના બોળવું અને ભળતાં મરી જવું.'
ગુરુનો શબ્દ જળ ઉપર આવીને વસી જાય છે, પછી
શબ્દનો ગુરુ આવી જળને કાપી નાંખે છે અને પછી
જળ બોળતી નથી પણ આખું જીવન જ બોળે છે.

એક સૂફી દરવેશે કહ્યું છે કે:
જ્યાં સુધી મનુષ્ય વણબોળાયેલા સંદેશને ઝીલતો નથી
અને બોળાયેલા ઉપદેશને ભૂલી જતો નથી,
ત્યાં સુધી તેના પગમાં શબ્દની બેડીઓ જ રહે છે.

એક જગ્યા છે - શાંત અને ગંભીર.
નદીના જળમાં ગુરુની શાંત વાણી છે.
'નદીને માત્ર વર્તમાન છે' એ વિચાર જ શાંતિજનક છે.

ગુરુ ચરણ સદા માટે પરમ પૂજ્ય.
સિદ્ધિ મળ્યાં બાદ પણ ગુરુને વિસરવાના નહિ.
ગુરુચરણ પકડી કૃતજ્ઞતા વ્યક્ત કરવાની હોય છે.
ગુરુપાદુકા પણ પૂજ્ય છે. પાદુકા = ચરણકમળ. તેની
પૂજા વડે શ્રદ્ધા, ભક્તિ, બહુમાન, પૂજ્યતા વ્યક્ત થાય છે.

## એક આત્મજ્ઞાન જ

સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહિ અને અસત્ સંગ તથા અસત્ પ્રસંગથી જીવનું વિચારબળ પ્રકટતું નથી.

આરંભ અને પરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે, વળી આત્મવિચારને અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચારથી આત્મભાન + આત્મજ્ઞાન નિર્માય, જેને કહીએ નિજસ્વભાવસ્વરૂપ સર્વ ક્લેશ અને દુઃખનો અંત જેમાં છે, તે મોક્ષ પ્રગટ થાય છે.

ઇચ્છાઓની અલ્પતાનું બીજ ઉદાસીનતા અને ઉદાસીનતાનો અર્થ છે: સર્વ ઇચ્છાઓનો પરિત્યાગ.

## સહજ - ક્ષણમાં જ આત્મયોગ પ્રકટે ?

વિચારની નિર્મળતાએ જો આ જીવ અન્ય પરિચયથી પાછો વળે, તો સહજ ક્ષણમાં જ તેને આત્મયોગ પ્રકટે.

જો આત્મયોગ પ્રકટે, તો આ મનુષ્યપણાનું મૂલ્ય કોઈ રીતે પણ ન થઈ શકે તેવું છે, કેમકે 'મનુષ્યદેહ વિના મોટે ભાગે આત્મયોગ પ્રકટતો નથી;' એમ નિશ્ચય કરી આ જ દેહમાં આત્મયોગ કરવો ઘટે. એ માટે પ્રતિપક્ષ ભાવનાનો સતત ઉપયોગ કરવો.

## સુખ - દુઃખનું ઉપનિષદ

સર્વના સુખ - દુઃખનું સ્મરણ સામ સામાયિકને,
સ્વસુખ - દુઃખનું વિસ્મરણ સમ સામાયિકને અને
સ્વસ્વરૂપસ્મરણ તે સમ્મ સામાયિકને ઉત્પન્ન કરે છે.
બોધિલાભનો એક પર્યાય સ્વરૂપોપલબ્ધિ છે.
દુઃખમાં દુઃખનું મૂળ પાપ - તેની ગર્હા કરો.
સુખમાં સુખનું મૂળ પુણ્ય - તેની અનુમોદના કરો.
તેથી રાગ - દ્વેષની વૃત્તિઓ છેદ પામે છે.

એ વિચાર મોહનો છેદ કરે છે કે:

'જે સુખ આપણે ઇચ્છીએ છીએ, તે સર્વને મળો તથા
જે દુઃખ આપણને અનિષ્ટ છે, તે કોઈને ન મળો.'
રાગ - દ્વેષ - મોહનો છેદ થવાથી મોક્ષ મળે છે.
સુખ વસ્તુમાં નહિ પણ મનની વૃત્તિમાં છે.
સુખ બજારમાં નહિ પણ હૃદયમાં છે, સુખ કોઈપણ
પરિસ્થિતિમાં નહિ પણ તે વિષેના આપણા અભિપ્રાયમાં છે.
વિચારપદ્ધતિ સાચી હોય, તો સુખ અનુભવાય છે
અને જો તે ખોટી હોય, તો દુઃખ અનુભવાય છે.
'૭૫માંથી ૨૫ ખોવાયાં' તે વિચાર દુઃખ કરે છે અને
'૭૫માંથી ૫૦ બચ્યાં' એ વિચાર સુખ કરે છે.

કૂતરું આખી રાત ભસ્યું, તે ત્રાસ આપે છે અને
તે કારણે ચોરો ભાગી ગયા, તે વિચાર સુખ આપે છે.
'આ નિસર્ગની રચનામાં જે કાંઈ છે, તે બધું જ
સાર્થક - આપણને ઉપયોગી બનતું - કલ્યાણકારી છે.'
આ વાતની દૃઢ પ્રતીતિ કોઈ સર્જનાત્મક બળમાં ફેરવાઈ જશે.

અસંતુલિત ચિંતન દુઃખનું કારણ છે.
ખોટી વિચારણામાંથી સાચી વિચારણામાં જવું,
તે જ દુઃખમાંથી સુખમાં જવાનો માર્ગ છે.

વિરાટ વિશ્વની ભવ્ય યોજનામાં આપણે નાના ચક્ર
વિરાટ વિશ્વની ભવ્ય યોજનામાં એક નાનકડું મજાનું ચક્ર
બનવામાં અને તેમાં પોતાના પૂરતો જ પાઠ સહૃદયતાથી
ભજવવામાં સાચી નમ્રતા અને સમર્પણભાવ પોષાય છે
અને તે જ સુખનું કારણ બને છે.

પ્રત્યેક પરિસ્થિતિ, પદાર્થ અને પાત્ર - આપણે જે પાઠ
ભજવવાનો છે, તેમાં ઉપયોગી - કલ્યાણકારી - સાર્થક છે.
આવી મંગળ શ્રદ્ધા જેનામાં પણ છે, તેને કદાપિ દુઃખ
સતાવતું નથી, ભય રહેતો નથી, દારિદ્ર્ય વળગતું નથી,
તેને ઘેર કલ્પતરૂ છે, તેના વાડામાં કામધેનુ છે અને
તેના મસ્તકના મુકુટમાં ચિંતામણિરત્ન જડેલું શોભે છે.

જે કાંઈ મેળવવા જેવું છે, તે બધું આપણી અંદર છે.
તે મેળવવાનો ઉપાય પણ આપણા અંદર જ છે.

આપણી જાતમાં ઊંડા ઉતરીને જો આપણે સર્વ વસ્તુમાં
રહેલ કોઈક સુંદર તત્વને ઓળખી શકીએ, તો
આપણને રૂપિયાની કિંમત મળી ગયાં બરાબર જ છે.

વિચારથી ભાવનાની, ભાવનાથી કર્મની, કર્મથી વ્યક્તિની
શુદ્ધિથી સમાજ - દેશ - વિશ્વ - બ્રહ્માંડ શુદ્ધ થાય છે.

રચનાત્મક વલણ ધરાવતો મૌલિક ચિંતક ક્યારેય દુઃખી
થઈ શકતો નથી. તેને પોતાની અયોગ્યતા કરતાં સદા
દુઃખ ઓછું તથા પોતાની યોગ્યતા કરતાં સુખ સદા
અધિક લાગે છે તથા દુઃખ - સુખ, ઉભય પોતાના
વ્યક્તિત્વને વિકસાવનાર અદ્ભુત સાધન સમજાય છે.

દુઃખમાં ઇચ્છાનિરોધ રૂપ તપનો અભ્યાસ થાય છે,
સુખમાં સદુપયોગ રૂપ ત્યાગધર્મનું સેવન થાય છે અને
તેથી જ આપણા મનને તુરત શાંતિ મળે છે.

(૧) સુખ એ રાગનો રોગ (૨) દુઃખ એ દ્વેષનો રોગ
(3) અજ્ઞાન એ મોહનો રોગ છે.

'સુખ - દુઃખ કર્મકૃત છે' એ વિચાર
સમ્યગ્દર્શન હોવાથી તે વડે મોહનો નાશ થાય છે.

# સુખની મીમાંસા

(1) વસ્તુની ઇચ્છા થતાં જ વસ્તુ મળી રહે, તે સુખ.

(2) આશા-તૃષ્ણાનો અંત આણીને આપણને મળેલી વસ્તુનો સદુપયોગ કરવો અથવા તેમાં મઝા માણવી, તે સુખ.

(3) આશા, તૃષ્ણા અને ઇચ્છાઓનો અંત આણીને પ્રભુએ જે આપ્યું છે, તેનો ઉપભોગ, તે સાચું સુખ.

પોતાની પાસે ન હોય, તેની આશા કરવાથી પોતાની પાસે જે હોય છે, તેનું સુખ પણ ગુમાવાય.

(4) સુખની પાછળ ભાગ્યાં કરવું, એ તો સુખને દૂર ભગાડવા બરાબર છે. સુખાનુભવ માટે સુખનું કોઈ સાધન શોધવું જોઈએ, જેમ પ્રેમ કરવા કોઈ વ્યક્તિ, જિંદગી હોમી દેવા માટે કોઈ ધ્યેય, સેવા કરવા કોઈ સેવ્ય યા આરાધ્યની ઉપસ્થિતિ હોવી જ જોઈએ તેમ.

(5) જેટલો ઉત્કર્ષ અને વિકાસ આપણો થયો હશે, જીવનમાં એટલું જ પ્રમાણ સુખનું પણ હશે.

પોતાનામાંથી ધીરે ધીરે મુક્ત થવું,
સ્વ ઉપરનો મોહ છોડી પર ઉપર અનુરાગ કરવો,
એનું જ નામ 'નિઃસ્પૃહતા' છે.
આ પરાનુરાગ એ જ જીવનનું અમૃત છે.

અશાંતિનાં બીજ છે...

જ્ઞાનનો અસંતોષ અને અજ્ઞાનનું ઔત્સુક્ય.

અન્ય જીવોની અપેક્ષાએ મનુષ્યના જીવનમાં સુખ-દુઃખની માત્રા અલ્પ છે અને અન્ય ગતિઓની અપેક્ષાએ મનુષ્યજીવનમાં ધર્મસામગ્રીની માત્રા અધિક છે. બાહ્ય સામગ્રીઓની અપેક્ષાએ ચિત્તની શાંતિ અથવા અશાંતિ માટે મનનું વલણ વધુ જવાબદાર છે. થોડાં દુઃખ વખતે અધિક દુઃખનો આભાસ અને સુખની અલ્પતા વખતે ધર્મસામગ્રીની અધિકતાનો વિચાર કરવો.

ચિત્તવૃત્તિને એ રીતે વલણ આપવાથી
મનઃશાંતિ અખંડ રાખી શકાય છે.

દુઃખ હોવું જુદી વસ્તુ છે, દુઃખ લાગવું જુદી વસ્તુ છે.
દુઃખ વખતે પણ મનથી સુખી રહી શકાય છે.

'ખોટું કેમ સહન થાય?' એમ બોલનાર
કર્મનું કરેલું ય ખોટું કેમ સહન કરે છે?

સંસારી જીવન એટલે જ કર્મવશ જીવન.
કર્મને જીવ પરાધીન છે પણ કર્મ જીવને પરાધીન નથી.
આપણે ઇચ્છીએ તે નહિ પણ કર્મ કરે, તે જ થાય છે.
સંસારી અવસ્થામાં કર્મને નભાવી લીધે જ છૂટકો છે.

'કર્મે આપેલું દુઃખ નભાવી લેવું' એટલે
કર્મે આપેલાં દુઃખને શાહ જોગ વધાવી લેવું.
કર્મનાં દુખ સહર્ષ - ઉદાર દિલે વધાવી લઈએ કે
નભાવી લઈએ, તો દ્રવ્યદુઃખ વખતે પણ ભાવદુઃખ ટળે.
કર્મની સાથે કચવાટ કરવામાં આપણે
આપણી જાતે જ દુઃખ વધારીએ છીએ.
કર્મનું આપેલું એક દુઃખ અને એમાં ય મનના સંતાપ-
કચવાટનું પણ બીજું દુઃખ ઉમેરવું, એ ગાંડપણ છે.
કર્મનાં નિશ્ચિત પરિણામ નભાવી લેતાં શીખીએ,
તો મનને કશું દુઃખ નહિ.
જો મનને દુઃખ નહિ તો કર્મનું દુઃખ દુઃખ નહિ લાગે.
'દુક્ખક્ખઓ'ની ગાથા - પ્રાર્થના વખતે મનના દુઃખોનો
અભાવ માગવાનો છે. કર્મકૃત આપત્તિ વખતે મનનું દુઃખ
નિવારણ કરવાનાં સાધનમાં દેવદર્શન, ગુરુવંદન, નવકાર
સ્મરણ, વ્રતનિયમ, તપ-ત્યાગ વગેરેનો અભ્યાસ છે.
'સ્વસુખે સુખિત્વં' એ વાનરવૃત્તિ છે અને
'સર્વ દુઃખે દુઃખિત્વં' એ વિનાયકવૃત્તિ છે.
'પરસ્પૃહા મહાદુઃખં, નિઃસ્પૃહત્વં મહાસુખં ।
એતદુક્તં સમાસેન લક્ષણં દુઃખસુખયોઃ ॥'

# <u>ભવદુઃખ ટાળવાના ઉપાયો</u>

(૧) કર્મને આધીન બાબત નભાવી લેતાં શીખો.

(૨) જીવનની અનેકવિધ આરાધનાઓમાં સદ્ગુણ અને સદ્વિચારને વિકસાવવાની સર્વ ક્રિયાઓને મુખ્ય માનો.

(૩) કર્મે દીધેલાં દુઃખ એ દુઃખ નથી, પરન્તુ એનાં ઉપર થતાં કષાયો, સંકલ્પ - વિકલ્પો, દુર્ધ્યાન વગેરે સર્વે મહાદુઃખ છે, એમ માનો.

આ ત્રણે વાત લક્ષ્યમાં રહે, તો ભવદુઃખ મટી જાય અર્થાત્ શુદ્ધ વિચાર, વચન અને વર્તન આવી જાય.

<u>સમતાની ચાવી લઈને વિચરનારા યાત્રાળુઓથી પાપ સ્વયં ભયભીત રહે છે. એ ચાવી સામાયિક રૂપી અમૃતથી ભરેલી હોય છે. તેના પ્રભાવે કોઈ ભય રહેતો નથી અને સર્વ દુઃખોનો હંમેશા માટે અંત આવ્યો છે.</u>

પ્રેમના બદલામાં જ્યારે દુઃખ મળે, ત્યારે એ પ્રેમને લક્ષ્ય નહિ પરંતુ પ્રેમના બદલામાં અપેક્ષા રાખીએ છીએ, તેમાંથી મળે છે. જ્યાં કશી ય અપેક્ષા નથી, ત્યાં કશું દુઃખ નથી. ઇચ્છા-અપેક્ષા એજ સર્વ દુઃખનું મૂળ છે. ઇચ્છાઓ સફળતા અને નિષ્ફળતા બંનેથી બંધાયેલી છે. ઇચ્છાઓ મોડે કે વહેલે જરૂર દુઃખને લાવે જ છે.

'સદ્ગુણોના મનવાંછિત પૂરો, ચિંતા સઘળી ચૂરો,
એહવું બિરૂદ છે રાજ તુમારૂં, કેમ રાખો છો દૂરે?
સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો.'

સૌ કોઈને સુખની ઇચ્છા છે અને
આવેલું સુખ ચાલ્યું ન જાય, તેની ચિંતા છે.
પ્રભુનું બિરૂદ 'યોગક્ષેમકારક નાથ'નું છે, તેથી
અપ્રાપ્ત સુખની ઇચ્છા પૂરે છે અને પ્રાપ્ત સુખનો
અવિયોગ ન થાય, એવી ચિંતાને ચૂરે છે.

યદા દુઃખં સુખત્વેન, દુઃખત્વેન સુખં યદા ।
મુનિર્વેત્તિ તદા તસ્ય, મોક્ષલક્ષ્મીઃ સ્વયંવરા ॥ - યોગસાર

જ્યારે દુઃખને સુખરૂપે અને સુખને દુઃખરૂપે મુનિ જાણે, ત્યારે તેને મોક્ષલક્ષ્મી સ્વયં વરવા આવે છે.

## સુખ-દુઃખને નિવારનાર ૐ મંત્ર

ૐ એ સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ અને નાયક-રાજા છે.
જેમ અગ્નિમાં ઉષ્ણતા, જળમાં શીતતા, દીપમાં પ્રકાશકતા, તેમ શબ્દમાં જે શક્તિ છે, તે તેના અર્થમાં રહેલ છે.
અર્થમાં જે શક્તિ હોય, તે શબ્દમાં ઉતરે છે.
રંકાર અગ્નિવાચક અને શંકાર શાંતિવાચક છે.
કામબીજથી મોહન-વશીકરણ, માયાબીજથી ઐશ્વર્યપ્રાપ્તિ તથા વાગ્બીજથી વાક્સિદ્ધિ મળે છે.

સમ્યગ્રત્ન - દર્શન - ચારિત્રનો દીવો

દેહરૂપી દીવો સમ્યગ્જ્ઞાનનું ઘી, સમ્યગ્દર્શનની વાટ
અને સમ્યક્ચારિત્રની દીવાસળીથી પેટાવાશે,
તો તે સાચો દીવો બને, અન્યથા ખાલી કોડીયું!
દીવો ભલે સોનાનો, મોતી - માણેકની નકશીથી સજાવેલો
હોય અને ઘી ભલે શુદ્ધ તથા રૂ ભલે પોતાના ખેતરમાં
ઉગાડેલાં કપાસમાંથી જાતે પીંજેલું મુલાયમ હોય, પરન્તુ
દીવો, ઘી તથા રૂ - ત્રણે નકામા. જો તે દીવામાં ઘી નાંખી,
રૂની દીવેટ કે વાટ મૂકી દીવાસળીથી પેટાવવામાં ન આવે,
જ્ઞાન - દર્શન - ચારિત્રરૂપી ઘી, દીવેટ અને દીવાસળીને
વિધિપૂર્વક એકત્ર કરીને સક્રિય પ્રકાશમાન કરવામાં આવે,
તો જીવન એક ઝળહળતો દીપ બની જાય. કહ્યું છે કે:
સમ્યગ્દર્શનશુદ્ધં યો જ્ઞાનં વિરતિમેવ ચાપ્નોતિ।
દુઃખનિમિત્તમપીદં, તેન સુલબ્ધં ભવતિ જન્મ।(પરિશિષ્ટ-૭)
દેહરૂપી સોનાનું અને હીરા - મોતીથી જડેલું કોડીયું ઘણું
મળ્યું છે, જ્ઞાનરૂપી ઘી, દર્શનરૂપી દીવેટ પણ મળી છે,
પરંતુ ચારિત્રરૂપી દીવાસળી વડે તે પેટાવવામાં આવે,
તો જ તે કોડીયું કોડીયું મટીને ઝળહળતો જીવનદીપ બને.
જીવનની સાંજ સમજદારીનો દીવો પણ લેતી આવે છે.

## આ થઈ દર્શન - જ્ઞાન - ચારિત્રની સાદી વ્યાખ્યા

આ (પાપ) અગ્નિ છે, આ વિષ છે - એ થયું દર્શન.
અગ્નિ (પાપરૂપી) બાળે, વિષ મારે - એ થયું જ્ઞાન.
અગ્નિને (પાપ) ન અડે, વિષ ન ખાય - એ થયું ચારિત્ર.

'આ જિનાજ્ઞાદિ રત્ન મૂલ્યવાન છે'
એમ જોવું - જાણવું અને માટે ગ્રહણ કરવું, એ અનુક્રમે યથાર્થ દર્શન, યથાર્થ જ્ઞાન, યથાર્થ વર્તન છે.

દર્શન વડે ધર્મરત્ન દેખાય છે.
જ્ઞાન વડે પરખાય છે અને ક્રિયા વડે જીવાય છે.

'તત્ત્વાર્થ શ્રદ્ધાન' એટલે તત્ત્વભૂત અર્થ જે જીવદ્રવ્ય, તેનું શ્રદ્ધાન - સન્માન તે સમ્યગ્દર્શન છે.

'સમ્યગ્દર્શન એ મૂળ ધર્મ છે' તેનો ખરો અર્થ છે કે: ધર્મનું મૂળ જીવતત્ત્વને સન્માનનું દાન કરવું.

સમ્યગ્દર્શન સહિતનું જ્ઞાન એ જ સમ્યગ્જ્ઞાન છે.

'જ્ઞાનસ્ય ફલં વિરતિઃ ।' અહીં 'વિરતિ'નો અર્થ છે: સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ, કેમકે તે પરપીડાકારક છે. તેનો ત્યાગ તો જ થાય જો જ્ઞાન સમ્યગ્ હોય અને જ્ઞાન સમ્યગ્ તો જ બને, કે જો સાધકને જીવતત્ત્વ પ્રત્યે સન્માન હોય.

આત્મા આત્મભાવે વર્તે, તે અધ્યાત્મજ્ઞાન.
સંકલ્પ - વિકલ્પ બંધ હોવાં, તે ઉપયોગ.
આત્મઉપયોગ ભૂલવો, તે અસંયમ.
'વિશ્વાત્મા એજ સ્વાત્મા' એવો સ્વાનુભવ કરવો,
તે દેહાધ્યાસના ત્યાગની યુક્તિ છે.
આત્મામાં પ્રેમાગ્નિ પ્રજ્વલિત કરવાથી
શરીર અને મનનો વાસ્તવિક ત્યાગ થાય છે.
કર્તવ્યપરાયણતા વડે વિશ્વહિત થાય છે અને
અસંગતા વડે આત્મહિત થાય છે.
જ્ઞાનગુણ વડે ઉપયોગની, દર્શનગુણ વડે ભાવની અને
ચારિત્રગુણ વડે કરણીની વિશુદ્ધિ થાય છે.
વિરતિની ભક્તિમાં જોડનાર ભાવ, તે સમ્યગ્દર્શન અને
વિરતિની પ્રવૃત્તિમાં જોડનાર ક્રિયા, તે સમ્યક્ચારિત્ર છે.
પ્રકૃષ્ટ વૃત્તિ તે પ્રવૃત્તિ, તેમાં અંતર્ગત વૃત્તિ પણ છે જ.

મુનિની રત્નત્રય જ્ઞપ્તિ કોને કહેવાય ?

आत्माऽऽत्मन्येव यच्छुद्धं जानात्यात्मानमात्मना ।
सेयं रत्नत्रये ज्ञप्तिरुच्याचारैकता मुनेः ॥ - જ્ઞાનસાર

आत्मानमात्मना वेत्ति मोहत्यागाद्य आत्मनि ।
तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम् ॥ યો-પ્ર-૪

(પરિશિષ્ટ-૮)

## જૈનદર્શન સદા ય આત્મલક્ષી રહ્યું છે.

આત્માને જોવો, જાણવો, વિચારીને આચરણમાં મૂકવો - એ જ સમ્યગ્જ્ઞાન - સમ્યગ્દર્શન - સમ્યક્ચારિત્ર છે. જ્ઞાનગ્રહણની અધિકતાથી જ મનુષ્ય પશુથી જુદો પડે છે. અને મનુષ્ય જ્યારે પોતાની અંદર રહેલા દિવ્યતાના સ્પર્શને ઝીલતો જાય છે તથા દિવ્ય બનવાની જેટલી વધુ ઇચ્છા કરતો જાય છે, તેટલો વધુ નિર્ગ્રન્થ બને છે. જેટલું વધુ એનું પ્રભુને પોતાના મન, પ્રાણ અને શરીરનું સમર્પણ, તેટલાં પ્રમાણમાં તેના ચિત્તના પ્રકૃતિ તરફ પ્રયાણ કરે છે, માનવ મટી અતિમાનવ બને છે. મનુષ્યમાં જ્યારે દિવ્ય ચિત્તના સંપૂર્ણ આકારને ધારણ કરે છે, ત્યારે તે દિવ્યપ્રકૃતિનો - પ્રભુપ્રકૃતિનો બને છે તે પછી પ્રેમ, શાંતિ, આનંદ, સંવાદિતા, સહજ જ્ઞાન એનામાં સ્વભાવરૂપ બની જાય છે.

## મન શાંત કરવાના ઉપાયો

ભક્તિ, શ્રુતજ્ઞાનનો અભ્યાસ, વિવેક, વિચાર, આત્મ-ચિન્તન, આત્મજ્ઞાનનો અભ્યાસાદિથી મન શાંત બને છે.

સમ્યગ્દર્શન અને વિવેક એકાર્થ છે.

જ્ઞાન એ બોધરૂપ છે, દર્શન એ રુચિરૂપ છે.

બુદ્ધિ એ વિચારકૌશલ્યનો ચમત્કાર છે,
જ્યારે ચારિત્ર એ પ્રેમભાવનો પુત્ર છે.
વિશ્વમાં સર્વને વશ કરનાર તો પ્રેમ જ છે.
બુદ્ધિમાન માણસો જનમંડળના શરીરના મસ્તક સમાન છે,
ચારિત્રવાન શરીર એ હૃદય સમાન છે. બુદ્ધિમાનને લોકો
વખાણે છે, ચારિત્રવાનને લોકો સદા યાદ રાખે છે.

આપણા સ્વકર્તવ્યોને ન ચૂકવું,
તે જ ચારિત્રનું ઉચ્ચ સ્વરૂપ અને ભક્તિનું મૂળ છે.
ચારિત્રની એક મૂઠી એ વિદ્યાના મણ જેટલી છે.
એકલી વિદ્યા ભુક્તિ માટે છે, ચારિત્ર મુક્તિ માટે છે.
ચારિત્ર એ જ ખરી વિદ્યા અને ખરું ધન છે.
તે માટે આત્મનિરીક્ષણ, શિક્ષણ અને નિયમન જોઈએ.
શુદ્ધ ચારિત્ર એટલે પવિત્ર પ્રભુપ્રેમ.
પ્રેમે કરીને જ પ્રભુ પામી શકાય છે.

પ્રેમના ભૂખ્યા ભગવાનને શુદ્ધ નિર્મળ ભાવે ભજવાથી
તે આપણી સંગાથે આવી વસે છે, આપણામાં વસે છે,
તેથી આપણું મન પવિત્ર બની પ્રભુપ્રેમમાં રંગાઈ જાય છે,
તરબોળ બની જાય છે. જેનામાં સાચા પ્રેમનો અંશ પણ
હોય છે, એ માનવની મધુરતા કાંઈ ઓર જ હોય છે.

પ્રેમની ખરી કસોટી એ જ છે કે:
તે પ્રેમ બીજામાં પણ પ્રેમ પ્રગટાવે.

ધ્યેયમાં એકનિષ્ઠ પ્રેમ એજ એકાગ્રતાનો સાધક છે.

પ્રેમપૂર્ણ મનનું સમાધાન તે સમાધિ.

'સમાધિ' એટલે મનની અખૂટ અને અતૂટ શાંતિ.

મન ઉપર માનવનો કાબુ એટલે વિકાસ અને
માનવ ઉપર મનનો કાબુ એટલે વિનાશ.

જપ = આધ્યાત્મિક જપ, ધ્યાન = યોગાભ્યાસ. મનના
શુદ્ધીકરણ માટે જપ - ધ્યાનનો અભ્યાસ જરૂરી છે.

નિઃસીમ પ્રેમ વડે જ પ્રભુની પ્રાપ્તિ થાય છે.

સ્વજન, સંબંધી કે પાડોશી પ્રત્યે પ્રેમ રાખવો જરૂરી છે,
એટલું જ નહિ પણ દુશ્મનો અને પીડા આપનારાઓ
પ્રત્યે પણ પ્રેમ અને તેઓના હિત માટે પણ
પ્રભુપ્રાર્થના એ સાચા પ્રેમની નિશાની છે.
આમાં શુદ્ધ માનસિક સમર્પણ છે.

'અહિંસા' એટલે પ્રેમ, સહિષ્ણુતા, ક્ષમા અને ઉદારતા.

પૈસો, પ્રેમદા અને પ્રશંસા - ત્રણેનો મોહ જતાય,
ત્યારે પરમાત્મા સાથે સંબંધ સંધાય.

પંચેન્દ્રિયનું દમન તે જ ખરી પંચાગ્નિ તપ છે.

જેમ તાલી પાડવાથી પંખીઓ ઉડી જાય, તેમ પ્રેમપૂર્વક પ્રભુકથાના શ્રવણથી પાપરૂપી પંખીઓ ઉડી જાય છે.

નિરાશંક ભાવે કોઈને આપવું, તે પુણ્ય છે.

જાણી જોઈને બીજાને પીડા પહોંચાડવી, તે પાપ છે.

પ્રભુને યાદ કરવાની પ્રેરણા પૂરી પાડવામાં

જીવનમાં દુઃખનો હિસ્સો સૌથી વિશેષ છે.

વિભુને કુન્તા માતાએ જ વિનવ્યા કે:

'જોડો છું હું પગને પકડી, ધાર્યો છું હું રખડી રખડી...'

સાચો વિદ્વાન તે છે કે જે સર્વત્ર સત્યને દેખે છે, તેમ સાચો ભક્ત તે છે કે જે ચરાચરમાં પ્રભુદર્શન કરે છે.

સાચા ભક્તને સર્વત્ર ભગવાનનો મહિમા દેખાય છે પણ પોતાની જરા પણ વિશેષતા તેને દેખાતી નથી. ત્યાગનો પણ તે ત્યાગી હોય છે. સાચો ભક્ત, જ્ઞાની, મહાત્મા યા

વિદ્વાન પુરુષ વાસના, કામના, મમતા, આસક્તિ,

દર્પ અને અભિમાનથી સર્વદા, રહિત હોય છે.

સાચા ભક્તને પોતાની ઉચ્ચ સ્થિતિનું ન તો સ્મરણ રહે છે કે બીજાને તેનું સ્મરણ કરાવે છે. તે તો પરમ શાન્ત અને નમ્ર બનીને પોતાના દોષ, બીજાના ગુણ લઈ, સદા સર્વત્ર સર્વમાં એક માત્ર પ્રભુને જુએ છે.

સાચો ભક્ત મન હી મન સર્વને નમસ્કાર કરતો
પૂર્ણ પરમાનન્દસાગરમાં સદા નિમગ્ન રહે છે.
તે કદી પણ પ્રચારાર્થે કે કોઈના ઉદ્ધારાર્થે
અભિમાનપૂર્વક કોઈ પ્રકાર કે વિચાર પણ કરતો નથી.
સાચો ભક્ત સદા આપને આપમાં રમણ કરે છે,
આત્મારામ - આત્મતૃપ્ત - આત્મસંતુષ્ટ રહે છે.
સંસારના ઉદ્ધાર માટે તેનો કોઈ આગ્રહ કે પ્રયત્ન નથી,
તો પણ તેનું આ આત્મરમણ સ્વતઃ પ્રવાહિત પ્રભુપ્રેમનો
પ્રવાહ સંસારના સંપૂર્ણ દુઃખદાવાનળ, મૃત્યુની બિભીષિકા
અને યંત્રણાને દૂર કરીને સાચા સુખનાં મૂળ
દર્શન કરાવી આત્યન્તિક સુખની ઉપલબ્ધિ કરાવે છે.

<u>ત્રણ વસ્તુ અતિદુર્લભ છે</u>

(૧) મનુષ્યત્વ (૨) મુમુક્ષુતા (૩) મહાપુરુષનો સંશ્રય.
કોઈના પણ ભલામાં નિમિત્ત બનવા માટે
જે હરહંમેશ તત્પર રહેતાં હોય, તેનું નામ મહાપુરુષ.

<u>ઈશ્વર કોઈ કલ્પિત વસ્તુ નથી,</u>
<u>મહાપુરુષોએ તેની સત્તાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો છે.</u>

પ્રભુ સર્વશક્તિમાન, સર્વત્ર અને આનંદઘન છે. તેનું
શરણું લઈ ભજન કરનારો તે સ્વરૂપ બની જાય છે.

એમ અગ્નિના સંયોગથી કાષ્ઠ અગ્નિ બની જાય છે, તેમ
પ્રભુસંયોગે ભક્ત ભગવાનસ્વરૂપ બની જાય છે.
નિષ્કપટ ભજન વડે આત્મામાં પરમાત્માના અને
ભક્તમાં ભગવાનના ગુણ આવવા લાગે છે.
સમય ગમે તેટલો લાગે પણ શાસ્ત્રવિધિને સમજી જો
નિરન્તર ઉત્સાહપૂર્વક ભજન કરાય, તો ભગવાનની
ભક્તવત્સલતાનો અવશ્ય પ્રત્યક્ષ અનુભવ કરી શકાય છે.
નાસતો વિદ્યતે ભાવો નાભાવો વિદ્યતે સતઃ । અર્થાત્:
અસત્વસ્તુ વિદ્યમાન ન હોય, સત્વસ્તુનો અભાવ ન હોય.

'ઉદાસીન'નો અર્થ છે ઉપર બેઠેલો.
જે જેટલો ઊંચો બેઠેલો છે, તેટલો તે વધુ જોઈ શકે છે.
નીચે તળિયે બેઠેલાને જેટલું દૂર દેખાઈ શકે છે,
તે મહેલની ઊંચાઈએ બેસનારને જોવાથી
તેનાથી પણ વધુ દૂરનું દેખી શકે છે.
પર્વતની ટોચથી તો તેનાથી ય વધુ દૂર દૂરનું જોઈ શકાય.
જે જેટલો વધુ ઉદાસીન, તે તેટલો વધુ દ્રષ્ટા.

°

જાણવું એ સમજણ નથી.
જ્ઞાન = knowing, સમજણ = understanding.
સમજણ = not to react, but to observe.

'સત્ય' એટલે એવું એક વિરાટ અસ્તિત્વબિંદુ, જ્યાં
જાણનાર, જાણવાનો વિષય અને જાણવાની ક્રિયા -
આ ત્રણે ય સમાઈ જાય છે.

હર્બર્ટ સ્પેન્સરનું 'અજ્ઞાત' યા unknowable,
લાઓત્સેનું Tao, બુદ્ધની કરુણા, ઈસુનો પ્રેમ,
કોન્ફ્યુશિયસનું 'એકત્વ' યા oneness
અને ભગવાન વરનું લોકમાં સારભૂત તત્ત્વ -
એક લોક છે અને એના ઉપાસકો જ લોક છે.

Beingness = ભગવત્સત્તા = સત્ય.

સ્વયંને જોઈને સ્વયંને પામવું. જેવા આ અસ્તિત્વને
ઉખેડીને પૂર્ણ આવરણમુક્ત બની જવું. અસ્તિત્વની
સમગ્ર અને અખંડ એકતાની સાથે પૂર્ણ અનાબાધ
તાદાત્મ્યનું સતત અને અતૂટ ભાન,
જીવન વ્યવહારના સ્તરો ઉપર અહિંસા, અસ્તેય, પ્રેમ,
અપરિગ્રહ, કરુણા, સેવા, સમર્પણ બની જાય છે,
જેના આભામાં આ બધી વસ્તુઓ અર્થશૂન્ય બની જાય.
સત્ય એ અદ્વૈત, અતૂટ તથા અચ્છેદ્ય છે.

o

ધન અને અધિકારના અભિમાન કરતાં પરમાર્થ અને
અધ્યાત્મનું અભિમાન ભયાનક પતનકારક છે.

## આનંદના પ્રકાર ત્રણ

(૧) વિષયાનંદ - અલ્પ (૨) બ્રહ્માનંદ - અનલ્પ સ્ફુરતો
(3) ભજનાનંદ - સ્વરૂપ ઉભયવિષયક.

## પંક્તિના બે પ્રકાર

(૧) સામાન્ય મનુષ્યની પંક્તિ - જે અર્થને અનુસરે છે.
(૨) લોકોત્તર પુરુષોની પંક્તિ - જેને અર્થ અનુસરે છે.

## તેન ત્યક્તેન ભુંજીથા: |

તેન = પૂર્ણ બ્રહ્મે દીધેલ અથવા
આત્મા બ્રહ્મે આપેલ સંપત્તિને દાન વડે ભોગવ.
ધનનો ત્યાગ કરીને જે કાર્ય થાય,
તે સત્યને પ્રગટ કરે છે તથા સત્યાનુભૂતિ જન્માવે છે.

હિરણ્મયેન પાત્રેણ |
સત્યનું મુખ સુવર્ણમય પાત્ર વડે ઢંકાયેલું છે.

## દેહને આધીન વિશ્વ છે,

જે દેહને પોતાને આધીન બનાવે, તે વિશ્વવિજેતા બને.

દેહને આધીન વર્તવું, તે સંસારમાર્ગ છે,
પોતાને આધીન દેહને પ્રવર્તાવવો, તે મોક્ષમાર્ગ છે.
મનને જે ગમે તે ન કરવું અને ન ગમે તે કરવું,
તે સંસારસાગર તરવાનો ઉપાય છે.

ભક્તિના બે પ્રકાર: (૧) મુક્ત્યર્થ (૨) પ્રીત્યર્થ.

એક ભક્તિ મોક્ષવૃદ્ધિ કરે, બીજી કૃપાબંધન કરે.

એક વાનરી, બીજી માર્જારી.

આદર અને પ્રેમ વચ્ચે ઘણો તફાવત છે.

કદાચ આદર ન હોય, તો ઘણો પ્રેમ હોવો જોઈએ.

પ્રાપ્તમાં અસંતોષ - એ આશંસાનું મૂળ.

શુદ્ધ ધર્મ કરવા માટે પ્રાપ્તમાં સંતોષી બનવું જોઈએ.

શુદ્ધ ધર્મથી જે પુણ્ય બંધાય, તે પુણ્યાનુબંધી હોય છે.

ત્રણની ત્રેવડ ઘણી

(૧) ત્રણ વસ્તુની કદર કરો: સૌજન્ય, નમ્રતા તથા શીલ.
(૨) ત્રણ વસ્તુને પ્રશંસો: બુદ્ધિ, પ્રતિષ્ઠા તથા ઈશ્વરકૃપા.
(3) ત્રણ વસ્તુનો તિરસ્કાર કરો: ક્રૂરતા, કૃતઘ્નતા, અજ્ઞાનતા.
(૪) ત્રણ વસ્તુથી દૂર રહો: જુગાર, વ્યસન અને ચોરી.
(૫) ત્રણ વસ્તુને પછવાડે ચાલો: રાજા, વકીલ અને વેશ્યા.
(૬) ત્રણ વસ્તુની આગળ ચાલો: મંદિર, ગૌશાળા, પાઠશાળા.
(૭) ત્રણ વાતને રોજે છોડો: ક્રોધ, લોભ અને મમતા.
(૮) ત્રણ વાતનો મદ છોડો: વિદ્યાનો, ધનનો તથા બળનો.
(૯) ત્રણ વાત જીવનમાં શીખો: વિદ્યા, દાન અને ધર્મ.
(૧૦) ત્રણ વસ્તુને અનુસરો: કાર્ય, સંત અને વફાદારી.

## આત્મશક્તિનું મહત્ત્વાંકન

સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુમાં જેમ અપાર શક્તિ પડેલી છે
અને તેનો વિસ્ફોટ થતાં તે પ્રકટે છે,
તેમ આપણી અંદર રહેલી આત્મશક્તિનું પણ છે.
જાણે અજાણે હરકોઈના જીવનમાં તેનો સ્પર્શ છે જ.
આપણે તેના વશમાં ન આવીએ અને
તેને જ તેનું કામ કરવા દઈએ,
તેને જેટલો મોકો આપીએ, તેટલું કલ્યાણ છે.
તેનો વિસ્ફોટ થતાં તેનું સાક્ષાત દર્શન પણ થશે.
ઉગ્રતા જેમ શક્તિ છે, તેમ એકાગ્રતા - સમાધિ તથા
સમાધાનની સ્થિતિ પણ એક અનોખી શક્તિ છે અને
કેવળ સ્વરૂપ જાણવું, તેનું સ્વરૂપ છે. સત્ય એટલે...
સાતત્ય, ધ્રુવ, નિત્ય, શાશ્વત, સનાતન, અખંડ અનંત.
કોઈપણ કામ ન કરવું, એ નિવૃત્તિ નથી, કોઈ કામ
ન કરવું, એ ય કામ કરવાની માફક એક વૃત્તિ જ છે.
નિવૃત્તિની સ્થિતિ આ બંનેથી ભિન્ન છે.
'મારી મુક્તિ' શબ્દ જૂઠો છે.
જ્યાં હું છું, ત્યાં મુક્તિ નથી - જ્યાં મુક્તિ છે, ત્યાં હું નથી.
'હું' એ એક દેહમાં નહિ પણ બધા દેહમાં વ્યાપેલો છે.

## વિદેહ થવાની સાર્થક

**અવાક્ - અમન - અનુચ્છ્વાસ - અકર્મ બની શકાય છે.**

વિદેહનો દેહ, અવાક્‌ની વાક્, અમનનું મન,
અનુચ્છ્વાસનો શ્વાસ, અકર્મનું કર્મ.
આદિ બિન્દુ વિદેહ અને અંતિમ બિંદુ અકર્મ.
અકર્મની નિષ્પત્તિમાં અધિક કર્મ સર્જાય છે.

(૧) મોક્ષ = આત્મા (૨) દેહ કે શરીર = મહાવિદેહ
(૩) નિવાસસ્થાન = નિર્ગ્રન્થ મુનિઓ
(૪) વિહારક્ષેત્ર = સર્વ તીર્થભૂમિઓ
(૫) સાધના = આગમો. 'ત્રિકરણાણં કૃતં ।' 'કૃતં કૃતં ।'

### સાધનાની ચતુરંગ પ્રક્રિયા

(૧) સ્થાપના : આકૃતિ (૨) અનુભવ : નામ
(૩) ધ્યાન : દ્રવ્યએકતા (૪) વિહાર : ભાવપરિણતિ.
ભાવ = અનુભવ = સ્વાનુભવ - એ સર્વ અનિવાર્ય છે.

૦ બાણમાંથી છૂટેલું તીર, હોઠમાંથી નીકળેલ શબ્દ અને હાથમાંથી સરી ગયેલો સમય - એક વખત નીકળી ગયાં પછી પાછાં આવતાં નથી. સમયનું મહત્ત્વ વિચારી, એની સાર્થકતા સમજી મહાપુરુષ જીવનનું ઘડતર કરે, તો એનું જીવન પોતાને માટે સ્વરૂપ - ભાવને અનુકરણીય બને.

શક્તિનું કેન્દ્ર = Spinal cord યા કરોડરજ્જુ.
આનંદનું કેન્દ્ર = અનાહત ચક્ર Heart centre.
ચેતનાનું કેન્દ્ર = મસ્તિષ્ક યા Brain.
જે નાડીવિજ્ઞાન અને નાડીઓમાં પ્રાણવાયુના સંચારને
જાણતો નથી, તે મહેનત કરવા છતાં સિદ્ધિને પામતો નથી.
સમ ગ્રીવઃ = સીધી ગ્રીવા = ટટ્ટાર ગરદન.
નાસાગ્ર = હોઠના ઉપરના ભાગથી ભ્રૂકુટિના
નીચેના ભાગ સુધીનો ભાગ, તે 'નાસાગ્ર' કહેવાય છે.
પ્રાણ - ઓજ - વીર્ય - શક્તિ - ઊર્જા
તત્પરસ્યૌજસો સ્થાનં ।
હૃદય એ ઓજનું પરમ સ્થાન ગણાય છે તથા
નાસાગ્ર, હૃદય અને નાભિ - ત્રણ ઓજનાં સ્થાન છે.
વ્યક્તિત્વ મર્યાદિત છે - અસ્તિત્વ અમર્યાદિત છે.
Beingness - Excistence = અસ્તિત્વ.
personality = વ્યક્તિત્વ.
એકાંત = One way - મનઃશાંતિ.
અર્ધ મત્સ્યેન્દ્રાસન - ત્રિબંધ - કપાલભાતિ ઉપરાંત કોઈ
પ્રાણાયામ તથા દીર્ઘ શ્વાસોચ્છ્વાસ સાથે આનાપાનસતી
કે શ્વાસનું દર્શન કરશો, તો આપ સુદીર્ઘપણે જીવશો.

આત્માને જુઓ - મનને જુઓ કે શ્વાસને જુઓ -
બધા પડે ધ્યાન છે અસ્તિત્વનું દર્શન.

શ્વાસસંવર - કુંભક એટલે શ્વાસ શાંત થવા,
ચિત્ત પ્રસન્ન થવું તથા શ્વાસ સ્વાભાવિક થવા.
હ = પ્રાણવાયુ, ઠ = અપાનવાયુ, યોગ = જોડાણવાયુ.
પ્રાણ તથા અપાનનું જોડાવું = હઠયોગ = આસનવિજય.
સૂર્ય - ચંદ્રનું મિલન = લયયોગ = નિદ્રાવિજય.
સંવર - નિર્જરાનું મિલન = રાજયોગ = આહારવિજય.
હઠયોગ - એક પુદ્ગલ પર સ્થિર દૃષ્ટિ - શ્વાસની શાંતિ.

સાધનાના ત્રણ સોપાન

આસનવિજય, નિદ્રાવિજય અને આહારવિજય.
શ્વાસની શાંતિ - મનની સ્થિરતા - બિન્દુ સ્થિરતા.
કષાય - માનસિક આવેગ - શ્વાસની ઝડપ.
શાન્ત મુદ્રામાં શરીર તનાવમુક્ત, શ્વાસ શાંત,
મન પ્રસન્ન અને કષાયો મંદ હોય છે.
કાયોત્સર્ગ = શ્વાસસંવર પ્રવૃત્તિ = વિષમતા નિવૃત્તિ.
સમતા આરોગ્ય - ધાતુસામ્ય, રોગ - ધાતુવૈષમ્ય (ચરક).
ક્રોધ = શ્વાસની ક્ષુબ્ધતા. મન, ઇંદ્રિય અને કષાય
- એ ત્રણે શત્રુ છે. એકને જીતવાથી ત્રણે જીતાય છે.

## ઈંદ્રિયસંવર એટલે આત્મદર્શન.

ભોજનની અસર શરીર અને મન - ઉભય પર પડે છે. ભોજન એ જીવનઘડતર માટે છે અને જીવનઘડતર આત્મદર્શન માટે છે. જે કંઈ ભોજન લેવામાં આવે, તેની પાછળ ઉદ્દેશ ચૈતન્યના દર્શનનો જ છે અને ચૈતન્યદર્શનમાં બાધક નહિ પણ સહાયક હોય, તેવા પદાર્થો જ ગ્રહણ કરાય. સ્વસ્થ કાયા રાખવાને માટે

હિત - મિત - પથ્ય - ઋત ભોજન જરૂરી છે.

कोऽरुक् ? हित भुक्, मित भुक्, ऋत भुक् ।

શક્તિનું ઉત્પાદન કેવળ ભોજનથી નહિ, પરન્તુ ભાવનાથી પણ થાય છે, માટે સદ્ભાવ ન હણાય, તેવું ભોજન લેવું, તે પથ્ય યા ઋત ભોજન છે.

આપણા આહારના પ્રોટીનમાંથી માંસ, ક્ષારમાંથી અસ્થિ અને ચીકાશમાંથી દેહમાં ગરમી તથા શક્તિ બને છે. ઘી વગેરે પોષકતત્ત્વ અને અન્ન - ફળાદિ રક્ષકતત્ત્વ છે.

ઈંદ્રિયોને જીતવી એટલે બહેરા - મૂંગા - અંધ થવું યાને શબ્દાતીત - રૂપાતીત - ગંધાતીત - સ્પર્શાતીત થવું.

શબ્દાતીત સ્થિતિની ઉપાસના ઉપરાંત શબ્દોથી પણ પાપની વૃદ્ધિ, દુઃખની વૃદ્ધિ, નિંદાનું આગમન થાય છે.

રોગીને નિરોગી કરવા દવાની અને દુવાની પણ જરૂર છે.
સ્વમાં સ્વસ્થ રહેવાય, અવસ્થામાં સ્વસ્થ રહી શકાય જ
નહિ, કેમકે અવસ્થા તો માત્ર કામચલાઉ ગોઠવણ છે.
વાસનાઓ-વૃત્તિઓ- જુના સંસ્કારોને જીતવા વિષયોનું
અગ્રહણ, અનાસક્તિ રાખી રાગદ્વેષ ન કરવા જોઈએ.
એક દૃષ્ટિએ પરદર્શન અને આત્મદર્શન અનિવાર્ય છે.

બે સત્તા છે : એક પરોક્ષ - બીજી પ્રત્યક્ષ.

પ્રત્યક્ષ સત્તા મનની અને પરોક્ષ સત્તા આત્માની છે.

અવિરતિ = આકાંક્ષા, વિરતિ = નિરાકાંક્ષતા.

દ્રષ્ટાભાવ = સાક્ષીભાવ = તટસ્થભાવ = સહજસમાધિ.

o

જ્ઞાતા - દ્રષ્ટાભાવ એટલે...

To observe, not to react or
To understand, not to compare
or To learn, not to decide.

In the theory of
Rest - motion, space - Time...
Time and space are the concepts of
human mind. Ultimate reality is
beyond time and space.

સર્વ ધર્મ, પ્રકૃતિના ધર્મ,
મન - બુદ્ધિ - ચિત્ત - પ્રાણ - આહારાદિના ધર્મો અનુક્રમે
સંકલ્પ - વિકલ્પ, તર્ક - વિતર્ક, રાગ - દ્વેષ,
આશા - તૃષ્ણા, મદ - માન વગેરે ધર્મોને છોડીને કેવળ
આત્મા અને પરમાત્માને શરણે જવાથી
બધાં કષ્ટો દિવ્ય બને અને સ્વપરનું શ્રેય સાધે છે.
ધૂળ ફાંકવા અને પડછાયાને પાછા પાડવું, તેના જોર જ
નિરર્થક બકવાદ કરવો અને સ્વપ્રશંસાના ગીત ગાવા,
તેના સ્થાને દયા - ભક્તિનાં બીજ વાવવા અને
સુકૃત્યની સ્તુતિ - પ્રશંસા કરવાં.

શ્રી તીર્થંકરોની આજ્ઞા મુજબ સંયમમાર્ગમાં
શક્તિનો સદુપયોગ કરવો અને દુનિયાના પ્રાણીમાત્રને
અભયદાન આપવું, તે વિવેકી માનવનું પરમ કર્તવ્ય છે.
આજ્ઞાપાલન વડે સ્વચ્છંદ રોકાય છે અને
અભયદાન વડે પાપ તો રોકાય જ છે અને તે ઉપરાંત
પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન પણ થાય છે.
અઢારમું મિથ્યાત્વશલ્યનું પાપ રોકવા માટે આજ્ઞાપ્રધાન
બનવું જોઈએ અને બાકીના સત્તર પાપ રોકવા માટે
અહિંસાપ્રધાન જીવન જીવવું જોઈએ.

પાપનાશ માટે અભયદાન - કર્મનાશ માટે આજ્ઞાપાલન,
બંને કર્તવ્યોનું એકસાથે પાલન કરવાથી ભવભ્રમણ મટે
અને મુક્તિરમણીના - અવ્યાબાધ સુખોના ભોક્તા થવાય.

પ્રભુની આજ્ઞા જીવોને અભય આપવાની છે તથા
જીવોને અભય આપવાથી પ્રભુઆજ્ઞા પળાય છે, એમ
પરસ્પર ઉપગ્રહકારક બની આજ્ઞા + અહિંસા મોક્ષ અર્પે છે.
આજ્ઞા વડે પ્રભુનું ધ્યાન - અહિંસા વડે જીવમૈત્રી.
એમ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય ભાવનાં
પરિણામ કેળવવાથી ચિત્તની શુદ્ધિ અને તે મુજબ
જીવન જીવવાથી કાયાની વિશુદ્ધિ સધાય છે.

પાપત્યાગની પ્રતિજ્ઞા અને તેના નિર્વહન માટે
રાત્રિભોજનના સર્વથા ત્યાગ સાથે પાંચ મહાવ્રતોનું
પાલન કરવું અનિવાર્ય બને છે. તે માટે નામ, ઘર,
ગામ, દેશ, નગર, વેષ, સગાવહાલાં, માતા-પિતા સર્વેનો
ત્યાગ કરી વેષ અને નામનું પરિવર્તન અનિવાર્ય છે.
આવું જીવન જીવવામાં જ મનુષ્યભવની સાર્થકતા છે.
આવી પ્રતિજ્ઞાઓ લીધા બાદ ઇચ્છા મુજબનું વર્તન
બંધ થઈ જાય છે અને જ્ઞાનીઓની આજ્ઞા મુજબ
જીવન જીવવાનું શરૂ થઈ જાય છે.

शिवपदसुखाभिलाषी निर्वेदी भवसुखेषु धीमांश्च ।
जगदुपकारे चित्तं लक्षणमासन्नमोक्षस्य ॥१॥

પ્રભુની આજ્ઞા મુજબ જીવન જીવવાનું શરૂ થઈ જાય,
પછી આવું જીવન કોઈને ત્રાસકારક નહિ અને
સર્વ જીવોને ઉપકારક પણ બને છે.

'સંસાર દુઃખમય છે પણ સંયમ સુખમય છે' એ ત્યારે
જ સમજાય કે જ્યારે સદ્ગુરુની આજ્ઞામાં રત રહીને
પંચ મહાવ્રતોની પ્રતિજ્ઞાના પાલનમાં સ્થિર થવાય.
માનાપમાન ભૂલીને સંયમમાર્ગના પાલન અને
પ્રચારમાં સુસ્થિર રહેનારને કોઈપણ સ્થાને ભય નહિ.
તે કેવળ મોક્ષસુખનો જ અભિલાષી બની
સંસારના સર્વ સુખ પ્રત્યે નિર્વેદ ધારણ કરે છે.
લીધેલ પ્રતિજ્ઞાઓનું પાલન પ્રાણના ભોગે પણ કરવું.
નાશવંત પ્રાણોથી આવા શુદ્ધ પ્રતિજ્ઞાઓનું પાલન તથા
આવા શુદ્ધ પ્રતિજ્ઞાઓને ઉપદેશનાર શાસનનું જો
રક્ષણ થઈ જાય, તો તેનાથી બીજો અધિક લાભ કયો?
ત્યાગી બનેલ આત્માએ લીધેલ પ્રતિજ્ઞાઓનું રાત-
દિવસ સ્મરણ રાખવું, તેનું પાલન કરવું અને તેનો
જ પ્રચાર કરવાની તાકાત આવે, તેવા પ્રયત્નમાં રત થવું.

પ્રતિજ્ઞાઓ ન લેનારે 'ક્યારે લઈએ ?'
તેવી ભાવનામાં રક્ત રહી તેની પ્રાપ્તિ શક્યપણે થાય,
તેવી જ પ્રવૃત્તિ આચરવી. જો આ પ્રમાણે થાય,
તો લેનાર અને બોલનારા - ઉભય કલ્યાણ સાધી શકે.
જે સાધે, તે સંસારથી છૂટે - જે નહીં સાધે, તે રખડે.
માટે પ્રત્યેક મોક્ષાર્થીએ પોતાના આત્માના હિત ખાતર
પાપવ્યાપારો તજી ભગવાને ઉપદેશેલી ઉત્તમ કોટિની
પ્રવૃત્તિઓની આરાધનામાં જ સતત ઉદ્યમશીલ બનવું.

આરાધના કરતાં અટલું ધ્યાનમાં રાખવું કે:

પ્રભુએ ફરમાવેલ ત્યાગમાર્ગમાં આવનારને
ઋદ્ધિ-સિદ્ધિ, બાગ-બગીચા કે ગાડી-ઘોડા નહિ મળવાના
પણ કઠિન વ્રત પાળવાનાં છે, ઉઘાડે પગે ચાલવાનું છે,
ભિક્ષા વડે આજીવિકા ચલાવવાની છે, શરીરસંબંધી સુખ-
સગવડોનો ત્યાગ કરવાનો છે, આટલું છતાં સંયમમાં જે
એક જાતનું સુખ છે, તે સુખ સંસારમાં કોઈને પણ નહિ.
શેઠ, શાહુકાર, રાજા, મહારાજા, ચક્રવર્તી કે ઇંદ્ર જેવા પણ
દુ:ખી છે, એક સાચો ત્યાગી જ સુખી છે. આથી ત્યાગમાર્ગની
મહત્તાને સમજનારા મુમુક્ષુઓ તેને પાળવાની ભાવનામાં
જ રહે છે તથા એ વડે પણ પોતાનું આત્મહિત સાધીને
કૃતકૃત્ય બને છે.

વળી આરાધના કરનારે એ પણ ધ્યાનમાં રાખવું કે:

એવા ત્યાગમાર્ગને પામવા છતાં પણ
જો યથાર્થ રીતે તેના પાલનમાં સાવધ ન રહેવાય,
તો પામેલું હારી જતાં પણ વાર લાગતી નથી.
માટે સહેજ વિચારવું જોઈએ કે :
મહાપુણ્યના ઉદયે મળેલાં પ્રભુપ્રણીત ત્યાગમાર્ગની
વધુ ને વધુ આરાધના કેમ થાય અને
અમારા યોગે બીજા પણ એ ત્યાગમાર્ગને કેમ પામે ?
ત્યાગમાર્ગ સ્વીકાર્યા પછી ઘર-બાર વગેરે ભૂલી જઈને
'હું પ્રભુશાસનનો એક અદનો સેવક છું'
એ યાદ રાખી સ્વપ્રાણના ભોગે પણ પ્રતિજ્ઞા અને તેને
દર્શાવનાર શાસનની રક્ષા કરવા કટિબદ્ધ થવું જોઈએ.
અનેકાન્તની રીતે વિચારતાં તો ધર્મના દરેક સંપ્રદાયો
કેવી રીતે ધર્મસન્મુખ છે, તે વિચારી શકાય, અન્યથા
Theory of Elimination - બાદબાકીનો સિદ્ધાંત
લાગુ કરતાં બધા જ બાદ થઈ જાય.
અન્યના દોષ તરફ દોરનાર તો
લાખો લોકો આપણને મળી આવશે, કિન્તુ
દોષોને ટાળવાનો ઉપાય કરનારા લાખોમાં કોક જ મળે છે.

સં.૨૦૩૩, મહા સુદી ૨, ગુરુવાર, સૂર્યોદય સમય
20-1-77, Lunana

શ્રદ્ધા એ દિવ્ય મનનું વાહન છે.

શ્રદ્ધાથી સંકલ્પનું બળ વધે છે, દેવતા પ્રસન્ન થાય છે. જેમ આરોગ્યનું વાહન રક્ત - શબ્દનું વાહન આકાશ, તેમ સર્વ દેવતાનું વાહન શ્રદ્ધા છે. તીવ્ર શ્રદ્ધાથી કરેલ સત્કર્મ સત્સંકલ્પવાળું હોવાથી નિયમા ફળે છે. સંકલ્પાત્મક સૂક્ષ્મ શરીરને ધક્કો મારવા માટે શ્રદ્ધા એક વાહન છે અને શ્રદ્ધાનું વાહન વિદ્યા છે.

यद् विद्यया करोति तदेव वीर्यवत्तरं भवति।

અર્થાત્: જે જ્ઞાન વડે કરે, તે જ શક્તિશાળી થાય છે. જે જાતની શ્રદ્ધા, તે જાતની વિધિ યા ક્રિયા અને જે જાતની ક્રિયા, તે જાતનો આચાર. સંકલ્પાત્મક શરીરને ચાલના આપવા માટે બધો વિધિ-વ્યવહાર છે.

અધ્યાત્મનું સ્વરૂપ જ્ઞાન - ધ્યાન - ભાન છે. સાધન વડે ઈશ્વરને આત્મા છે. तद् विष्णोः परं पदं, सदा पश्यन्ति सूरयः, दिवीव चक्षुराततम्।

જે સદૈવ દક્ષ અને ઉપાસનાશીલ રહેતાં હોય, તે પરમપદને માત્ર વિદ્વાન જ પામે છે.

અમોઘં દેવદર્શનં । અમોઘં સંતસેવનં । આત્મા વાઅરે
દ્રષ્ટવ્યઃ શ્રોતવ્યો, મન્તવ્યો, નિદિધ્યાસિતવ્યઃ ।
પ્રભુના દર્શન અમોઘ છે - સંતની સેવા અમોઘ છે.
શ્રવણાદિ સામાન્ય મનુષ્ય વિશિષ્ટ બને છે,
તેનું જ બીજું નામ 'પુરુષ' છે.
શ્રવણાદિ કીર્તન, નામસ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન,
દાસ્ય, સખ્ય, આત્મનિવેદન - સર્વનું ગ્રહણ કરવું છે.
મંત્રનો જપ અને તેના અર્થનું ધ્યાન,
એ પણ સ્મરણ રૂપ ભક્તિ છે.
ભગવદ્ભક્તની સેવા એ સાક્ષાત્ ભગવત્સેવા છે.
મહત્સેવા - તદ્દયાપાત્રતા - શ્રદ્ધા. જેવી શ્રદ્ધા, તેવું ફળ.
શ્રદ્ધાગુણ કસોટીમાં પણ સ્થિર રખાવે છે.
શ્રદ્ધા એ અનુભવ અને પરોક્ષજ્ઞાન વચ્ચેનો પુલ છે.
શ્રદ્ધા વડે પરોક્ષને અપરોક્ષ કરી શકાય છે. અશુદ્ધ કે
અવિધિયુક્ત પણ શ્રદ્ધાપૂર્વકનું કર્મ અવશ્ય ફળે છે.
ચોથી ભૂમિકા ગુણશ્રુતિની, પાંચમી રતિ અંકુરોત્પત્તિની,
છઠ્ઠી સ્વરૂપાધિગતિની, સાતમી ભૂમિકા પ્રેમની વૃદ્ધિની,
આઠમી તત્સ્ફુરણની, નવમી ભૂમિકા ભગવદ્ધર્મનિષ્ઠાની,
દશમી તદ્ગુણશાલિતાની, અગિયારમી પ્રેમપરાકાષ્ઠાની.

## પાંચ પ્રકારની મુક્તિની ભૂમિકાઓ

સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, સાયુજ્ય અને કૈવલ્ય.
આ બધી ભૂમિકાઓમાં મન કેન્દ્રબિંદુ પર લાવે છે.

## અનુષ્ઠાનની સફળતામાં મુખ્ય ચાર હેતુ:

વિધિ, વિશ્વાસ, ઇચ્છા અને પ્રયત્ન.
વિધિ અને વિશ્વાસ વડે શ્રદ્ધા કેળવાય છે.
શ્રદ્ધા વડે પ્રભુનું સાંનિધ્ય અનુભવાય છે. પ્રભુનું
નામ - રૂપ પ્રભુના વિરહમાં પ્રભુરૂપે કાર્ય કરે છે.
નામથી ૪ કષાય - રૂપથી ૫ વિષયોનું વિસર્જન થાય છે.

o સાહિબ સાહિબ સબ કહૈ, મોહિ અંદેશા ઔર;
સાહિબ સે પરિચય નહીં, બૈઠેંગે કિહિ ઠૌર. ...(૧)
નામ હી રાજ, પુનિ નામ હી ધ્યાન હૈ;
નામ હી ભક્તિ અરૂ વૈરાગ ભાઈ. ...(૨)
નામ હી નૂર, અરૂ તેજ પુનિ નામ હી;
નામ સે યોગ કી યુક્તિ પાઈ. ...(3)
નહી શબદ અરૂ સાચ પુનિત નામ હી;
નામ હી યોગ - જપ - તપ કીન્હા. ...(૪)
કહૈ કબીર કર્તવ્ય કછુ ના રહા;
રૈન હી રૈન ભજ નામ ચિન્હા. ...(૫)

અધ્યાત્મના સારનો ય સાર 'મેં આપનો રામ રિઝાઉં' છે.

ભગવાનની વાતો કરવામાં આપણે
અહીંયા બધો સમય વીતાવીએ છીએ કે ભગવાન સાથે
વાતો કરવાનું આપણા ભાગ્યમાં આવતું જ નથી. ખરી
વસ્તુ તો મન - બુદ્ધિ - અહંકારનાં પોપડાં દૂર કરીને
અંદરના અંતર્યામી સાથે સીધો જ સંબંધ બાંધવાની છે.
આ જીવનમાં કાંઈ પણ કરવા જેવું કામ હોય, તો આ
એક જ છે. આટલું ન થયું તો બધી જ સાધના, જપ,
તપ તથા શાસ્ત્રવચનોનો કોઈ અર્થ રહેતો નથી.

બધું 'મારું - મારું' કરે છે... પરન્તુ તું જેનો છે,
તેને એક ક્ષણ માટે પણ યાદ કરતો નથી, તેનું શું?
જેનાં દર્શન, સ્પર્શન અથવા સાક્ષાત્ અનુભવ વિના
જીવનમાં કોઈ સ્વાદ જ રહેતો નથી, તેને
અંદરનું બારણું ઉઘાડીને તથા કોઈ અલૌકિક ટહુકો કરીને
બોલાવવાના બદલે તેના વિષે જ બોલબોલ કરીએ છીએ,
તે એક - બીજાને રાજી કરવા કરીએ છીએ,
પરન્તુ ભગવાનને રાજી કરવા કાંઈ કરતાં નથી,
તેમની સાથે સીધી વાતો કર્યા વિના
આપણે માટે ક્યાંય ઠરવા ઠેકાણું નથી.

## સ્વાતંત્ર્યનો સાચો અર્થ તો એ જ છે કે:

આપણી ઉપર આપણા મનની સત્તા પણ ન ચાલવી. 'અમે સ્વતંત્ર છીએ, કોઈની પણ આણ માનતા નથી' એમ કહેવું અને નિરંતર મનમર્કટના ઈશારે નાચવું, તે ખરું સ્વાતંત્ર્ય નથી. પોતાના મનની ગુલામીને જે 'ઇચ્છાસ્વાતંત્ર્ય' શબ્દથી ઓળખાવશે, તે છેતરાયેલા છે. 'અમે કોઈનું ય નહિ સાંભળીએ' એમ કહેવું અને મન કહે તેમ કરવું, એથી પોતાના મન કરતાં જેટલાં વધુ અક્કલવાળા છે, તેનો જે લાભ ગુમાવવાનો થાય છે, એ બુદ્ધિમત્તા નહિ પણ મૂર્ખતા છે.

## ઇચ્છાસ્વાતંત્ર્ય = ઇચ્છાનો સમૂળ નાશ થવો.

જ્યાં પોતાનું કહેવાતું બધું - આકૃતિ દેહ, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, પ્રાણ - પરમાત્મા પાસેથી જ મેળવ્યું છે, માટે મનુષ્યે કૃતજ્ઞતાપૂર્વક પોતાની પાસે ધન, વિદ્યા, કળા, જ્ઞાન, શક્તિ વગેરે જે હોય, તે નિરહંકારપણે પરોપકારાર્થે અર્પણ કરતાં રહેવું, એ જ સાચી ભક્તિ, સાચું જ્ઞાન, સાચો ધર્મ, સાચી સંસ્કૃતિ છે.

જો તારે અમરત્વ જોઈતું હોય,
તો એકાગ્રતાની ઉપાસના કર - સમત્વની સાધના કર.

જ્યાં સુધી મૃત્યુને આપણે નહિ ટાળી શકતાં,
ત્યાં સુધી વ્યગ્રતાને, જે મૃત્યુનું જ બીજું નામ છે,
તેને ખાળી શકીએ છીએ, કદાચ અંતે તો
વ્યગ્રતા અને અસમતા જ મનુષ્યના ખરા દુશ્મન છે.
નિશ્ચયાત્મક બુદ્ધિનો અભાવ = આપત્તિઓનું ઉદ્ભવસ્થાન.
સમત્વ એ નિશ્ચયાત્મક બુદ્ધિનું બીજું નામ છે.
સમત્વં યોગ ઉચ્યતે । પ્રમાદો વૈ મૃત્યુઃ ।

સમતા - અપ્રમાદ - અવ્યગ્રતા અનિવાર્ય છે. બુદ્ધિવિકાસ મુશ્કેલ નથી, ચિત્તને વિશાળ - પ્રેમાળ બનાવવું મુશ્કેલ છે. કર્તવ્યનિષ્ઠ માનવ એજ ખરો વિદ્વાન છે અને ખરો તત્ત્વવેત્તા તે જ છે કે જે આત્માની ઉન્નતિ માટે દૈવી સંપત્તિની વૃદ્ધિ અને પોતાની શારીરિક, માનસિક, બૌદ્ધિક, આર્થિક શક્તિઓનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરે. મનુષ્યનું જીવન ક્ષણે ક્ષણે માતા - પિતા, ગુરુ, વડીલો, મિત્રો - આડોશીપાડોશીઓ, સમાજના ઇતર મનુષ્યો અને પશુપંખીઓ ઉપર આધાર રાખતું હોય છે. આ સૌનું ઋણ સ્વીકારી રોજના વર્તનમાં તેઓ પ્રત્યે કૃતજ્ઞતા બતાવવા અને ભલાઈપૂર્વક બદલો વાળવા ન ચૂકવું, એજ ઋણમાંથી મુક્ત થવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

ભૂખ લાગે ત્યારે ખાવું, એ પ્રકૃતિ છે,
અકરાંતિયા બનીને ખાવું, તે વિકૃતિ છે અને અર્ધભૂખ્યા
રહીને ય બીજા ભૂખ્યાને પ્રેમથી ખવરાવવું, તે સંસ્કૃતિ છે.
અણાહારીપદની પ્રાપ્તિ માટે સ્વેચ્છાપૂર્વક ભૂખ્યા રહેવું,
તે આત્મસાધના છે. આત્મસાધના એટલે વિષય - કષાય
સામે સતત - ઉગ્ર સાવધાની રાખવી તે. માનવદેહમાં
બધી ઇંદ્રિયોનો ઉપયોગ સ્વસ્વરૂપપ્રાપ્તિ માટે કરવાનો છે.
અણાહારી પદ મેળવવાની પ્રથમ શરત છે: સ્વાદ ઉપર
નિગ્રહ મેળવવો તે અને તે માટે આયંબિલ તપ છે.
જીવનમાં સદ્‌ગુણ એ સાધન નથી, સાધ્ય પણ છે,
ગુણગ્રાહક દૃષ્ટિ રાખવાથી સદ્‌ગુણ વધે છે. જેવું ચિન્તન
કરે, તેવું મનુષ્યનું મન બને છે. સાચું જ કહ્યું છે કે:
'જે બધે દોષ જુએ છે, તે અધમ છે.
જે દોષ અને ગુણ - બંને જુએ, તે મધ્યમ છે.
જે કેવળ ગુણ જ જુએ, તે ઉત્તમ છે અને જે માનવ
અલ્પગુણીને પણ મોટા કરીને જુએ, તે ઉત્તમોત્તમ છે.'
ગુણદૃષ્ટિ વડે જ સદ્‌ગુણ - દુર્ગુણનો નિશ્ચય કરાય છે.
એકેક ગુણ આત્મસાત્ કરવા માટે તપવું પડે છે.
ગુણચિન્તન અને ગુણધ્યાન એક તપશ્ચર્યા જ છે.

કર્મ એ મહાસત્તાનું વર્તમાન છે.
કર્મ એ અંતરની સિદ્ધિ - ઉપલબ્ધિનું પ્રદર્શન છે.
કર્મ વડે મહાસત્તાની અંતિમ કસોટી છે.
આગામી સંચિત અને ક્રિયમાણ કર્મનો નાશ થઈ શકે છે,
પરન્તુ પ્રારબ્ધ કર્મ તો તેને ભોગવવાથી જ નાશ પામે.
જીવન્મુક્તિ માટે વાસનાક્ષય અને મનોનાશનો યુગપત્
પ્રયત્ન કરવો. વાસનાશૂન્ય થવાથી મન શાંત થાય તથા
શાન્ત મન સ્વસ્વરૂપ અધિષ્ઠાનમાં પ્રતિષ્ઠિત થાય છે.
મનની આ એકાગ્રતા એજ તપ છે.
જીવ, જીવની ભિન્નતા, કર્મનું કર્તૃત્વ અને
કર્મફળનું ભોક્તૃત્વ બુદ્ધિથી પણ સમજી શકાય છે.
તદુપરાંત કર્મમુક્ત જીવોનું શુદ્ધ સ્વરૂપ અને કર્મબદ્ધ
જીવોના કષ્ટપૂર્ણ સ્વરૂપનો વિચાર જૈનદર્શન સમજાવે છે,
તેમાંથી ભવનિર્વેદ અને મોક્ષાભિલાષ ઉત્પન્ન થાય છે.
નિર્વેદથી ક્ષમાગ્રહ અને સંવેગથી દયાગ્રહ વિકસે છે,
દયામાંથી મૂળગુણો અને ક્ષમામાંથી ઉત્તરગુણો પ્રગટે છે.
તે બે વડે સકલકર્મનિર્મોક્ષ ન થાય, ત્યાં સુધી તપાગ્રહ
કે જે સહનશીલતારૂપ - શુદ્ધાત્માઓના ધ્યાનસ્વરૂપ છે,
તેનું અખંડ પાલન જરૂરી છે.

દયાથી મૂળગુણ અને ક્ષમાથી ઉત્તરગુણ ઉપજતાં
અપરાધી જીવો ઉપર ક્ષમા કરી અને નિરપરાધી જીવોની
દયાના અખંડ પાલન વડે મોક્ષ સાધી શકાય છે અને
ભવદુઃખનો અંત લાવી શકાય છે.

સંસારનાં સુખ - દુઃખ વસ્તુ કે પરિસ્થિતિમાં નહિ,
કિન્તુ સંકલ્પની પૂર્તિ - અપૂર્તિમાં જ છે.

જીવનમાં આગળ વધવાનો શ્રેષ્ઠ માર્ગ સરલ પોતાના
દોષો પ્રત્યે કઠોર બનવું - બીજાના દોષો પ્રત્યે કોમળ.

વિશ્વમાં સુકૃત થઈ રહ્યું છે, તે બધાનો સ્યાદ્વાદમાં
ફાળો છે, સ્વદોષો પ્રત્યે કઠોર બનનાર બીજાના દોષો
પ્રત્યે ઉદાર બની શકે છે. 'દોષો પોતાના છે - ગુણોની
પ્રાપ્તિ પરસહાયથી થાય છે' એ વિચારથી નમ્રતા આવે,
અને સ્વગુણોનો અહંકાર નાશ પામે.

દુઃખને સહવું તે સુખની ઇચ્છાના નિરોધરૂપ તપ છે.
સુખમાં પરોપકાર - સદુપયોગ તે વાસ્તવિક ત્યાગ છે.
સુખ વખતે ત્યાગ અને દુઃખ વખતે તપ એ સાધના છે.
ત્યાગથી મળતી ચિરશાંતિ ચિન્મય જીવન પ્રદાન કરે છે.
ભેદભાવ મટતાં સંયોગ સેવામાં અને
વિયોગ સત્ના યોગમાં પરિણમે છે.

## આપણો જીવનમંત્ર : આપો

'કોઈનું મારે ન જોઈએ, પરન્તુ સૌને મારું કામ આવો'
આ ભાવનામાં સાચી ઉદારતા છે તથા પરદોષને
વિસરી ગુણોને ન વિસરવા, એમાં હૃદયની વિશાળતા છે.

ભૂખ્યાંને ભોજન અને હારેલાંને હિંમત આપો.
તમારાથી ઊંચાને સન્માન તથા ભગવાનને ભક્તિ આપો.
દુઃખિયાને દિલાસો આપો, એકલા પડી ગયેલાંને સાથ આપો,
પડતાંને સધિયારો આપો, સ્નેહ આપો, હૂંફ આપો અને
બીજાના દુઃખને ટાણે અચૂકપણે હાજરી આપો.
દુઃખીને આશ્વાસન આપો તથા આપીને આશા ન રાખો.
જ્યાં આશા છે, ત્યાં નિરાશા છે. નિરાશંસ ભાવે આપો.
તેવી રીતે આપતાં શીખો કે લેનારને સુખ થાય, વળી
સંતોષ થાય અને દેનારને પણ આત્માનંદ થાય.

મુનિઓ વ્યાખ્યાનમાં ધર્મોપદેશ આપો,
પછી લેનાર લે કે ન લે, ઓછું લે અથવા અધિકું લે,
ધનવાન આવે કે ગરીબ આવે - એમાં તફાવત ન માનો.
આપણે દઈને ઉપકાર નથી કરતાં પણ લેનાર લઈને
આપણા ઉપર ઉપકાર કરે છે, એમ માનતાં શીખો.
ફૂલ બીજા માટે ખીલે છે, ઝાડ પરાર્થે જીવે છે,

નદી પરાર્થે વહે છે, ગાય દૂધ આપે છે, કૂતરા સેવા કરે છે,
પરન્તુ માનવ સર્વાધિક ઊંચો છે, પાંચ ઇંદ્રિય સાથે
મન - બુદ્ધિ - લાગણી - વિચાર પણ છે, તે શું કરે છે?
જમણો હાથ આપે, તેની ખબર ડાબાને ન પડવી જોઈએ.
એ રીતે સૌ આપીશું - લઈશું, તો જ સાચા રાહે જઈશું.
કુદરતે તક આપી છે - ધન આપ્યું છે - સમય આપ્યો છે,
તો આપો, નિઃસ્વાર્થ ભાવે આપો, દાન આપો, સેવા
આપો, ધન આપો, ફળ ને આશાઅપેક્ષા રાખ્યા વિના પેલાં
ઝાડની જેમ, ફૂલની જેમ, વહેતી નદીની જેમ આપો,

બસ આપ્યા જ કરો, નિર્વ્યાજ આપો,

લેનાર-દેનાર ઉભયને સુખ - આનંદ મળે, તેમ આપો.

માનવધર્મનો સૌથી પરમ અર્થ છે...

સૌની સાથે ભલાઈનો વ્યવહાર, સત્ય - પ્રેમ - સંયમ.

ધર્મમાં બીજું જરૂરી તત્ત્વ છે: આત્મજ્ઞાન,

પરમાત્માનો આત્મા સાથે સંબંધ,

પુનર્જન્મ અને ઉપાસનાનું જ્ઞાન તથા તેની અગત્યતા.

આત્મા સમાન સ્વનો લોપ થતાં જ સમસ્ત જગત,

જે પ્રથમ અશુભ ભરેલું લાગતું હતું,

તે જ સ્વર્ગ સમાન પરમ સુખદ ભરેલું લાગે છે.

'धर्मरत्न प्रकरण'માં કહ્યું છે કે:

दो पुरिसे धरउधरा अहवा दोहिंपि धारिया वसुहा।
उवयारे जस्स मई उवयरिअं जो न पम्हुसइ॥ અર્થાત્:

પરોપકારમાં જેની બુદ્ધિ છે, ઉપકારીને જે ભૂલતો નથી, એવા માત્ર બે જ પુરુષોથી આ પૃથ્વી ટકી રહી છે, અથવા આવા બે ને જ ધારણ કરી.

પરાર્થ એ તત્ત્વજ્ઞાનીઓનું સ્વરૂપ છે. આત્મજ્ઞાન રૂપી હીરાનો પરોપકાર એ પ્રકાશ છે. નિઃસ્વાર્થ સ્નેહ એ આત્મજ્ઞાનનું માપ કે યંત્ર છે. હીરો અને તેનો પ્રકાશ જેમ એક છે, તેમ આત્મજ્ઞાન અને મૈત્રીભાવ એક જ છે. આત્મજ્ઞાન થવાથી સાચો મૈત્રીભાવ પ્રકાશે. प्राणादिका प्रीतिर्मैत्री। સર્વ જીવોને આત્માની જેમ જોવા, તે મૈત્રી છે. જીવ કરતાં કોઈપણ ચીજ કિંમતી નથી. અરે! પોતાના પ્રાણનું પણ નહિ. સાચા મૈત્રીભાવથી મેઘરથ રાજાએ પોતાની કાયાને એ ત્રાજવામાં મૂકી દીધી હતી. બીજાનું દુઃખ દૂર કરવું, એવી જ બુદ્ધિ જ્યાં હોય છે, ત્યાં તેના આગળ પ્રાણની પણ કોઈ કિંમત નથી. મૈત્રીભાવવાળા જ સાચી મૈત્રીને માણી શકે છે.

મૈત્રીવાન જીવ જ પરમોપકારી પંચપરમેષ્ઠિઓને ભાવથી
નમી શકે છે. ઉપકાર કરવો અને ઉપકારીઓને યાદ કરવા,
તે સિવાય આત્મજ્ઞાનીઓને બીજો વ્યાપાર હોતો નથી.
એમની દરેક ક્ષણમાં આત્મજ્ઞાનીનું કાર્ય પરાર્થકારિતા છે.
જ્યારે સ્વાર્થ ભૂલી જવાય, ત્યારે જ સાચો સ્વાર્થ સધાય.
આત્મલાભ પ્રાપ્ત કરવાર્થે મનને આત્મા સાથે જોડવા
તથા અપધ્યાન દૂર કરવા માટે ભવિતવ્યતા ભાવ અને
અનિત્યતા ભાવ ભરપૂર રીતે પ્રાપ્ત કરવું જોઈએ.

મુખમાં પ્રભુનું નામ અને હાથમાં સેવાનું કામ
પ્રભુભક્તિ એ કલ્યાણની ઉજળી વાટ છે અને
જીવમૈત્રી એ ચિત્તપ્રસન્નતાનું પરમ ધામ છે.

જિનભક્તિ તથા જીવમૈત્રી - અરસપરસથી વિકસે છે.
ભક્તિ વિના ત્યાગ - મૈત્રી વિના ભક્તિનો અનુબંધ નથી.
ભાવથી પરમાત્માને ભજો - પ્રેમથી તેમને પામી શકાય.
પરમાત્માની ઓળખ જગતના જીવો સાથેના પ્રેમમાં છે.
પ્રત્યેક આત્મા તત્ત્વથી આપણામાં ગુપ્ત રીતે રહેલ
પરમાત્મા છે. ધર્મનું ધ્યેય છે પરમાત્મતત્ત્વને પ્રગટાવવું.

દયા અને દાન વડે આ માર્ગ ઉઘડે છે તથા
સત્ય અને પ્રેમ વડે આ માર્ગ પમાય છે.

## આપણા પ્રેમનો આદર્શ ભગવાન સાથે

માત્ર પ્રેમની ભાવના દ્વારા સંતોષાવવાનો નથી,
પરન્તુ ભગવાનના ભાવનો આવિર્ભાવ કરાવવા માટે છે.
સૌથી વધુ વ્યાપક આકાશ છે, તે કરતાં પણ વધુ વ્યાપક
પ્રભુનું નામ છે. ધર્મથી સુખસંપત્તિ – અધર્મથી વિનાશ.
પોતાની નબળી બાજુને મોટું સ્વરૂપ આપવું, કિન્તુ
પુરુષાર્થમાં વિશ્વાસ રાખવાથી તેને પણ જીતી શકાય છે.
અંશતઃ ધર્મારાધક = શીલસંપન્ન પણ શ્રુતસંપન્ન નહીં.

જેઓ જ્ઞાનવાન અને શ્રુતસંપન્ન છે, પરન્તુ
પાપથી વિરત નથી, તેઓ ધર્મના અંશતઃ વિરાધક છે.
પહેલાં દેશારાધક છે પણ સર્વવિરાધક છે,
બીજા સર્વઆરાધક છે પણ દેશવિરાધક છે.
શ્રુત અને શીલ બંને મળીને સંપૂર્ણ ધર્મ બને છે,
તેમાં શ્રુતવાન સર્વઆરાધક છે – દેશવિરાધક છે અને
શીલવાન દેશારાધક છે – સર્વવિરાધક છે.
ધર્મનો પક્ષપાત હોવાથી જ્ઞાનનો પ્રકાશ સૂર્ય સમ છે,
ધર્મનો અપક્ષપાત હોવાથી ક્રિયાનો પ્રકાશ ખદ્યોતતુલ્ય છે.

શાસ્ત્રીય જ્ઞાન એટલે...

શ્રોત્રિય, વિદ્વાન, well-read, બહુશ્રુત જાણીતું
તર્કશુદ્ધ, પ્રમાણભૂત, અનુભવસિદ્ધ, વાસ્તવિક જ્ઞાન.

## ભગવાનના નામસ્મરણનો મહિમા

ભગવાનના ગુણાનુવાદ કરીએ

જપ, સ્વાધ્યાય, દાન, પૂજન અને સાચું ભજન છે. જે ફળ દાન - પૂજન કે ધ્યાનથી મળે છે, તે ફળ એક નામસંકીર્તનથી મળે છે. શ્રદ્ધા અને ભક્તિ ન હોય, તો પણ નામકીર્તનથી તે પાપનાશ થવા વડે વધે છે.

નામસ્મરણમાં ચિત્તવૃત્તિને પરોવી દેવાથી ભગવાન પ્રસન્ન થઈને ભોગ અને મોક્ષ આપે છે.

૪ વેદ, ૬ દર્શન, ૧૦૮ ઉપનિષદો અને ૧૮ પુરાણોમાં પરબ્રહ્મ પરમાત્માનો મહિમા અને તેના જ ગુણાનુવાદ ગાવામાં આવ્યા છે.

### શ્રવણ શા માટે જરૂરી ?

શ્રવણમાં શબ્દો દ્વારા વક્તાનો જીવંત ચૈતન્યપ્રવાહ શ્રોતા તરફ વહેતો હોય છે. શ્રવણની ક્રિયામાં મનનાત્મ જીવંત સંબંધ, હૃદયથી હૃદયનો સંબંધ નિર્માણ થાય છે.

દીપક અને તેની જ્યોતિના પ્રકાશની જેમ શબ્દ તથા અર્થનો નિત્ય સંબંધ છે.

અર્થશાસ્ત્ર કહે છે: હકની રક્ષા કરવી, એ કર્તવ્ય છે.
ધર્મશાસ્ત્ર કહે છે: કર્તવ્ય કરતાં રહેવું, એ હક છે.

## જપની સાથે સ્વાધ્યાય

સ્વાધ્યાય એટલે ગુહ્યધર્મોનો વિચાર.

પ્રણવના જપ અને ધ્યાનથી સંપૂર્ણ ધારણા, સર્વ વિઘ્નોનો વિનાશ અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

ઇંદ્રિયો દ્વારા મનુષ્યોની ચૈતન્યશક્તિનો પ્રવાહ જે બહિર્મુખ થાય છે, તે જપ દ્વારા અંતર્મુખ થઈને આત્મદર્શન કરાવે છે, એને 'પ્રત્યક્ ધારણા' કહે છે.

શાસ્ત્રકારોનો અભિપ્રાય અને
સાધુ - સંતોનો અનુભવ, બન્ને એકસરખાં જ રહ્યાં છે.

સમસ્ત યજ્ઞોમાં જપયજ્ઞ સૌથી ઉત્તમ છે.

યજ્ = to worship & sacrifice.

જપ = ઉચ્ચારણે । તે બોલાવવું અર્થમાં છે.

વગર ગાયત્રીના જપ પ્રાયઃ અફળ જઈ શકે છે.

જેનાથી અધિક પ્રાપ્ત કરવા જેવી કોઈ બીજી શ્રેષ્ઠ વસ્તુ છે જ નહિ અને જેની પ્રાપ્તિથી મનુષ્ય સર્વ પ્રકારનાં દુઃખ અને ક્લેશથી સદાને માટે મુક્ત થઈ આનંદસ્વરૂપ બને છે, તે છે પરમાત્માનો સાક્ષાત્કાર.

પહેલાં પ્રેમ, પછી ત્યાગ, છેલ્લે શાંતિ.

પ્રેમમાં સમ - ત્યાગમાં સમ અને શાંતિમાં સામ્ય છે.

આપણા શરીરને ધારણ કરે તે ધાતુ,
શરીરની સાત ધાતુનો સાર છે ઓજ,
એનું મૂળ બળ, એનું ખાસ સ્થાન આપણું હૃદય,
તેની ચિકિત્સા અને મુખ્ય સાધન મનની પ્રસન્નતા
એનું સાધન અષ્ટાંગ યોગ,
તથા મનની પ્રસન્નતાનું મૂળ છે સુખ - દુઃખ,
લાભ - હાનિ, માનાપમાન, જય - પરાજયમાં સ્થિરત્વ.
તે સ્થિરત્વનું સાધન છે સ્થિતપ્રજ્ઞતા.
સ્થિતપ્રજ્ઞતાનું સાધન છે યોગ, યોગાસન, અષ્ટાંગ યોગ.
શાંતિ - સમાધિ બધાનું મૂળ છે તત્ત્વજ્ઞાન તથા
આત્મજ્ઞાન છે તેનો પરમ ઉપાય.
રાજયોગ મનની અદ્ભુત શાંતિ આપે છે,
માનસિક તાણ દૂર કરે છે, અતીન્દ્રિય સુખ આપે છે,
મન - બુદ્ધિ અને પાપના સંસ્કારોને શુદ્ધ કરે છે,
વ્યસન - વિકારોને હરે છે અને પ્રાંતે
હૃદય તથા મગજ માટેનું ઉત્તમ ટોનિક તૈયાર કરે છે.
ચાંદીના તાળાને સોનાની ચાવીથી બંધ કરવાની કળા
એટલે ચાંદી જેવા ઉજ્જ્વળ મુખને હું પ્રતિજ્ઞારૂપી સ્વર્ણિમ
કૂંચીથી બંધ કરું છું: કોઈની ય નિંદા નહિ કરું, નહિ સાંભળું.

## રોજ ૨૦ વાર મનમાં બોલવું કે :

'હું સર્વશક્તિમાન મહાન પ્રેમમય આત્મા ધર્મમાં સ્થિત થઉં છું. હું મારા માનસિક દૃઢ સંકલ્પ, નિશ્ચય, પ્રતીતિ તથા ઇચ્છાશક્તિનું નિર્માણ કરું છું.

હું આત્મા સમસ્ત બળનો મહાસાગર છું.

મારી આત્મશક્તિ સમગ્ર શરીરના સ્નાયુઓને તથા જ્ઞાનતંતુઓને પુષ્ટિ આપનારી છું.

હું મનથી અને કાયાથી પદાર્થોનો મોહ છોડું છું.

હું ચૈતન્યસ્વરૂપ - બળસ્વરૂપ છું.

પ્રતિદિન સંપૂર્ણ નિરોગી - બળવાન બનતો જાઉં છું.

હું મારા સર્વ કાર્યોની સિદ્ધિ - ઉન્નતિ કરી રહ્યો છું.

અનંત, નિત્ય ક્રિયાશીલ, બુદ્ધિશાળી, દિવ્ય મન, અતિશય બળું દિવ્ય મન is the secret of all laws.

Divine - will power એટલે

બળ - શક્તિ અને દિવ્ય કલ્પનાઓ.

શરીર ભૌતિક હોવા છતાં મનના કાયદાને અનુસરે છે.

શરીર ખુદ એક (ભૂતકાલીન) માનસિક કલ્પના છે.

પ્રભુ સર્વવ્યાપક છે, સર્વ દેહમાં બિરાજમાન છે પ્રભુ

તે મહાસત્તાના ધ્યાનમાં આવતું નથી અને

તે પોતાના દેહમાં જ રચ્યો - પચ્યો રહે છે, પછી એને
પરમાર્થ કરવો કડવો અને સ્વાર્થ ગળ્યો લાગે છે,
તેમ થવાથી જ એકબીજા પરસ્પર વિરોધો અને ઝઘડાઓ
ઊભા થાય છે અને આખો સંસાર વિકટ બની જાય છે.

આપણી જિહ્વારૂપી ધનુષ ઉપર
પ્રભુનામરૂપી બાણ ચડાવીને તન્મયતાપૂર્વક
નિશાનને તાકવાથી તે પરમ તત્ત્વ હસ્તગત થાય છે.
એ માટે જરૂરત રહે છે પ્રતિભાની.
પ્રતિભા હોય તો પરમ બુદ્ધિ દ્વારા પ્રાપ્ત
પ્રેમરૂપ સ્વર્ગ હૃદયમાં જ દેખાવા માંડે છે.

## પ્રભુનામસ્મરણ માર્ગનો મહિમા

ઈશ્વરપ્રાપ્તિના સર્વ માર્ગોમાં નામસ્મરણમાર્ગ અત્યંત સરળ - અચૂક છે. પ્રભુનામમાં બધાં સાધન - સિદ્ધિ છુપાયેલાં છે. સ્થિર બુદ્ધિરૂપી સમાધિ, કર્મ-યોગ, દયા-ક્ષમાદિ દૈવીસંપત, ભૂતમાત્રમાં સમત્વરૂપ ભક્તિ, યમ-નિયમ-શમ-દમ-સંતોષાદિ ગુણો અને અંતે અજ્ઞાનનું નિરસન કરનાર જ્ઞાન - વિજ્ઞાન! નામસાધનમાં બધાં જ સાધન સમાવેશ પામેલાં છે. જીવને નવજીવન બક્ષનાર ભવજીવન પણ પ્રભુનામમાં જીવંત છે.

कषायमुक्तिः किल मुक्तिरेव ।

અર્થાત્: કષાયથી મુક્તિ એ જ ખરેખર મુક્તિ છે.
ધર્મનું ધ્યેય છે: વૈરનું વિસર્જન અને ધર્મસ્નેહનું સર્જન.

દુષ્કૃતગર્હા વડે મરણ સમાધિવાળું બને છે,
સુકૃતાનુમોદના વડે જીવન અદીન બને છે અને
ચતુઃશરણાગમન વડે પરલોક સુખકર બને છે.

દુઃખ આવતે દુષ્કૃતગર્હા કરાય,
તો દુઃખજનિત દુર્ધ્યાનનું નિવારણ થાય છે.
સુખ આવતે સુકૃતાનુમોદન થાય,
તો સુખજનિત હર્ષ ધ્યાન દૂર થાય અને સમસુખ-
દુઃખ સ્થિતિમાં પ્રભુસ્મરણ થાય, તો પરલોક સુધરે છે.

मातेव सर्वभूतानां अहिंसा हितकारिणी ।

અહિંસા એટલે આખા જગતના પ્રાણીમાત્રને
સગાભાઈ તરીકેનો સ્નેહશીલ - સ્નેહવચન - અભયદાન.
અહિંસા = સમગ્ર જીવસૃષ્ટિને સ્નેહનજરે નિહાળવા.
અહિંસા = જગતની માતા, હિતકારિણી જનેતા.
અહિંસામાતાની છત્રછાયામાં પ્રાણીમાત્રને પ્રેમના પ્રવાહમાં
નવરાવવા દેતાં વાત્સલ્યનો વિરાટ ધોધ પ્રગટે છે.
માતા એટલે કરુણામૂર્તિ, ત્યાગમૂર્તિ અને પ્રેમમૂર્તિ.

અહિંસા અદ્વૈતની સ્થિતિ છે.
અહિંસાનું આચરણ વિવેક પ્રધાન છે.
અહિંસા મનુષ્યને આત્મજાગૃતિ તરફ લઈ જાય છે.
અહિંસાથી જ ક્ષમાનો ઉદય થાય છે. અહિંસા પોતાના
સમર્પણનું સાધન છે અને પુરુષાર્થને જન્મ આપે છે.
અહિંસા નિત્ય ચિરપ્રશાંત સ્થિતિ છે અને
તે મનુષ્યને પરમ સામ્યાવસ્થા સુધી લઈ જાય છે.
મનુષ્યે સાધુ થવાનું નથી પણ સાધુ બનવાનું છે.
સાધુનો વેષ પહેરીને છેલ્લો શ્વાસ છૂટે,
ત્યાં સુધી સાધુ બનવાની સતત સાધના કરવાની રહે છે.
સંયમથી મનોબળની વૃદ્ધિ થાય છે.
ત્રયમેકત્ર સંયમઃ। એક જ લક્ષ્યમાં
ધારણા - ધ્યાન - સમાધિ કરવાથી સંયમ સિદ્ધ થાય છે.
અહિંસાની ધારણા, સંયમનું ધ્યાન અને તપની સમાધિ
- એ ત્રણે મળીને ધર્મની સિદ્ધિ થાય છે.
અહિંસા એટલે દાનાદિ ધર્મોનો સમુચ્ચય,
સંયમ એટલે ક્ષાન્ત્યાદિ ધર્મોનો સમુચ્ચય અને
તપ એટલે જ્ઞાનાદિ ધર્મોનો સમુચ્ચય.
ઉપશમ, વિવેક, સંવર = દર્શન, જ્ઞાન, ચારિત્ર.

મૈત્ર્યાદિ ૪ ભાવના ક્ષાન્ત્યાદિ દશ ઉત્તમ ધર્મોનું બીજ છે,
તે દશ ધર્મો સંવર - નિર્જરા અને મોક્ષનાં બીજ છે.

મોક્ષનું કારણ સંવર - નિર્જરા,
સંવર - નિર્જરાનું કારણ દશવિધ યતિધર્મ,
દશવિધ યતિધર્મનું મૂળ અહિંસા, સંયમ, તપ અને
અહિંસા, સંયમ, તપનું બીજ મૈત્ર્યાદિ ભાવો છે.
તે ભાવો પંચ પરમેષ્ઠિઓમાં પરાકાષ્ઠાએ પહોંચેલા છે,
તેથી તેનું બહુમાન પાપનાશક અને પુણ્ય ઉત્પાદક છે.
પુણ્યથી ભવ્યત્વપરિપાક અને સહજમળનો હ્રાસ થાય,
તે વડે સ્વપર હિત સધાય છે, તેના પરિણામે આઠ
કર્મક્ષય થાય છે અને અનંત ચતુષ્ટયનો લાભ થાય છે.
સંયમ એટલે વિહિત અનુષ્ઠાન વિષયક પ્રણિધાન.
વિહિત = ભક્તિ, અનુષ્ઠાન = ક્રિયા, પ્રણિધાન = જ્ઞાન.
ક્રિયાયોગનો વિષય અહિંસા, સંયમ અને તપ છે.
અહિંસાથી ભક્તિ, સંયમથી ક્રિયા, તપથી પ્રણિધાન.
એમ 'સંયમ' શબ્દ ભક્તિ - જ્ઞાન - ક્રિયાનો સૂચક છે.

અહિંસા વિશ્વરક્ષક છે, માટે ભક્તિપ્રેરક છે.
સંયમ સ્વરક્ષક છે, માટે ક્રિયાપ્રેરક છે.
તપ સ્વપર ઉભયરક્ષક છે, માટે જ્ઞાનપ્રેરક છે.

લેવું એ જેમ શરીરનું અન્ન છે, તેમ
દેવું એ આત્માનું અન્ન છે. આપતાં શીખો અને આપીને
આયુષ્ય મંગળમય, આરોગ્યવાન તથા સંસ્કારયુક્ત બનાવો.
સત્સંગનું પથ્ય પાળો, જીવન શાંત - નિરપેક્ષપણે ગાળો.
સત્કૃત્ય કરવું અઘરું અને પીડા વહોરવા સમ લાગશે;
પરંતુ પીડા એ જ પીડાનિવારણનો ઉપાય છે.

પલંગાદિ ભરવું હોય, તો પલંગની રસી મજબૂત જોઈએ,
તેમ દુઃખ દૂર કરવું હોય,
તો થોડું દુઃખ રાજીખુશીથી સ્વીકારતાં શીખવું જોઈએ.

સત્સંગથી મનનું સમાધાન થાય છે,
મન તાજગીયુક્ત બને છે તથા નાડીના ધબકારા ઘટે છે.

કોઈનું દુઃખ દૂર કરવાથી
આપણા આત્માને એક પ્રકારની શાંતિ મળે છે.

જ્ઞાનીને રોગ એ રોગ - કષ્ટ એ કષ્ટ નહિ, તપ છે.

મનુષ્ય ગમે તેટલી ઇચ્છા કરે, પરન્તુ
પ્રારબ્ધથી અધિક મળતું નથી,
જો પ્રારબ્ધમાં હોય છે, તો કોઈ લઈ જતું નથી અને
જો પ્રારબ્ધમાં ન હોય, તો કોઈ આપી દેતું નથી.
આ જન્મ થયાં પહેલાં પ્રારબ્ધ બંધાય છે.

## <u>નવકાર ગણવા પહેલાં શું કરવું જોઈએ?</u>

નવકાર મંત્રના જાપનો પ્રારંભ 'અર્હન્તો ભગવન્ત'ની
સ્તુતિ કરી બાદ કરવો જોઈએ.

<u>નમસ્કાર મહામંત્રની સ્તુતિ નીચેના શ્લોકો વડે કરવી:</u>

(૧) મંત્રં સંસાર સારં...
(૨) શરીરં સુરૂપં સુરમ્યં શરીરં...
(3) શોભા નરાણાં પ્રિય સત્ય વાણી,
વાણ્યાશ્ચશોભા ગુરુદેવભક્તિઃ।
ભક્તેશ્ચ શોભા સ્વપરાત્મબોધિઃ,
બોધિસ્ય શોભા સમતા ચ શાન્તિઃ॥ વગેરે...

<u>બાદ પછી નમસ્કાર મહાત્મ્યના શ્લોકો બોલવા જોઈએ:</u>

(૧) જિનશાસનસ્ય સારો (૨) એસો અણાઈકાલો
(3) પરમેષ્ઠિનમસ્કારઃ સારઃ સદ્ધર્મકાર્યસ્તુ।
નવનીતં યથા દધ્નઃ કાવ્યત્વં ચ યથા ધ્વનિઃ॥ આદિ...

વળી નવકાર ગણવા પહેલાં સર્વ જીવોના અપરાધની ક્ષમાપના તથા કર્મના કટુ વિપાકોનું ચિંતન કરવું જોઈએ. 'સર્વ જીવો દુઃખમુક્ત, પાપમુક્ત અને કર્મમુક્ત બનો' એવી ભાવના કરી નવકાર મંત્રની પ્રાપ્તિ થઈ તે માટે દેવ-ગુરુ-સંઘ-સાધર્મિકનો ઉપકાર માનવો જોઈએ.

જોઈએ ન મળે, ત્યાં સુધી એવી ભાવના કરવી જોઈએ કે:
'ભવોભવ નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ થાઓ.'

જાપ પૂરો થતાં જાણે અવિધિ તથા આશાતનાનું મિચ્છામિ દુક્કડં દઈને જાપ જે આસનલીન, ક્રિયાલીન અને મંત્રલીન થઈ કર્યો, તેની ક્ષમા માગવી જોઈએ.

નમસ્કાર મહામંત્રમાં નમસ્કાર છે, તેમાં નમવું અર્થાત્ નમ્રતા એ મનોવૃત્તિનો ધર્મ છે. તે વૃત્તિ આ લોકમાં સર્વથી સૂક્ષ્મ મનાય છે, તેથી જ 'નમો' પદના ધ્યાન દ્વારા અણિમાદિ આઠે સિદ્ધિઓ સહજ પ્રાપ્ત થાય છે. મનોગતિ અતિસૂક્ષ્મ છે, તેમાં ય નમનવૃત્તિ સૂક્ષ્મતર છે.

નમો = લયયોગ, અરિહં = પ્રલયયોગ - જ્યોતિ,
અર્હં = વર્ણમાતૃકા. ૐ = કલા, હ્રીં = નાદ, અર્હં = બિન્દુ.

પ્રવચનમાતા = રત્નત્રયથી યુક્ત આત્મા
નમસ્કૃતિમાતા = પંચ પરમેષ્ઠિમય અરિહંત
ત્રિપદીમાતા = ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યયુક્તં સત્

ૐ સંબોધન = ઊર્ધ્વતાસામાન્ય, આર્તધ્યાન પરિહાર.
અર્હં વિશેષિકા = તિર્યક્સામાન્ય, રૌદ્રધ્યાન પરિહાર.
નમઃ દ્રાવિકા = ધર્મ - શુક્લધ્યાન, પૂર્ણ મંત્ર પંચાક્ષરી.

## ૐકારનું માહાત્મ્ય

અકાર, ઉકાર, મકાર રૂપી ત્રણ પૈડાંની ગાડી છે,
જેનું અવલંબન કરી ભક્તિ (સંયોગ) અને વૈરાગ્ય રૂપ
(નિર્વેદ) - બે પગ ઉપર ભાર દઈ ઉભા થવાય છે.
તેવી રીતે સાધક ઓંકાર દ્વારા વૃત્તિનું ઉત્થાન કરી
વૃત્તિ વડે આત્માનું ધ્યાન કરવા પ્રયત્ન કરે છે, ત્યારે
શબ્દ શાંત થઈ જાય, તો પણ
વૃત્તિ થોડી વાર ટકીને પછી શાંત થાય છે.
માટે કહ્યું છે કે : 'એતદાલંબનં શ્રેષ્ઠં ।'
શ્રોત્ર દ્વારા શબ્દનું શ્રવણ થતાં વૃત્તિ ઉત્થાન પામે છે.
શબ્દવાચ્ય અર્થની સાથે વૃત્તિનું અનુસંધાન થાય છે.
શરીર એ સમગ્ર બ્રહ્માંડની કાર્યકારિણી એવી
કુંડલિની મહાશક્તિની પ્રાપ્તિનું સાધન છે,
તેમાં જ શિવ - શક્તિનું ઐક્ય સાધી શકાય.
પિંડ જ શક્તિનું વાહન હોવાથી અસત્‌નો ત્યાગ નહીં,
શરીરની સાધના - એ મુખ્ય લક્ષ્ય બનવું જોઈએ,
વિઘ્નકર્તા મનને ધ્યાન - પ્રાણાયામ વડે જીતવાથી અંતે
આત્મશોધન - સચ્ચિદાનંદ પૂર્ણ સ્થિતિ પ્રાપ્તિ થાય છે.
એ જ નાદ - જ્યોતિ - રસાદિ શબ્દોથી ઓળખાવાય છે.

તે દ્વારા થતી સમાધિ એટલે જ
કૈવલ્યાવસ્થા - તુર્યાવસ્થા અને મહાશૂન્ય.
એ માટે ગુરુના વચનનું શાંતિથી ધ્યાન કરવાનું હોય છે.
એ સ્થિતિમાં અંતરમાં ગુંજતો નાદ તે જ નાદાનુસંધાન.
શક્તિના કેન્દ્રો સ્થિર છે.
માનવમાં સુપ્તપણે પડેલી નાદશક્તિને જડતામુક્ત કરી
શરીરની મધ્ય નાડી સુષુમ્ણાના માર્ગે દોરવામાં આવે,
ત્યારે મન શૂન્યમાં આવી શિવત્વ પ્રાપ્ત કરે છે.
આવું વિશુદ્ધ શૂન્યત્વ એજ નિર્વાણપદ છે.
તે સર્વજ્ઞાનના અને કર્મોથી મુક્ત તત્ત્વાતીત અવસ્થા છે,
જે શિવ-શક્તિનો અભેદ સમજ ભેદથી પ્રાપ્ત થાય છે.
શબ્દયોગ = આ સાધનાની સફળતા માટેનું સહાયક સાધન.
ઉપનિષદ: ઓંકારના નામસ્મરણથી બ્રહ્મજ્ઞાન થાય છે.
ઓંકાર = ઓંકારની સાધના = નાદ-બિંદુ સાધના.
આ સાધનાથી શિવત્વ પ્રાપ્ત થાય છે.
નાદ વ્યક્ત અને બિંદુ અવ્યક્ત અવસ્થાનું નામ છે.
પરબ્રહ્મ અને શબ્દબ્રહ્મમાં કોઈ ભેદ નથી. પરમ પદની
પ્રથમ સ્થિતિ નાદ અને બિંદુ દ્વારા થાય, આથી તેના
સાક્ષાત્કાર વખતે નાદ, ધ્વનિ, શુદ્ધ જ્યોતિ અનુભવાય છે.

શબ્દયોગની સહાયથી અધોમુખી શક્તિ ઉર્ધ્વમુખી બને છે.
તેને 'ઉલટા સાધન' તરીકે ઓળખાવાય છે.
શિવ-શક્તિ અભિન્ન છે. પરમેષ્ઠિની સાથે જોડાયેલી
ચિત્ શક્તિ ક્રિયાશીલ બને, ત્યારે વિશ્વ ઉદ્ભવે છે
તથા જ્યારે નિષ્ક્રિય રહે, ત્યારે વિશ્વ લય પામે છે.
દેહાભિમાનને કારણે જ જીવ પોતાના દેહમાં રહેલાં
શિવત્વને પામી શકતો નથી, આથી સાધના અનિવાર્ય છે.
દેહ હોવા છતાં જ દેહથી અતીત આત્માવસ્થાનું ભાન થાય.
આવી દેહાતીત અવસ્થા નાદની સહાયથી પ્રાપ્ત થાય છે,
તેને જ 'અમનસ્ક' કે 'ઉન્મની અવસ્થા' કહેવાય છે.
બ્રહ્મવાયુથી શબ્દહીન નાદ ઉદ્ભવે છે.
દેહમાં તે પ્રતિષ્ઠિત અનાહત નાદ રૂપે ધ્વનિ કરે છે,
તેને જ 'અજપાજપ' કહેવાય છે.
શરીરમાં તે સ્રોતની જેમ નિરંતર વહે છે, એને ૐ મંત્ર
દ્વારા પ્રકટ કરવામાં આવે છે. ઓંકાર પ્રાપ્ત થતાં જ
પરમપદને 'નિર્વાણ' અથવા 'અનામ' કહેવામાં આવે છે.
પાણી જેવું મીઠું છે, તેમ વાણી અરિહંતની છે.
શરીરને પાણી તથા આત્માને વાણી વિના ચાલે નહિ.
પાણી શરીરનું જીવન છે, વાણી આત્માનું જીવન છે.

નવકાર = કૃતજ્ઞતા, નવપદ = પરોપકાર.

ગ્રીષ્મનો સૂર્ય જેમ ખારા સમુદ્રમાંથી જલ ખેંચી મેઘરૂપે મીઠું જલ પૃથ્વી ઉપર વરસાવે છે, તેમ અસાર સંસારસાગરમાંથી સિદ્ધ પરમાત્મા રૂપી પ્રખર સૂર્યના ધ્યાનથી અરિહંત પરમાત્મા ધર્મના વચનનો વરસાદ વરસાવનાર જિનનામ નિકાચિત કરી તેના વિપાકોદય વખતે દેવનિર્મિત સમવસરણમાં બેસી અષાઢી મેઘની ગર્જનાની જેમ વાણીનો પુષ્કરાવર્ત મેઘ વરસાવે છે, તેમાંથી જ બાવન અક્ષરોરૂપી લિપિ અને તજ્જન્ય શાસ્ત્રસમૂહ મળે છે. નવકારના પ્રથમ જે અક્ષર 'નવ' અક્ષરરૂપી ગણિતમાંથી વિશ્વની ૪ ગતિ, ૫ જાતિ, ચોરાસી લક્ષયોનિનું જ્ઞાન થાય છે, વળી પાપપરિવર્જન, સુકૃતસેવન, કૃતજ્ઞતાપાલન અને પરોપકાર ગુણનું આસેવન થઈને જીવનું શાશ્વત જીવન અને તેમાં જ્ઞાનાનંદનું અમૃત સમાન ભોજન પ્રાપ્ત થાય છે તથા દુષ્કૃતગર્હા + સુકૃતાનુમોદનાપૂર્વક સર્વ દોષરહિત અને સર્વ ગુણસહિત એવા પરમેષ્ઠીઓનું ધ્યાન થાય છે.

નવકાર = કૃતજ્ઞતાનો મંત્ર. નવપદ = પરોપકારનું ધ્યાન.

નવકાર અને નવપદ વડે શાશ્વત જીવન મળે છે.

કૃતજ્ઞતા - તીર્થ, સ્વતંત્રતા - તત્ત્વ.

અરિહંત નમસ્કાર કૃતજ્ઞતાભાવ કેળવે છે,
સિદ્ધ નમસ્કાર સ્વતંત્રતાને મેળવી આપે છે.
કૃતજ્ઞતામાં દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના સમાયેલા છે,
સ્વતંત્રતામાં ચતુઃશરણગમન રહેલું છે.
કૃતજ્ઞતામાં સ્વલઘુતાનો સ્વીકાર છે,
પરકૃત સુકૃતના અનુમોદન રૂપી સુકૃતના આસેવન વડે
વિવેકી આત્માને અખંડ, પ્રશસ્ત અને પવિત્ર એવા
ઉજ્જ્વળ ભાવોની સિદ્ધિ અવશ્ય થાય છે.

'પંચસૂત્ર ૧'માં કહ્યું છે કે:

महतेतत्कुशलाशय-निबन्धनमिति सुकृतानुमोदनम् ।

'આ મોટું પુણ્યનું કારણ છે' એમ સુકૃતાનુમોદના કરવી.
સ્વતંત્રતામાં પરમેષ્ઠિઓની ગુરુતાનો સ્વીકાર છે.
ગુરુના પ્રત્યેક શબ્દમાં વીર હોય છે અને
ગુરુના પ્રત્યેક પગલામાં તીર્થ હોય છે.
મૌન રહીને તે શિષ્યને ઉપદેશ આપે છે.
ગુરુ પક્ષપાતમુક્ત - ગુણના અભિમાનથી રહિત હોય છે.

'तेन संदर्शितेन मार्गेण प्राप्यते परमं पदम् ।'

સદ્ગુરુની કૃપા વડે સહજાવસ્થાની પ્રાપ્તિ થાય છે.

## મોક્ષની અભિલાષા એટલે...

પરમાનન્દસ્વરૂપ નિજ શુદ્ધ આત્મતત્ત્વની અભિલાષા.
શુદ્ધ ચિદ્રૂપી આત્માના સમ્યક્ પરિચયથી સ્વભાવની
જે અભિરૂચિ જન્મે, તેમાં સદુપદેશાદિ હેતુ બને છે.
આમ સંસાર તથા મોક્ષના યથાવસ્થિત પરિચય વડે
અનુક્રમે નિર્વેદ અને સંવેગગુણની પ્રાપ્તિ થાય છે.
સંવેગ અને નિર્વેદ એ પરમાત્મ પદપ્રાપ્તિનું કારણ છે.

શુદ્ધ આત્મરતિ એ સંવેગ છે અને
કર્મવિપાકના સમ્યક્ પરિચય વડે નિર્વેદ પ્રગટે છે.

## મહાવાક્યોનું માહાત્મ્ય

તત્ત્વમસિ । અહં બ્રહ્માઽસ્મિ । પ્રજ્ઞાનં બ્રહ્મ ।
અયમાત્મા બ્રહ્મ । ઇત્યાદિ મહાવાક્યોના પ્રતિક્ષણ,
સતત, નિરન્તર, આમરણ, આજીવન અનુચિંતનથી,
દેહ - મન - ઇંદ્રિયો - વાસના - ભાવના - બુદ્ધિ વગેરેના
અસત્ બંધનોથી પર થઈ જવાય છે અને
આત્મા પોતાની મૂળ સ્થિતિમાં પહોંચી જાય છે.
મનુષ્ય જો પોતાને દેહ - મન - બુદ્ધિથી પર માની લે,
તો તેના સઘળા અર્થ સરી જાય છે.
મનની સત્તામાંથી મુક્ત આત્માને મુક્તિ મળી જાય છે.

તત્ત્વમસ્યાદિ વાક્ય વિચાર અંતરંગ સાધન છે.
ગ્રન્થિ અને સર્વ બંધનોમાંથી આત્યંતિક મુક્તિ
તત્ત્વજ્ઞાનના પરિણામે જ શક્ય છે.
વેદાન્ત વાક્યોનું વિધિપૂર્વક શ્રવણ તત્કાળ અજ્ઞાનરૂપી
તિમિરનો નાશ કરી પ્રકાશસ્વરૂપ બોધ પ્રાપ્ત કરાવે છે.
જીવન્મુક્ત અવસ્થામાં સ્થિર થવું, એ
નિર્ગુણબ્રહ્મ વિચારનું ફળ છે.
આર્ય = સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજે તે.
આર્ય - વૈદિક - પાત્રજીવ આચારને પરમધર્મ માને છે.
સત્યનું તાત્ત્વિક દર્શન પામવા માટે
ઇંદ્રિયોના ભોગો, મનના સંકલ્પ - વિકલ્પો અને બુદ્ધિના
તર્ક - વિતર્કોની પેલે પાર ગયા સિવાય છૂટકો નથી.
સાચું તત્ત્વજ્ઞાન એટલે જીવનમાં શ્રદ્ધા, તપ - ત્યાગયુક્ત
કરેલા દ્વારા મળતો અંતરનો પ્રકાશ કે અનુભવ.
ઋત - સત્ય પામવા પૂર્ણ શ્રદ્ધા - સર્વાંગીણ સમર્પણ જોઈએ.
'તત્ત્વજ્ઞાન' એટલે સત્ય વસ્તુનું અનુભવજ્ઞાન,
માત્ર શાબ્દિક ચર્ચા નહિ. જીવન એક સાધના બને, તો
પરબ્રહ્મનો અનુભવ થાય. શાસ્ત્રની વાતો સાંભળવા અને
બોલવા સહેલી છે, પરન્તુ આચરણમાં મૂકવા જ અઘરી છે.

નમસ્કાર સ્વાધ્યાય પ્રાકૃત વિ૦પૃ-૧૭૪માં કહ્યું છે કે:

देवतानमस्कारोऽपि चरमावस्थायां
कृत्स्नकर्मक्षयकारीति द्वयोरप्येककार्यकर्तृत्वमिति -
चेन्न, सूत्र विषयपरिज्ञानमंतरेण तस्य
तथाविधसामर्थ्याऽभावात् ।
शुक्लध्यानान्मोक्षः, न च देवतानमस्कारः
शुक्लध्यानमिति । - षट्खण्डागम संदर्भः ।

અર્થાત્: ચરમ અવસ્થામાં દેવતાને નમસ્કાર પણ
કર્મનો સંપૂર્ણ ક્ષય કરે છે, એ પ્રમાણે
નમસ્કાર અને આગમ - બંનેનું એક જ કાર્ય છે,
કારણ કે સૂત્ર (આગમ)ના જ્ઞાન વિના
નમસ્કારના તેવા પ્રકારના સામર્થ્યનો અભાવ છે.
શુક્લધ્યાનથી મોક્ષ છે અને
દેવતાને નમસ્કાર એ શુક્લધ્યાન નથી.

સૂત્ર અને મંગળ, બંનેથી પૃથક્ પૃથક્ રૂપમાં
પાપનો વિનાશ થતો જોવામાં આવે છે.

પઠનમાં આવતાં વિઘ્નોને નિજરૂપ તથા અનિજરૂપ મંગળ દૂર કરે છે અને સૂત્ર પ્રતિસમય અસંખ્ય ગુણશ્રેણી રૂપે પાપોનો ક્ષય કરી સંપૂર્ણ કર્મક્ષયનું કારણ બને છે.

'શાસ્ત્ર' એટલે... પરબ્રહ્મસ્વરૂપે અનુભવેલાં
તત્ત્વને ભાષામાં વ્યક્ત કરવાનો પ્રયત્ન.

શાસ્ત્રો પરબ્રહ્મસ્વરૂપે જન્મેલાં હોવાથી તે ઈંદ્રિયપ્રત્યક્ષથી વધુ વિશ્વસનીય છે. સમાધિ અવસ્થા 'પરબ્રહ્મ' છે.

બ્રાહ્મીલિપિ એ સર્વ કળાઓનું મૂળ, ગુણાત્મ્યનું નેત્ર,
જીવોના કુળદેવ સમાન, વિશ્વને પવિત્ર કરનાર,
વિશ્વસંજીવની અને મોક્ષનું સાધન છે,
કારણ કે તે જ્ઞાનરૂપ ઉપકાર કરે છે.

શ્રુતની અધિષ્ઠાત્રી સરસ્વતી દેવી, જિનેન્દ્ર દેવતા તથા સારસ્વતાદિ લોકાન્તિક દેવો તેને વશ છે. ભાવાક્ષરનું કારણ છે, તેથી અકાર આદિ વર્ણ 'અક્ષર' કહેવાય છે.

તત્ર સંજ્ઞાક્ષરં વ્યંજનાક્ષરં ચ દ્રવ્યાક્ષરં શ્રુતજ્ઞાનાઽઽખ્ય-
ભાવાક્ષર કારણત્વાત્, લબ્ધ્યક્ષરં તુ ભાવાક્ષરં
વિજ્ઞાનાત્મકત્વાત્। તચ્ચ ઇન્દ્રિયમનોનિમિત્તં
શ્રુતગ્રન્થાનુસારિજ્ઞાનં તદાવરણક્ષયોપશમો વા। અર્થાત્:

તેમાં સંજ્ઞાક્ષર અને વ્યંજનાક્ષર એ દ્રવ્યાક્ષર છે, કારણ કે શ્રુતજ્ઞાનરૂપ ભાવાક્ષરના તે કારણો છે અને લબ્ધ્યક્ષર તો ભાવાક્ષર છે, કેમ કે તે જ્ઞાનસ્વરૂપ છે અને ઈંદ્રિય અને મનના નિમિત્તે થાય છે. શ્રુતગ્રન્થઅનુસારિ જ્ઞાન અથવા તેના આવરણનો ક્ષયોપશમ તે લબ્ધ્યક્ષર છે.

શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વકનું સ્મરણ એજ શરણ છે. શ્રદ્ધા કર્મના નિયમની અને વિશ્વાસ ધર્મના નિયમનો. તે શ્રદ્ધા દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનમાં પરિણમે છે.

સ્મરણ માટે શ્રવણ જો કર્મના નિયમનું અને
કીર્તન જો ધર્મને ધારણ કરનારાઓનું થાય,

તો વાસ્તવિક સ્મરણનું કારણ બને છે. આમ વંદન, અર્ચન, પાદસેવન, ધ્યાન, નિદિધ્યાસન, આદર - ભક્તિ - બહુમાનપૂર્વક આજ્ઞાપાલનાદિ ક્રિયાઓ પણ સ્મરણમાં હેતુભૂત બને છે અને તે સ્મરણ જ શરણાગમનની પ્રક્રિયાસ્વરૂપ છે. ભાવપૂર્વકનું સ્મરણ એ મોહવિષનો પ્રતિકાર - કર્મરોગની ચિકિત્સા - ભવભયનું ત્રાણ છે.

કહ્યું છે: अनन्तानन्तसंसार - संततिच्छेद - कारणम् ।
जिनराजपदाम्भोज - स्मरणं शरणं मम ॥

० रागी दोषान् न पश्यति । द्वेषी गुणान् न पश्यति ।
मोही गुणदोषेषु विपर्यासं करोति । (પરિશિષ્ટ-૯)

સ્મરણરૂપી પ્રણિધાન માત્રથી

ભવભ્રમણનું નિવારણ થાય છે, તેનું કારણ એ છે કે ભવમાં ભટકાવનાર રાગ, દ્વેષ અને મોહ રૂપી દોષોનો સ્મરણ રૂપી પ્રણિધાન દ્વારા પ્રતિકાર થાય છે.

## રાગદોષ - દ્વેષદોષ - મોહદોષ

રાગદોષ દુષ્કૃતગર્હાનો અને દ્વેષદોષ સુકૃતાનુમોદનનો પ્રતિબંધક છે અને મોહદોષ ઉભયનો પ્રતિબંધક બની શરણાગમનને રોકે છે. મોહ એ મહાઅંધકાર છે, તેથી અચિન્ત્ય સામર્થ્યવાન અરિહંતાદિ પરમેષ્ઠિઓ પ્રત્યે અંતરંગ ભક્તિભાવ પ્રગટાવવામાં વિઘ્નરૂપ બને છે.

પરમાત્મસ્વરૂપ એ તત્ત્વથી આત્મસ્વરૂપ જ છે, જે જીવને નિર્ભય, નિશ્ચિંત અને નિર્વિકલ્પ બનાવે છે.

## જિનેશ્વરોનું નામ લો તો...

ચાર અનુયોગોમાં મુખ્ય એવો દ્રવ્યાનુયોગ છે. નામનો સંબંધ દ્રવ્ય સાથે - દ્રવ્યનો સંબંધ ગુણપર્યાય સાથે છે. નામ વડે પ્રભુનું શુદ્ધ આત્મદ્રવ્ય સ્મરણપથમાં આવે છે અને તે અનંત ગુણ - પર્યાયોનું ભાજન છે.

આ રીતે પ્રભુના દ્રવ્ય - ગુણ - પર્યાયના સાદૃશ્યથી આત્માના દ્રવ્ય - ગુણ - પર્યાયનું ભાન થાય છે, કે જે ધ્યાનાભ્યાસ દ્વારા આત્મસ્વરૂપમાં એકતા પામે છે અને આત્મા જ પરમાત્મસ્વરૂપ અનુભવાય છે.

તે વખતે આત્મા - મન - પ્રભુની એકતા સધાય છે અને જ્ઞાનાનંદમય નિજસ્વરૂપની અનુભૂતિ થાય છે.

શ્રવણ - કીર્તન અને નામસ્મરણ થકી તથા દુષ્કૃતગર્હા,
સુકૃતાનુમોદના અને શરણાગમનરૂપી ત્રણ સાધન વડે
રાગ - દ્વેષ - મોહનો વિલય થઈ
આત્મા પરમાત્મસ્વરૂપને પામે છે.

પરમાત્મસ્વરૂપ એ આત્મસ્વરૂપનું પરમ આલંબન છે. મોહ - અજ્ઞાન અને વિપર્યાસના કારણે જીવ પોતે ગુણ કે દોષનો વિવેક કરી શકતો નથી અથવા ગુણમાં દોષબુદ્ધિ - દોષમાં ગુણબુદ્ધિને ધારણ કરે છે. નિર્ગુણનું શરણ શોધે છે અને સર્વ દોષરહિત, સર્વ ગુણસંપન્ન, અચિન્ત્યશક્તિયુક્ત પ્રભુ શરણે જઈ શકતો નથી.

જેઓ સ્મરણ કરવામાત્રથી શરણ આપે છે, આત્મરાજ બનાવે છે, દુઃખમાત્રનો છેદ અને સુખમાત્રનો ઉત્પાદ કરવાનું અચિન્ત્ય સામર્થ્ય ધરાવે છે, તેમના શરણાગમનમાં પ્રતિબંધક મોહનું સામર્થ્ય છે.

'નાનક દુઃખિયા સબ સંસાર,
સો સુખિયા જો નામ આધાર, સર્વ રોગ કી ઔષધ નામ.'

क्रतुमयः पुरुषः । कृतं लोकं पुरुषोऽभिजायते ।

અર્થાત્: મનુષ્ય પોતાના સંકલ્પોથી બનેલો છે. પોતાના બનાવેલા સંસારમાં દુઃખ ઉત્પન્ન થાય છે.

માતા - પિતા વગેરે ઉપકારીઓનો જે દ્રવ્યોપકાર છે,
તેનો બદલો તેઓને સાચો ધર્મ પમાડવાથી વળી શકે.
બદલો વાળવાનું કાર્ય તો પોતે વિશુદ્ધ ધર્મ પામીને
બીજાને તે ધર્મ પમાડવાથી જ થઈ શકે.

આપણને નિગોદમાંથી સૌ પ્રથમ બહાર કાઢનાર
સિદ્ધ ભગવંતનો ઉપકાર તો મોક્ષે જવાથી જ વળી શકે.
આપણા મોક્ષે જવાથી એક જીવ નિગોદમાંથી નીકળે,
ત્યારે જ ઉપકારનો સંપૂર્ણ બદલો વળે.
તે પહેલાં શક્તિ મુજબ પરોપકારપ્રવૃત્ત રહેવાથી વળે.
ઉપકારનો પૂરો બદલો ભવમાં રહેવાથી વળી શકતો નથી,
માટે જ સમ્યગ્દૃષ્ટિ જીવને કાયમ ભવથી નિર્વેદ અને
મોક્ષાભિલાષરૂપ સંવેગને તીવ્ર બનાવવાનો લક્ષ રહે છે
અને એ જ મોક્ષનું અસાધારણ અનન્ય કારણ બને છે.

o ઈર્યાપથિકીના ૧૮,૨૪,૧૨૦ ભાંગા છે,
તેમાં બધા અપરાધોની ક્ષમાપના થાય છે.
વિશેષે કરીને પ્રતિક્રમણાદિ ક્રિયા વગેરે થઈ શકે.
અતીતની ભૂલોનું નિવારણ ક્ષમાદિ કરવાથી થઈ શકે.

o અવિરતિ = ભોગવિલાસની લાલસા.
દમ - ઉપશમ = ઇંદ્રિયોનું દમન તથા કષાયોનો ઉપશમ.

જગતમાં અનેક પ્રકારના વિસામો છે.

લોભીને ધનપ્રાપ્તિ, કામીને રાગનાં સાધનો, તરસ્યાંને પાણી,
રોગીને આરોગ્ય, ભૂખ્યાંને ભોજન વિસામો લાગે છે.
બોજવાળાને બોજો દૂર થાય, એ વિસામો લાગે છે,
કિન્તુ આ બધા સાચા વિસામા નહિ,
તે સર્વ દુઃખના માત્ર ક્ષણિક પ્રતીકારો છે.

ખરેખરો અને છેવટનો વિસામો તો
નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ થવી, તે છે.

તે જ વિસામો સાચો વિસામો ગણાય કે જેની
પ્રાપ્તિ પછી જીવનમાં વિશ્રાંતિ ઉત્તરોત્તર વધતી જ રહે.

ઇષ્ટ નમસ્કારની પ્રાપ્તિથી જીવનું ભવદારિદ્ર્ય ટળે છે.
પંચ નમસ્કારરૂપી સુશીતલ કમલની ગોદમાં જીવહંસને
લીન બનાવાય, તો જ એને અનુપમ વિશ્રાંતિ મળે છે.
મહાત્માની બુદ્ધો પણ આત્માની સાચી વિશ્રાંતિ માટે
શ્રી નમસ્કાર મહામંત્રનું જ ધ્યાન ધરે છે. એ ધ્યાનમાં
મન લીન બનવાથી ચારે બાજુથી વિશ્રાંતિ અનુભવાય છે.

°

ભવ = To become.

To bow down is to be from becoming.

નમઃ = To be from becoming to being.

મને અનુભૂતિ થઈ જ છે કે:

<u>મારા આત્માને પ્રભુના આત્મા સાથે સંબંધ છે.</u>

પ્રભુનો આત્મા પરમાત્મા સ્વરૂપે અહીં રહે કે
સાત રાજ દૂર સિદ્ધશિલા ઉપર રહે,
ભાવથી તો એ પાસે જ છે.

પ્રશસ્ત રાગમાંથી વિરાગભાવમાં અને
વિરાગભાવમાંથી વીતરાગભાવમાં અવશ્યપણે જવાય છે.
પ્રભુ પર રાગ એટલે પ્રભુની કાયા ઉપર નહિ, પરંતુ
કાયાથી પર એવા પ્રભુના આત્મા ઉપર રાગ છે.
પરમાત્મા ઉપર રાગ તે પ્રશસ્ત રાગ છે અને
તે રાગ પણ સાર્થક ત્યારે જ થાય, કે જ્યારે પોતે
પરમાત્મભાવ કેળવી પરમાત્મસ્વરૂપ બને અને
તો જ પ્રભુને ખરાં ભાવથી હૈયે ધારણ કર્યા ઇત્યાદિ.

<u>પ્રશસ્તરાગનું ફળ = પરમાત્મા સાથે અભેદભાવથી મળવું.</u>

असंखयं जीवियं मा पमायए ।

જીવિત એટલે કે આયુષ્ય અસંસ્કાર્ય છે.
તૂટતાંમાં વધારો કરી શકાતો નહિ, માટે પ્રમાદ ન કરો,
ગફલતમાં ન રહો, ધર્મમાં લાગી જાઓ.
જેવી મતિ - તેવી ગતિ, જેવા ભાવ - તેવા ભવ સમજવા.

આપણું સૌભાગ્ય અને મહત્ત્વનું શરણ
નવપદના આરાધકોનું અધિકારીપણું પ્રગટ કરે છે.

નવપદનો આરાધક ક્ષાન્ત - દાન્ત - શાન્ત હોવો જોઈએ.
બીજા શબ્દોમાં કામ, ક્રોધ, લોભનો વિજેતા હોવો જોઈએ,
અર્થાત્ કામ-ક્રોધ-લોભનું વર્જન કરનારો હોવો જોઈએ.

પરસ્ત્રીમાં માતૃભાવથી અર્થાત્ કામ ઉપર વિજય,
પરધનમાં પત્થરભાવથી અર્થાત્ ક્રોધ ઉપર વિજય અને
સર્વ જીવોમાં આત્મૌપમ્યભાવથી અર્થાત્ લોભ પર વિજય.

વેદોમાં વર્ણવેલ ત્રણ 'દ'કારનો તે આરાધક બને છે:
દમ એટલે કામને દમનારો, દયા એટલે ક્રોધને હણનારો
અને દાન એટલે લોભને જીતનારો બને છે.

કામ, ક્રોધ, લોભ - ત્રણે દોષો સ્વાર્થવૃત્તિમાંથી જન્મે છે
અને એ ત્રણેનો હ્રાસ પરાર્થવૃત્તિ દ્વારા થાય છે, તેથી
નવપદનો સાચો આરાધક પરાર્થવૃત્તિપરાયણ હોય છે.

ધર્મસિદ્ધિનાં લક્ષણોમાં ઔદાર્ય - દાક્ષિણ્ય મુખ્ય છે.
પાપજુગુપ્સા, નિર્મળ બોધ અને
જનપ્રિયત્વ પણ ધર્મસિદ્ધિનાં લક્ષણો છે.
તેનાં સાધન સુકૃતાનુમોદના, દુષ્કૃતગર્હા અને
જ્ઞાનીઓની શરણાગતિ છે.

સ્વકૃતં દુષ્કૃતં ગર્હન્ સુકૃતં ચાનુમોદયન્ ।
નાથ ! ત્વચ્ચરણૌ યામિ, શરણં શરણોજ્ઝિતઃ ॥૨॥

અર્થઃ પોતે કરેલાં દુષ્કૃતોની હું ગર્હા કરું છું અને સુકૃતોની અનુમોદના કરું છું. શરણાદિ રહિત એવો હું હે નાથ ! તમારા ચરણોના શરણને પામું છું.

ભાવશુદ્ધિ એ માર્ગાનુસારિણી મતિની અને પ્રજ્ઞાપનાપ્રિયતાની અપેક્ષા રાખે છે.

રાગ, દ્વેષ અને મોહ - એ ભાવમાલિન્યના હેતુ છે. રાગદોષ સ્વદોષને - દ્વેષદોષ પરગુણને દેખવા દેતો નથી અને મોહદોષ સ્વમતિનો દુરાગ્રહ જવા જ દેતો નથી.

સ્વદોષદર્શન રાગનો, પરગુણદર્શન દ્વેષનો અને જિનવચનશ્રદ્ધા મોહનો પ્રતિપક્ષ ગુણ છે.

સ્વમતિનો અભિનિવેશ ઉત્કટ મોહને સૂચવનારો છે, તેનું નિવારણ તત્ત્વચિન્તનથી થાય છે. તત્ત્વચિન્તન જિનવચનને અનુસરવાથી થાય છે. જિનવચનના પ્રભાવે સુકૃત-દુષ્કૃત, તેનાં શુભાશુભ વિપાક, તેના પરિણામે ભવ-ભ્રમણ અને તેના નિવારણના ઉપાય સમજાતાં શ્રદ્ધા મળે છે, દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદનાના પરિણામ જાગે છે, કષાયો શમે - રાગાદિ દોષો ઘટે - જ્ઞાનાદિ ગુણો પ્રગટે છે.

## 'અધ્યાત્મ' એટલે...

આત્મા સંબંધી જ્ઞાન, વિશ્વની આત્મા સાથે સંબંધ.
આ સંબંધને સમજ એના સત્યને જીવનમાં જીવવું.
પશ્ચિમમાં મનુષ્યની શક્તિ પોષાકથી અંકાય છે, જ્યારે
ભારતમાં સભ્યતા તેનામાં રહેલાં સદ્ગુણોથી અંકાય છે.

શિક્ષણનું સાધ્ય તે જ હોવું જોઈએ કે:

મનુષ્યને આત્મપરિચય થાય, વિશ્વપરિચય થાય,
વિશ્વની સાથે વ્યક્તિઓના સંબંધનું જ્ઞાન થાય અને
એ સંબંધોના સત્યને જીવવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય.

શિક્ષણનું અંતિમ સાધ્ય ડિગ્રી - ડિપ્લોમા અથવા
નોકરી નહિ પણ આત્મપરિચય - આત્મજ્ઞાન છે.
ઈતિહાસ - ભૂગોળ - ગણિત કે પદાર્થ વિજ્ઞાન,
એ નિર્વાહનું સાધન છે પણ સાધ્ય નહિ.
શિક્ષણનું સાચું સાધ્ય તો યોગ અને અધ્યાત્મ વડે
આપણી આત્મશક્તિનો પરિચય સાધવો, તે છે.

યોગ એટલે પ્રભુની મુલાકાત.

સૌની મુલાકાત કરો પણ પોતાની જાતની ન કરો, તો
બધી મુલાકાત નિરર્થક છે. જાતની મુલાકાત માટે લોકો
આરીસો રાખે છે. યોગ = આત્માની મુલાકાતનો આરીસો.

મન - વચન - કાયા - ધનનો ઉપયોગ બીજા માટે કર્યા પછી તને કાંઈ પણ દુ:ખ આવે, તો ફરિયાદ કરજે.
આચાર - વિચાર - ઉચ્ચારમાંથી સંયમમાં જવાનું છે.
પ્રધાનના અંગોમાં ચંચળતા છે, ચોપાટમાં સ્થિરતા છે, એમજ તેમાં સમ આચરવાનું છે.
આત્મા અચળ છે, મન - વચન - કાયાના યોગ ચંચળ છે.
ચંચળમાંથી અચળમાં જવાનો ઉપાય સમતામાં છે.
બુદ્ધિબળ - બુદ્ધિવાદી અને બુદ્ધિનિષ્ઠ
બુદ્ધિબળ ગર્ભ - ગ્રન્થ - દેશને આધાર બને છે, બુદ્ધિવાદી પરબુદ્ધિને પરાસ્ત કરીને દિગ્વિજય કરે છે, બુદ્ધિનિષ્ઠ પોતાની બુદ્ધિ જેટલો જ વિશ્વાસ બીજાની બુદ્ધિ ઉપર મૂકે છે. બીજાની અધિક બુદ્ધિ ઉપર જેઓ અધિક વિશ્વાસ મૂકે, તે આસ્તિક છે. બાંધેલો વિચાર તે વિચાર નહિ રહેતો પણ મત બની જાય છે, પછી મત મહાત્મનો નહિ રહેતો પણ મહાત્મ મતનો બની જાય છે.
સ્મૃતિકાર મનુ ચિંતનપ્રધાન હતાં.
સૂત્ર માર્ગદર્શક બને - સેવક નહીં, મંત્રિ સેવક બને.
સાચું સ્વરાજ્ય આત્માનુશાસન - નિયંત્રણમાં રહેલું છે.
સઘળું પરવશ તે દુ:ખ લહીએ, સ્વવશ તે સુખ લહીએ.

## સત્સંગ - કુસંગનો પ્રભાવ

આમલીના ઝાડનો આશ્રય શરીરમાં અનેક રોગ પેદા કરે,
લીમડો અને દેવદાર વૃક્ષોના આશ્રય,
તેની છાયા અને હવા ભયંકર રોગોમાંય રાહત કરે છે.
ચુંબકના સંગમાં લોઢું ચંચળ બને છે અને પારસમણિના
સંગમાં સોનું બનીને તે ચુંબકના બંધનથી મુક્ત થાય છે.
જીવરૂપી લોહ પણ માયા રૂપી ચુંબકથી ચંચળ બને છે,
પરવશ થાય છે તથા પ્રભુરૂપી પારસથી સોનું બની જાય
અને એ પછી ચુંબકની અસરથી મુક્ત થાય છે.
રૂવણું અને ચંદન - જેમાં રૂવણુંની પસંદગી કરાય.
માયા ચંદન છે, પ્રભુ એ ભક્તાધીનોદ્ગત રૂપી રૂવણું છે.

°

## યોગના આઠ અંગો એટલે અંગ્રેજીમાં...

યમ = Humaneness. નિયમ = Piousness.
આસન = Healthiness.
પ્રાણાયામ = strengthness.
પ્રત્યાહાર = uprightness - Righteousness.
ધારણા = concentration.
ધ્યાન = Religiousness. ધ્યાન = meditation.
સમાધિ = Realisationથી સિદ્ધિ = perfectness.

યોગિનીતંત્ર - મેરૂતંત્ર - કુલાર્ણવતંત્ર - ગાન્ધર્વતંત્રાદિમાં આમ કહ્યું છે : મદ્યં બ્રહ્મસ્થાન જનિતાનન્દઃ । અર્થાત્ બ્રહ્મસ્થાનથી થયેલો આનંદ તાળવેથી ટપકવાવાળું અમૃત છે.

તાળવેથી ટપકવાવાળી સુધા તે મદ્ય છે.

બંધનકારી અજ્ઞાનનો નાશ તે માંસભક્ષણ છે.

ઈંદ્રિયોનો આત્મા સાથે સંયોગ તે મત્સ્ય છે.

મુદ્રા તે ધારણા - ધ્યાન - સમાધિ છે.

જાગૃત કુંડલિનીની સેવા કે સુષુમ્ણામાં બ્રહ્મનો પ્રવેશ અથવા સહસ્રારની સાથે કુંડલિનીનું મિલન તે મૈથુન છે.

સુષુમ્ણાશક્તિસન્દિષ્ટા જીવોઽયં પરઃ શિવઃ । અર્થાત્ સુષુમ્ણામાં શક્તિ ઉઠે, તે જીવ શિવ બની જાય છે. કુંડલિનીનું ધ્યાન તે મૈથુન છે. બ્રહ્મરન્ધ્રથી ઝરિત અમૃત તે મદ્ય છે. વાસ્તિસંયમકારી યોગી તે મદ્યસાધક છે. ઈડા - પિંગલામાં ગમનાગમન કરનાર શ્વાસ - પ્રશ્વાસના નિરોધક યોગી તે મત્સ્યસાધક છે. સહસ્રારપદ્મમાં મુદ્રિત કર્ણિકામાં શુદ્ધ પારદ સમાન અવસ્થિત પરમાત્માની પ્રભા કોટિ સૂર્ય સમાન તેજસ્વી તથા કોટિ ચન્દ્ર સમાન સુશીતલ તથા અતીવ કમનીય મહાકુંડલિની યુક્ત છે. જેનો ત્યાંથી જ્ઞાનોદય થાય છે, તે મુદ્રાસાધક છે.

આગમસાર, વિશ્વતંત્ર, કૈલાસાદિ ગ્રન્થોમાં દિવ્ય ભાવના
સાત્ત્વિક પંચ મકારનું આ સ્વરૂપે વર્ણન છે:

दिव्यवीरमयो भावः कलौ नास्ति कदाचन ।
केवलं पशुभावेन मंत्रसिद्धिर्भवेन्नृणाम् ॥ (પરિશિષ્ટ-૧૦)

વીર સાધનાના અધિકારીઓના લક્ષણ આ પ્રમાણે છે:

તેઓ મહાબલશાલી, મહાબુદ્ધિમાન, મહાસાહસી, શુદ્ધ-નિર્મળ ચિત્તવાન, દયાશીલ, સમસ્ત જીવ અને પ્રાણીઓના હિતના કાર્યમાં સંલગ્ન રહેવાવાળા હોય છે.

ચિતાસાધનામાં ક્યા જાપ કેટલાં કરવા?

ચિતાસાધનામાં એકાક્ષર મંત્ર ૧૦ હજાર, દ્વયક્ષર મંત્ર ૮ હજાર, ત્ર્યક્ષર મંત્ર ૫ હજાર અને ચતુરક્ષર મંત્ર ૮ હજાર જપવાનું કહ્યું છે.

મહાનિશાથી લઈ સૂર્યોદય પર્યન્ત જાપ કરાય છે. ક્યારેક જાપથી આકૃષ્ટ થઈ દેવતા આવે છે - વર આપે છે.

અનુચ્છેદ ધર્મના ત્રણ પ્રકાર: દયા, દાન અને તપ.

દયાના ત્રણ પ્રકાર: કર્મદયા, ઉપાસનાદયા, ધ્યાનદયા.

શિક્ષણનો હેતુ: અભ્યાસ-વૈરાગ્યથી ચિત્તવૃત્તિનિરોધ.
અભ્યાસ મંત્રનો, વૈરાગ્ય વિષયોનો, નિરોધ આચારનો.
(સાધુ) (ઉપાધ્યાય) (આચાર્ય)

ચિત્તની એકાગ્ર ભૂમિકામાં બધી વૃત્તિઓ નિરુદ્ધ થઈ
કેવળ ધ્યેયાકાર વૃત્તિ રહે, તે સંપ્રજ્ઞાત સમાધિ રૂપ છે
અને ધ્યેયાકાર વૃત્તિનો પરવૈરાગ્ય દ્વારા નિરોધ થાય,
ત્યારે કેવળ સંસ્કારરૂપે જે વૃત્તિઓ રહે છે,
તેને અસંપ્રજ્ઞાત સમાધિ કહે છે.

મહાતરની ખરી સ્વરૂપતા તેના સાધન - ગહાતરમાં છે.
સ્વરૂપસ્થિતિ માટેનો પ્રયત્ન તે અભ્યાસ છે. અપર-
વૈરાગ્ય એટલે ઇહલૌકિક - પારલૌકિક વિષયોમાં વૈરાગ્ય.
પ્રકૃતિ એ જડ + પરિણામિની છે તથા પુરુષ એ ચિદ્રૂપ
+ અપરિણામી છે, એ વિવેકખ્યાતિનું જ સ્વરૂપ છે.
વિવેકખ્યાતિ પ્રત્યે પણ વૈરાગ્ય તે પરવૈરાગ્ય છે.
વળી સર્વ વૃત્તિનિરોધરૂપ અસંપ્રજ્ઞાત સમાધિલાભ થાય.
'યોગવાશિષ્ઠ'માં કહ્યા પ્રમાણે મનોનિરોધના ૪ ઉપાય:
(૧) અધ્યાત્મ વિદ્યાનો અધિગમ (૨) સાધુઓનો સમાગમ
(3) વાસના પરિત્યાગ અને (૪) પ્રાણસ્પન્દ નિરોધ.
પ્રથમ ઉપાય વડે અનાત્મામાં આત્મા માનવાની ભ્રાન્તિ
ટળી જાય છે. પરબ્રહ્મ પરમાત્માથી અતિરિક્ત અન્ય
સર્વ વસ્તુઓની અનિત્યતા અને ઈશ્વરસ્વરૂપ
પરબ્રહ્મની પરમાર્થ સત્તા અનુભવમાં આવે છે.

બ્રહ્મ જ મન અને વાસનાથી પર છે.

વિષયોથી પરાઙ્મુખ બનેલું મન નિર્ગલિત થઈને
અધિષ્ઠાન બ્રહ્મમાં સ્વયંસ્થિત થઈ જાય છે.
નિરિન્ધન વહ્નિવત્ નિર્વિષય મન સ્થિર થઈ જાય છે.
બીજો ઉપાય સાધુઓના સમાગમ વડે
અધ્યાત્મવિદ્યાનું શ્રવણ-મનન કરવા મળે છે. મંદમતિ
પણ સાધુસમાગમથી અધ્યાત્મવિદ્યાને હૃદયંગમ કરી શકે.
ત્રીજો ઉપાય વાસનાનાશ - પરિત્યાગનો છે.
વાસનાઓથી મન ચંચળ બને છે.
તેનું સમૂળ ઉન્મૂલન કરવાથી મન શાંત થઈ જાય છે.
પ્રાણથી ચિત્તની ગતિ છે પણ પ્રાણાયામ વડે પ્રાણની
ચંચળતાનો નિરોધ થવાથી ચિત્ત પણ ગતિહીન બને છે.
જેમાં ચિન્તન થાય, તે ચિત્ત છે. ચિન્તન ત્યાં સુધી
થાય છે કે પ્રાણસ્પંદન અને વાસનાસંચાર હોય છે.
બંનેના અવરોધથી ચિત્ત સ્થિર બને છે.

પ્રાણસ્પંદનિરોધના ૫ ઉપાય: પ્રાણાયામ, દૃઢ અભ્યાસ,
ગુરુપ્રદત્ત યુક્તિ, આસન અને ઉચિત ભોજન.

વાસનાનિરોધના ૩ ઉપાય: પ્રપંચ પ્રત્યે અનિત્યતાની
ભાવના અને તે વડે નિઃસંગતા, દ્વૈતભાવનાનો પરિત્યાગ
તથા શરીરની ક્ષણભંગુરતાનો વિચાર.

સંસારની કોઈ વસ્તુ શાશ્વત નથી, પરંતુ અતિ અનિત્ય છે.
સંસાર અસાર છે, માટે આંતરજીવનને સુધારી લ્યો.
સંગત્યાગ અને પ્રાણનિરોધ વડે વાસના ક્ષય પામે છે.

<u>ચાર વેદના ચાર મહાવાક્યો</u>

(૧) ઋગ્વેદ - પ્રજ્ઞાનં બ્રહ્મ । ઉપયોગ લક્ષણ.
(૨) યજુર્વેદ - અહં બ્રહ્માઽસ્મિ । ગુણ - પર્યાય.
(3) અથર્વવેદ - અયમાત્મા બ્રહ્મ । ષડ્‌દ્રવ્યં.
(૪) સામવેદ - તત્ત્વમસિ । ઉપગ્રહ લક્ષણ.

વ્યવહારમાં વ્યક્તિનું સમાજ સાથે તાદાત્મ્ય હોવું જરૂરી,
તેમ ભક્તિમાં સર્વત્ર ભગવદ્ભાવ આવશ્યક જ છે.
જ્ઞાનમાર્ગમાં વ્યષ્ટિ - સમષ્ટિની એકતા છે.
આત્મા પોતે જ પરમાત્મા - પરમાત્મા પોતે જ આત્મા.
એનું જ નામ આત્મજ્ઞાન યા આત્મસાક્ષાત્કાર છે.
ગૃહસ્થાશ્રમનું સૌંદર્ય બ્રહ્મચર્યાશ્રમ છે અને
સંન્યસ્તાશ્રમની શોભા વાનપ્રસ્થાશ્રમ છે.
બ્રહ્મચર્યાશ્રમ એ ગૃહસ્થાશ્રમની દૃઢ નીંવ છે અને
વાનપ્રસ્થાશ્રમ એ સંન્યસ્તાશ્રમનો પાયો છે.
પૂર્વકર્તવ્યોનું પાલન ઉત્તરકર્તવ્યોને સફળ બનાવે છે.
પ્રથમ શિક્ષણ - પછી તેનો અમલ, એ ક્રમ છે.

નવકારમાં છે પ્રીતિ, ભક્તિ, વચન, અસંગ અનુષ્ઠાન.

વડીલને અનુસરવાની વૃત્તિ તે વિનય.

વિનય એ ધર્મનું પ્રથમ પગથિયું છે.

સર્વ આપ્તજનોમાં મુખ્ય અરિહંત પરમાત્માના વચનને અનુસરવાની વૃત્તિ એ પ્રથમ વિનય, જે વડે ભવનિર્વેદ અને મોક્ષાભિલાષ જન્મે તથા ભવના વસ્તુઓનો ત્યાગ અને મોક્ષના વસ્તુઓનું સેવન થતાં પ્રીતિભક્તિ જન્મે.

'પ્રીતિ' એટલે સમાન ઉપર સ્નેહ અને

'ભક્તિ' એટલે અધિક ઉપર સ્નેહ.

તે ભક્તિ જ પછી વચનાનુષ્ઠાનરૂપે પરિણામે

અસંગ - અનુષ્ઠાનની પ્રાપ્તિ કરાવે છે.

કુસુમમાળા હાર ખૂલતાંની સાથે મંત્રનો ભેદ થઈ જાય છે અને માત્ર પ્રભાવ પોતે નામમય થઈને ખેલ કરે છે.

'પ્રીતિ' એટલે 'હું તમારો છું - તમે મારાં છો' તથા

'ભક્તિ' એટલે 'તું અને હું - બે એક છીએ.'

રાગી મુક્તિને ચાહે છે, જ્યારે ભક્ત ભક્તિને ચાહે છે.

અહૈતુકી ભક્તિ આખરે શું ચાહે છે?

અહૈતુકી ભક્તિ ધર્મ - અર્થ અથવા કામને ચાહતી નથી, મુક્તિ કે ભક્તિને પણ નહિ, તે માત્ર ભક્તિ કરે છે.

# વૈરાગ્ય અને અભ્યાસ

ત્યાગનો સ્વીકાર વૈરાગ્ય માંગે છે અને
ત્યાગનું નિર્વહન અભ્યાસ માંગે છે.
અભ્યાસ દીર્ઘકાળ સતત - સત્કારપૂર્વક થવો જોઈએ.
અશુભનો વૈરાગ્ય રાખવો - શુભનો રાગ અભ્યાસથી.
अभ्यासवैराग्याभ्यां तन्निरोधः ।
અભ્યાસ મનનો અને વૈરાગ્ય વિષયોનો,
એક રાખવો અને બીજો ક્રિયાથી સિદ્ધ થાય છે.
માટે જ કહ્યું છે કે :
जाए सद्धाए निक्खंतो तामेवाऽणुपालिज्जा । આચાર:
જે શ્રદ્ધા અને વીર્યોલ્લાસથી ત્યાગનો સ્વીકાર કર્યો છે,
તે શ્રદ્ધા - વીર્યોલ્લાસથી (હે સાધુ!) તેનું નિર્વહન કરજે.
'જે સહે તે સાધુ' વગેરે વાક્યો એમ સમજાવે છે કે :
પ્રતિકૂળતાના સ્વીકારમાં સાધુતા છે.
પાપના ધિક્કારમાંથી દુઃખને સહવાની તાકાત આવે છે.
દુઃખના ધિક્કારમાં પાપનો તિરસ્કાર વિસરાઈ જાય છે
અને એક દુઃખ ટાળવા જતાં સેંકડો પાપ કરવા પડે છે.
પ્રતિપક્ષમાં એક પ્રતિકૂળતાને વધાવવા લેવાથી
સેંકડો - હજારો પાપોથી બચી જવાય છે.

દુઃખના ડરવાળાને પાપનો ડર રહેતો નથી અને
પાપના ડરવાળાને દુઃખનો ડર રહેતો નથી.
સુખના લોભવાળાને ધર્મનો લોભ રહેતો નથી અને
ધર્મના લોભવાળાને સુખનો લોભ રહેતો નથી.

માટે જ કહ્યું છે કે:

દુઃખને ખમો તથા સુખને દમો, પરિગ્રહાદિ પાપને ઉપશમો.
આમ ખમવું, દમવું, શમવું - ત્રણ ધર્મવૃદ્ધિના ઉપાયો છે.
મનને દમો - વચનને ખમો - કાયાના કષ્ટને સહો.

To endure is all and everything
for happiness and harmony.

કર્તૃત્વાભિમાન તજવાનો ઉપાય સમર્પણભાવ છે અને
ભોક્તૃત્વાભિમાનથી છૂટવાનો ઉપાય પણ સમર્પણભાવ છે.
દુઃખ વખતે સમર્પિત થાઓ - સુખમાં સમર્પણ કરો.
એકમાં સમર્પણ થવાનું છે, બીજામાં સમર્પણ કરવાનું છે.

Not to become but to be is the ideal
of both to endure and to abondon.

વિધિથી ભગવાનનું નામ લેવા દ્વારા ચિત્તની શાંતિ
અને કીર્તનનો આનંદ ઉત્પન્ન થાય છે, અનુભવાય છે.
આત્મા કેવળ ધ્યાનથી જ વશીભૂત થાય છે.

## પંચ પરમેષ્ઠિમાં પરમ ઇષ્ટપણાંની બુદ્ધિ કઈ રીતે જન્મે?

'સુખ કે દુઃખ કર્યા આપણું લખ્યું જ થઈ રહ્યું છે';
આવો દૃઢ વિશ્વાસ સમ્યગ્ (ભાવથી) ભાવિત છે.
સંસારના પદાર્થો દુઃખ - સુખનાં કારણ નથી.
દુઃખોનું કારણ તો આપણી અજ્ઞાનતાનો અંધકાર છે.
જ્ઞાનના પ્રકાશમાં તે જ પદાર્થો દુઃખના કારણ નહિ,
પરન્તુ આધ્યાત્મિક સુખના હેતુ બની શકે છે.
દુઃખ વખતે દુષ્કૃતગર્હા આર્તધ્યાનનું નિવારણ કરે છે,
સુખ વખતે સુકૃતાનુમોદના રૌદ્રધ્યાનનું નિવારણ કરે છે
તથા કૃતજ્ઞતા અને પરોપકારવૃત્તિ ઉત્પન્ન કરે છે.
દુઃખનું મૂળ આપણા જ કર્યા હતાં દુષ્કૃત છે.
દુષ્કૃતગર્હાથી દુઃખનો દ્વેષ કે જે આર્તસ્વરૂપ છે, તે દૂર
થાય અને સુખનું મૂળ જે સુકૃત છે, તેના અનુમોદનાથી
સુખરાગ કે જે રૌદ્રપરિણામ નિપજાવે છે, તે ટળે છે.
આથી દુષ્કૃતગર્હા પરોપકારવૃત્તિમાં પરિણમે છે અને
આથી સુકૃતાનુમોદના કૃતજ્ઞતાના ગુણને વિકસાવે છે.
વળી તે સર્વ દોષરહિત અને સર્વ ગુણસહિત પરમ
પંચ પરમેષ્ઠિમાં પરમ ઇષ્ટપણાંની બુદ્ધિ જન્માવીને
તેમના પ્રત્યે પરમ પૂજ્યભાવ પ્રગટાવે છે.

સાચા ધર્મની બે બાજુ છે:

એક શ્રેષ્ઠ દયાભાવ, બીજુ પાપભાવને ત્યાગવાની વૃત્તિ.

દયાભાવ દુઃખીનાં દૂર કરવાની વૃત્તિરૂપ છે અને
પાપભાવ બીજાને પીડા આપવાની વૃત્તિરૂપ છે.
જીવોને પીડા આપવાની વૃત્તિનો પરિહાર કરવો અને
સુખ આપવાની વૃત્તિનો સ્વીકાર કરવો, જેનો અર્થ છે:
દ્રવ્યથી દુઃખી જીવોનાં દુઃખ દૂર કરવાનો ભાવ અને
ભાવથી 'ધર્મહીન જીવો ધર્મને પામો, સદા ભાવ જેના
પાયામાં છે, સદા ધર્મ મને શરણું આપનારો થાઓ'
એ વિચારથી જેઓ દેવ-ગુરુ-ધર્મનું શરણું સ્વીકારે છે,
તેઓને તે શરણું અવશ્ય મળે છે.

ધર્મનું શરણું દયાભાવનું શરણું છે અને
ધર્મનું શરણું દયાવાન સત્પુરુષોનું શરણું છે.

જીવના મુખ્ય દોષ છે: રાગ, દ્વેષ અને મોહ.

સુખ ઉપર રાગભાવ, દુઃખ ઉપર દ્વેષભાવ તથા જીવાદિ
તત્ત્વો અને સુખ-દુઃખના સ્વરૂપનું અજ્ઞાન એ મોહ છે.
દુઃખનું મૂળ દુષ્કૃતની ગર્હા તથા સુખનું મૂળ સુકૃતની
અનુમોદના કરવાથી રાગ-દ્વેષની વૃત્તિઓ શાંત થાય છે,
પાપનો અનુબંધ તૂટે છે તથા પુણ્યનો અનુબંધ પડે છે.

'સુખ સૌને મળો, દુઃખ કોઈને ન મળો.'
એ વિચાર જીવાદિ તત્ત્વોનો સમ્યગ્બોધ અને એનું મૂળ
ઔપાધિક રાગ - દ્વેષ - મોહ ત્રણે દોષોનું નિવારણ થાય છે,
જે જ્ઞાન - દર્શન - ચારિત્ર ત્રણે ગુણોને પ્રગટાવે છે.
मा कार्षीत्कोऽपि पापानि मा च भूत्कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा मतिर्मैत्री निगद्यते ॥१॥ અર્થાત્:
'કોઈ પાપ ન કરો, કોઈ દુઃખી ન થાઓ અને આખું
જગત મુક્ત થાઓ,' આવી બુદ્ધિ તે 'મૈત્રી' કહેવાય છે.
મૈત્રીનો આ ભાવ મિથ્યાત્વને તોડે છે,
દર્શનમોહનું નિવારણ કરે છે અને તે ઉપરાંત
અનંતાનુબંધી કષાયને નિર્મૂળ કરે છે.

**કષાયોની ચંડાળચોકડીની સાચી દવા**

| | | |
|---|---|---|
| પ્રતિક્રમણ | જ્ઞાન | વિરેચન. |
| નિન્દા | દર્શન | કુપથ્યવર્જન. |
| ગર્હા | ચારિત્ર | પથ્યસેવન. |
| વ્યુત્સર્ગ | તપ | રસાયનકલ્પ. |

He, who is you, is greater than he,
who is in the world.
Be still and know that I am God.

V.V. Imp.

અહિંસા એક અનુભવ છે, સિદ્ધાંત નહિ.

શબ્દ વિના સિદ્ધાંત ન બની શકાય.

અનુભૂતિ શબ્દથી પર છે, તે મળે છે નિઃશબ્દમાં ...

જ્યારે સિદ્ધાંત તો મળે છે શબ્દમાં !

અનુભવ મળે તો સમજણમાં આવે છે પણ

સમજણ બનાવી લેવાથી અનુભવ નથી આવતો.

ભીતર અનુભવ ન હોય અને સમજણ બદલે,

તો તે અનુભવ નહિ પણ અભિનય છે.

હિંસા ન થાય તો અહિંસા સ્વયમેવ આવે છે. અહિંસાને

લાવવાની નથી પણ હિંસા છૂટવાથી તે સ્વયમેવ આવે છે.

અહિંસાયુક્ત ધર્મતત્ત્વને પામવા માટે

તેને પોતાની અંદરના જ ઊંડા પાતાળને ઢંઢોળવી પડશે.

બધા મહાપુરુષો એ માર્ગે જ ચાલ્યા છે.

માત્ર ધર્મચર્ચા કે ધર્મચર્ચાથી તત્ત્વની પ્રાપ્તિ થતી નથી,

પરન્તુ તે બંનેથી પર રહેલ આત્મતત્ત્વના ધ્યાન વડે જ

અવિનાશી આત્મતત્ત્વ પામી શકાય છે.

°

અહિંસાનો અર્થ અકર્મ - undoing છે.

observe and understand,

understand and learn.

કરવું એ હિંસા છે, અકર્મ અહિંસા છે.

તમામ ભેદોની વચ્ચે અભેદ, સીમાઓની મધ્યે અસીમ,
વિસંવાદોની વચ્ચે અવિસંવાદ,
આકારોની મધ્યમાં નિરાકાર અને સઘળાં રૂપોની
વચ્ચે એક અખંડ અસ્તિત્વ અરૂપ છે - આત્મા.

અનુભવના પ્રસંગોમાં આસક્તિ કે કોઈ ખેદ ન કરતાં
અનુભવ દ્વારા અસારમાંથી પણ સાર ખેંચતાં જવું, એમાં
જ ચતુરાઈ છે, એમાં ખરાં ચારિત્ર્યવાનનું લક્ષણ છે.
અનુભવ બહુ જ ઉપયોગી અને આવશ્યક શિક્ષક છે.
વ્યવહારોપયોગી ડહાપણ અનુભવની નિશાળે જ શીખાય.
અનુભવનો ઉપયોગ કરવાથી જ ડહાપણ પ્રાપ્ત થાય છે.
ડહાપણની સાથે જ ધૈર્ય, હિંમત, આત્મસંયમ ઉપરાંત
લાભ માટે પણ વિચાર કરવાની શક્તિ આવે તથા
સહનશીલતા, નમ્રતા, અદૃષ્ટ પર શ્રદ્ધા, સર્વત્ર આત્મભાવ
અને સર્વના હિતમાં સ્વહિતની સમજણ આવે છે.

એમ નહિ કે વિઘ્ન, વિપત્તિ, દુઃખ -
એ બધાં ક્લેશરૂપ જ છે,
પરન્તુ ચારિત્ર્યબળ, આત્મસંયમ, ધૈર્ય આદિ
અનેક ઉચ્ચ ગુણો પ્રાપ્ત થવામાં તેઓ કારણ રહેલ છે.

સર્વોત્તમ ધર્મ સહનશીલતા, નમ્રતા, સરળતા, અપરિગ્રહ, સંતોષ, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, તપત્યાગ છે. વિજય કરતાં પરાજયથી જ મનુષ્ય મહાન બને છે અને છેવટે વિજય મેળવે છે. વ્યવહારકાર્યમાં જે નિષ્ફળતા આવે છે, તેમાંથી જ અનુભવનો મીટર લાભ બંધાય છે. જીવનમાં થતાં દુઃસહ વિઘ્નપરંપરાના અનુભવમાં પણ અનંત સુખ રહસ્યો રહેલાં હોય છે.

જે ક્ષમા-સહન કરી શકે, તે જ આગળ વધી શકે. વિપત્તિ એ જ ચારિત્રની શિક્ષાદાત્રી છે. તેમાં જ મનુષ્યના ખમીરની ખરેખર કસોટી છે. વિપત્તિઓ, પરાજય, ધૈર્ય, ઉત્સાહ અને પુરુષાર્થથી જ જીવનમાં ઉત્તમ ચારિત્ર અને અણમોલ અનુભવોની સંપત્તિ પ્રાપ્ત થાય છે. સુખ-દુઃખનું ભોક્તા મન છે. 'સંતોષી નર સદા સુખી.'

o पुमानत्यन्तमेधावी चतुर्गतिकमश्नुते ।
अत्यातुरमपत्येत्यं दारिद्र्यं वा सजादितम् ॥

o वयमिह परितुष्टा वल्कलैस्त्वं दुकूलैः ।
सम इह परितोषो निर्विशेषो विशेषः ॥

o स हि भवति दरिद्रो यस्य तृष्णा विशाला ।
मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्रः ॥

– भर्तृहरि (પરિશિષ્ટ-૧૧)

असंतोषः श्रियो मूलम् । એ આધ્યાત્મિક સંપત્તિ માટે સમજવાનું છે. આપણને મળેલ દેહ, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, સંપત્તિ અને પરિસ્થિતિનો ઉપયોગ સર્વોત્તમ ધ્યેયને સિદ્ધ કરવા સાધનરૂપે કરવો જોઇએ. એ ઉપયોગ જ સદુપયોગ ગણાય, ભોગ માટે ઉપયોગ તે દુરુપયોગ છે. જે કાંઇ સ્થિતિ-સાધન હોય, તેનો સદુપયોગ કરી લેવાની વૃત્તિ અને શક્તિ માણસે કેળવવી જોઇએ. ખરાબમાં ખરાબ સંયોગોમાં ય કર્તવ્યપરાયણ રહી પ્રત્યેક સાધન અને પળનો પૂરો સદુપયોગ કરી લેવાથી ચિત્તપ્રસન્નતા રહે છે, જે સદૈવ નવું બળ અને દીર્ઘ દૃષ્ટિ અર્પે છે.

तम्हा एएसिं कम्माणं अणुभागा वियाणिया,
एएसिं संवरे चेव, खवणे य जओ बुहो । અર્થાત્:

'કર્મોનું ફળ ભોગવવું જ પડે છે' એમ સમજી નવાં કર્મોને થતાં રોકવા તથા સંચિત કર્મોનો ક્ષય કરવા માટે બુદ્ધિમાન પુરુષે સદા ય પ્રયત્નશીલ રહેવું જોઇએ.

० मलाकुलासु नाडीषु मारुतो नैव मध्यगः ।
मेदः श्लेष्माधिकः पूर्वं षट्कर्माणि समाचरेत् ।
अन्यस्तु नाचरेत् तानि दोषाणां समभावतः ।
निरीक्षेन्निश्चलदृशा सूक्ष्मलक्ष्यं समाहितः ॥१॥

- अश्रुसंपातपर्यंतं (परिशिष्ट-१२)

શ્રી

## એક સ્તવન અને તેનો ગૂઢ અર્થ

'લૂખો મહારસ ઈશ્વરસ્વરૂપ કરી શકે નહિ' એટલે કોઈપણ જાતની લૂખાવાળો અને ભોગવૃત્તિવાળો મહારસ ઈશ્વરસ્વરૂપ સારી રીતે કરી શકે નહિ. આત્મસાક્ષાત્કાર કે ઈશ્વરદર્શન ન થાય, ત્યાં સુધી શાશ્વત શાંતિ ક્યાંથી?

ભારત દેશની શક્તિ આધ્યાત્મિકતામાં છે અને આધ્યાત્મિકતામાં શક્તિ શરણાગતિ વડે પ્રાપ્ત થાય છે.

'યોગ' એટલે આત્મા અને પરમાત્માનો સંયોગ.

### ૫ પ્રકારના યોગના સાધનો

(૧) રાજયોગનું સાધન ચિત્ત છે.

(૨) કર્મયોગનું સાધન સંકલ્પશક્તિ છે.

(૩) જ્ઞાનયોગનું સાધન વિચારશક્તિ છે.

(૪) ભક્તિયોગનું સાધન ભાવસાધન છે.

(૫) હઠયોગનું સાધન સ્થૂલ શરીર અને પ્રાણ છે.

હઠયોગ વડે શરીરશુદ્ધિ - રાજયોગ વડે ચિત્તશુદ્ધિ થાય.

સમ્યગ્દર્શન = ભક્તિ - ભાવ, સમ્યગ્જ્ઞાન = વિચાર અથવા ચિંતન, સમ્યગ્ચારિત્ર = સંકલ્પશક્તિ તથા

સમ્યગ્તપ = શરીર અને ચિત્ત.

તપ એટલે સ્વધર્મ પાલન માટે કષ્ટ સહન કરવું તે.

## શેના શેના વડે યોગી શક્તિપાત કરે ?

યોગી પુરુષો પોતાના શરીરમાંથી બ્રહ્મતત્ત્વ વડે સાધકના
શરીરમાં બ્રહ્મતત્ત્વોના ઉપર જે અસર નિપજાવે છે,
તેનું નામ 'શક્તિપાત' કહેવાય છે.
માછલી જેમ દૃષ્ટિ વડે ઈંડાને સેવે છે,
પશુ અને મનુષ્ય સ્ત્રીઓ સ્તનપાન કરાવવા વડે,
પંખીઓ સ્પર્શ વડે અને કાચબા સંકલ્પ વડે સેવે છે,
તેમ યોગીઓ દૃષ્ટિ, સ્પર્શ, સંકલ્પ અને શબ્દ (મંત્ર)
વડે શક્તિપાત કરે છે. ઉપરના ચારે પ્રકારોથી યોગીઓ
સાધકના શરીરમાં બ્રહ્મશક્તિને ગતિમાન કરે છે.
મુખ વાટે ખોરાકની જેમ ગ્લુકોઝના બાટલા વડે ય લેવાય.
લોહીમાં સર્પનું ઝેર ભળે, તો મનુષ્ય જેમ મરી જાય છે,
એવી રીતે શરીરમાં સૂક્ષ્મ બ્રહ્મતત્ત્વ વહી રહ્યું છે.
મનુષ્યોની આંખ સામસામે મળવાથી પ્રીતિ બંધાય છે.
પ્રશંસા અથવા નિંદાના શબ્દો દ્વારા પણ
સંબંધ બંધાય છે તથા વિચ્છિન્ન પણ થાય છે.
બોલેલાં શબ્દો ભૂલાતાં નથી.
વાજાના ધ્વનિ વડે હરિણ ખેંચાઈ આવે છે અને
વાંસળીના સ્વર વડે નાગ ખેંચાઈ આવે છે.

ચિત્તાતીત અવસ્થા એટલે...

રાગ-દ્વેષશૂન્ય થઈ પોતાના અસ્તિત્વમાં લીન થઈ જવું તે.

નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ એટલે...

કાંઈપણ જાણ્યા વિના પોતાના અસ્તિત્વ પર્યંત પહોંચી જવું તે. પોતાના સુધી પહોંચવું, જ્યાં પૂર્ણ રૂપથી પોતાનું અસ્તિત્વ પ્રકટ છે, એનું જ નામ સંવરભાવ છે.

ચિત્તાતીત અવસ્થાની સાધના
પોતાના અસ્તિત્વ પર્યંત પહોંચાડે છે અને
ચિત્ત નિર્મળીની સાધના તો
લાખો વર્ષ પર્યંત કરવામાં આવે, તો પણ
પોતાના અસ્તિત્વ સુધી પહોંચાડવા સમર્થ થતી નથી.

ધર્મ એટલે...

મનુષ્યની અંદરની ચેતનાને ઓળખવાની સાધના, જે ચૈતન્યશક્તિનો સાક્ષાત્કાર કરવાની શક્તિ પૂરી પાડે છે.

પ્રાણની બ્રહ્મરંધ્રમાં સ્થિતિ - તેનું નામ 'લય' છે.

તુરીયાવસ્થા = સહજાવસ્થા = સમાધિ.

જીવ એ લોહ છે અને શિવ એ લોહચુંબક છે.
જે પાસે આવે એટલે જીવ - શિવનું ચૈતન્ય અનુભવાય.
શિવની પાસે જીવ પહોંચે, ત્યારે તેની દૃષ્ટિ વિશાળ બને.

નિશ્ચય = ચિञ् ચયને, ચયનં રાશીકરણં । આકૃતિ:
વસ્તુ કે વસ્તુના અવયવ માત્રને એકઠાં કરવા તે.
નિઃશેષેણ ચયનં ઇતિ નિશ્ચયનં નિશ્ચયઃ । આકૃતિ:
વસ્તુ કે જ્ઞાનના અવયવોને એકઠાં કરવા તે.
વસ્તુસદ્ભાવે તત્ત્વજ્ઞાને વા એકરૂપકથનં
જ્ઞાનં વા નિશ્ચયો નયઃ । આકૃતિ:
નિશ્ચયથી આત્માને જાણવો = આત્મા અસંખ્ય પ્રદેશી
કે જ્ઞાનાદિ ગુણવાળો અને દેવ-મનુષ્યાદિ પર્યાયવાળો
આત્મા, તેનું નિશ્ચિત-નિર્ભ્રાંત અથવા નિઃસંદેહ જ્ઞાન.
વ્યવહાર = હૃ - હરણે, વિભાગકરણે,
વિશેષેણ અવહરતિ અનેનેતિ વ્યવહારઃ ।
શુદ્ધ વ્યવહાર - નિર્વિકલ્પ ધ્યાન, શુક્લધ્યાનનો બીજો પાયો.

અશુદ્ધ વ્યવહારના ૪ પ્રકાર

સ્થૂળ, અસ્થૂળ, અનુપચરિત, ઉપચરિત વ્યવહાર.
શુદ્ધ વ્યવહાર અને નિશ્ચય - બંને એક જ છે.
જુદું જુદું કથન કરીને પછી તેનો એકડો બતાવવો, તે
'નિશ્ચય વ્યવહાર'થી ઓળખાય પણ વસ્તુ એક જ છે.
એક વસ્તુના જુદા જુદા વિભાગ તે વ્યવહાર.
એક વસ્તુના બધા વિભાગોનું એકીકરણ તે નિશ્ચય.

ધર્મના બજારના દુર્ગ તોડનારાં અને આધ્યાત્મિક
અનુભવો જોડનારાં હોય છે, એનો અર્થ છે: વ્યવહાર
ભેદબુદ્ધિ અને નિશ્ચય અભેદબુદ્ધિ પાળવાનો હોય છે.

કોઈ વસ્તુ આપણે ન જોઈ હોય, તો
'તે અસત્ય કે ખોટી છે' એમ કહી શકાય નહિ.

(૧) કર્મ મુજબ ફળ મળે. (૨) ધર્મ મુજબ કર્મ બને.
(૩) ધર્મનું મૂળ દયા છે અને (૪) કર્મનું મૂળ ન્યાય છે.
(૫) ન્યાય એ ઊર્ધ્વતાસામાન્યની નીપજ છે.
(૬) દયા એ તિર્યક્સામાન્યની નીપજ છે.
(૭) ઊર્ધ્વતાસામાન્ય કાળભેદે અભેદ છે.
(૮) તિર્યક્સામાન્ય ક્ષેત્રભેદે અભેદ છે.
(૯) ભેદમાંથી અભેદમાં જવું, તે નિશ્ચય છે.
(૧૦) અભેદમાંથી ભેદમાં જવું, તે વ્યવહાર છે.
(૧૧) વ્યવહારની શુદ્ધિ એ નિશ્ચયનો હેતુ છે.
(૧૨) નિશ્ચયની શુદ્ધિ એ વ્યવહારનું મૂળ છે.
(૧૩) નિશ્ચય સ્વની સાથે સંબંધ રાખે છે.
(૧૪) વ્યવહાર પરની સાથે સંબંધ ધરાવે છે.
(૧૫) સ્વપર વચ્ચે ભેદની રોગગ્રન્થિ છે.
(૧૬) સ્વપર વચ્ચે અભેદનું અનુસંધાન ગ્રન્થિભેદ છે.

'મનગમતું બને તે સુખ - અણગમતું બને તે દુઃખ'
એ વ્યાખ્યાને અનુસારે જેને દુઃખ ન જોઈતું હોય,
તેણે જે કાંઈ બને, તેને મનગમતું બનાવવું અને
જે કાંઈ ન બને, તેને અણગમતું ગણવું.

કામનામાંથી આપ્તકામ અને પૂર્ણકામ બનવાનો
એકમાત્ર માર્ગ સર્વકામ બનવું તે છે અર્થાત્
'જે કાંઈ બને, તે પોતાનું જ કામ છે' આવો ભાવ.

સત્યના વિરોધમાં જે કાંઈ ઊભું કરશે,
તે સર્વ અંતે જ ખોટું ઠરશે.

પ્રભુને પ્રેમ અને ભક્તિ વડે પામી શકાય, અન્ય સર્વ
ઉપાયો પ્રભુ પ્રત્યે હૃદયના ભાવને વિકસાવવા માટે છે.
પ્રભુઆત્મા સાથે એકતા સાધવા પ્રીતિ નહીં, ભક્તિ છે.
ભક્તિમાં 'હું પ્રભુનો છું' - પ્રીતિમાં 'પ્રભુ મારાં છે'
અંતિમ નિકટતા બતાવનાર શબ્દ 'તું' છે, 'તમે' નહિ.
બધા ધર્મોમાં ઈશ્વર 'તું' સર્વનામથી બોલાય છે.
આત્મામાં પ્રભુ સાથે એકતા સધાય છે.
તેનું ફળ અસંગભાવમાં આવે છે.

० મન એ સજ ન બને, તે માટે
ધર્મની ધજા તરફ સતત લક્ષ્ય દેવું જોઈએ.

હૃદયમાં રમે તે રામ. તેનો જગાડ્યો હું જાગું છું.
સૌના અંતરમાં છે તે અંતર્યામી. નિર્બળના બળ રામ છે.
સાચા રામ હૃદયમાં સામ્રાજ્ય ભોગવે છે.
આસ્થાનું મૂળ અરિહંત, કૂળ સિદ્ધ,
સ્વરૂપ આચાર્ય - ઉપાધ્યાય - સાધુ અને
ઉપાય છે પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ.
ધર્મને એક શબ્દમાં ઓળખવો હોય, તો તે 'કૃતજ્ઞતા' છે.
કૃતજ્ઞતા એટલે...
ઉપકારીના ઉપકારને જાણવો, માનવો, સદ્દહવો,
સ્વીકારવો અને ઋણભાર માટે પળ ન વિસરવો તે.
પરમાત્માનું ધ્યાન તે સ્વધ્યાન છે.
અપધ્યાન દૂર કરવાથી સ્વધ્યાન થઈ શકે છે,
જે ભવિતવ્યતા અને અનિત્યતાના ભાવથી દૂર થાય છે,
મન શાંત બને છે, વિકલ્પો શમે છે તથા
નિશ્ચિંત મને આત્મધ્યાનમાં સ્થિર થવાય છે.
મન વીતરાગતામાં લીન થાય તેવો પ્રયત્ન કરવો,
એનું જ બીજું નામ 'સ્વધ્યાન' છે.
तं दुर्दर्शं गूढं अनुप्रविष्टं गुहाहितं गह्वरेष्ठं पुराणं ।
अध्यात्मयोगेन देवं मत्वा धीरो हर्षशोकौ जहाति ॥१॥
- कठोपनिषत् (પરિશિષ્ટ-૧૩)

મન એ આત્માને જણાવનાર છે.

મન વિના વાણી નહિ, ઇંદ્રિયો પણ નહિ, તેથી મન
આત્માનો બાહ્યનો સ્વભાવ છે, તેને 'ભાવમન' કહે છે.
મનને શાંતિ સ્વઘરમાં મળે, આત્મસ્વરૂપ તેનું ઘર છે.

મનનો વિરોધી આત્મા નહિ પણ જીવ છે.

મનનો વિરોધ નહિ પણ નિરોધ ઇષ્ટ છે. 'નિરોધ' એટલે
મન જગતમાં નહિ, કિન્તુ સ્વરૂપમાં રમણ કરે તે છે.

## કેવો આત્મા ધન્ય છે?

તે ધન્ય ધન્ય છે કે જેની જીભ ઉપર રામનામ
અને અંતરમાં સ્વરૂપનું ધ્યાન રહે છે.

જે જે હિતની વાત કરે, તે સઘળાં ગુરૂ છે.

ભગવન્નામની કીર્તિ ગાવી, એનું જ નામ પરમભક્તિ છે.
ભક્તિ પાસે ચારે પ્રકારની મુક્તિ દાસી થઈને ઉભી રહે છે.
નામ = બ્રહ્મનો બ્રહ્મ, જીવનું જીવન. નામ જ ભગવાન.

જે નામ ગાય, તેને નિર્વિકલ્પ શાંતિનું આવે છે.

નામાપરાધનું પ્રાયશ્ચિત પણ નામથી જ થઈ જાય છે.
વૈખરીથી નામ જપનાર શબ્દસિદ્ધિને પામે છે અને
મધ્યમાવાણીથી નામ જપનાર સાધક સંકલ્પસિદ્ધ બને છે.

વ્યાહૃતિ = વેદમાંથી સારરૂપે તારવી કાઢેલા (વાણી).

ગાયત્રી મંત્રમાં છે : ધિયો યો નઃ પ્રચોદયાત્ । અર્થાત્ જીવ અને શિવની એકતાની બુદ્ધિ ઉત્પન્ન કરો.

ધિ = બુદ્ધિ - અંતઃકરણને પ્રકાશ આપવાવાળા સર્વસાક્ષી પ્રત્યગ્ આત્મા તથા પ્રચોદયાત્ અર્થાત્ આત્માનું સ્વરૂપભૂત પરબ્રહ્મ, તે આપને પ્રેરો.

સર્વ વિષયોમાં પસંદ કરવા લાયક સ્વતઃસિદ્ધ પ્રત્યગ્ભૂત પરમાનંદ રૂપ સર્વનું અધિષ્ઠાન, સર્વ અનર્થોનો નાશ કરવાવાળું છે, તે બ્રહ્મનું અમે ધ્યાન કરીએ છીએ. મંત્રના એકેક શબ્દ બ્રહ્મસ્વરૂપ છે.

## ૐ અને અર્હંની જુગલબંદી

(૧) ૐ = ઊંડાણ - પાતાળ, અર્હં = ઉડ્ડયન - આકાશ.

(૨) ૐ = ગાંભીર્ય, અર્હં = ઔદાર્ય.

(3) ૐ = ધૈર્ય, અર્હં = સૌજન્ય.

(૪) ૐ = ત્રિકાળવ્યાપક, અર્હં = ત્રિલોકવ્યાપક.

(૫) ૐ = નાદ (આત્મા), અર્હં = જ્યોતિ (પરમાત્મા).

(૬) ૐ = એકતા (ઉપાદાન), અર્હં = અભિન્નતા (નિમિત્ત).

(૭) ૐ = શબ્દબ્રહ્મ, અર્હં = પરબ્રહ્મ.

(૮) ૐ = વૃત્તિસંકોચ, અર્હં = વૃત્તિવિસ્તાર.

(૯) ૐ = દ્રવ્યસંકોચ, અર્હં = ભાવસંકોચ.

શ્રીં

શબ્દબ્રહ્મમાં નિષ્ણાત પરબ્રહ્મને પામે છે. 'નિષ્ણાતતા' યાને:

(a) શબ્દના આલંબને નિઃશબ્દમાં જવું.

(b) આહત ધ્વનિ વડે અનાહત ધ્વનિમાં સ્થિર થવું.

(c) મંત્રોચ્ચાર વડે અનુચ્ચારમાં જઈ આત્મસ્વરૂપ થવું.

(d) શબ્દક્રિયા વડે નિષ્ક્રિય અવસ્થામાં સ્થિર થવું.

(e) શબ્દ વડે નિઃશબ્દમાં જઈ સ્વરૂપમાં સ્થિર થવું.

શબ્દબ્રહ્મ બે પ્રકારે છે: સૂક્ષ્મ અને સ્થૂલ.

સૂક્ષ્મ શબ્દબ્રહ્મ પ્રાણ, મન અને ઇંદ્રિયમય અનુક્રમે પરા, પશ્યંતી અને મધ્યમા રૂપે ઓળખાય છે.

પરા પ્રાણરૂપ, પશ્યંતી મનોમય અને મધ્યમા ઇંદ્રિયમય છે તથા વર્ણ વ્યંજક હોઈ વૈખરી વર્ણોનું કારણ છે.

શબ્દબ્રહ્મ સુદુર્બોધં, પ્રાણેન્દ્રિય - મનોમયં,
અનંતપારગંભીરં, દુર્વિગાહ્યં સમુદ્રવત્ । અર્હતિઃ

'અર્હં' પદ દ્વાદશાંગનો સાર, સંક્ષેપ, મૂળ અને ફળ છે.
સારરૂપે બુદ્ધયોત્પાદક, સંક્ષેપરૂપે ધર્મોત્પાદક, મૂળરૂપે તીર્થોત્પાદક અને ફળરૂપે મોક્ષોત્પાદક છે.
તે વર્ણોત્પાદક રૂપે શબ્દરૂપ, વાચકતારૂપે વાચ્યની સાથે સંબંધિત અર્થરૂપ, વાચ્યનું જ્ઞાન કરાવવારૂપે જ્ઞાનરૂપ છે.
તે વર્ણમાતૃકારૂપે જ્ઞાનજનની, અર્થબોધરૂપે બુદ્ધિજનની અને પ્રત્યયરૂપે ધ્યાન અને મોક્ષજનની છે.

પરમેષ્ઠિમયો રત્નમયઃ સર્વમહીમયઃ ।
પ્રણવઃ સૂરિમંત્રાદૌ ગૌતમસ્વામિના કૃતઃ ॥ સદ્ગતિઃ

સૂરિમંત્રની શરૂઆતમાં ગૌતમસ્વામી વડે
પંચપરમેષ્ઠિમય, રત્નમય, સર્વતેજમય ૐકાર કરાયો છે.
પંચમ પીઠ મંત્રરાજ પીઠ છે, તે અનંત ચતુષ્ટયગર્ભિત
ચારે પીઠનો સ્વામી, સર્વ કર્મ ક્ષયકારી, મોક્ષપ્રદ છે.

'મેરુ' શબ્દ આર્હન્ત્યવાચક છે.

આર્હન્ત્ય ત્રણે કાળના અરિહંતોનો બોધ કરાવે છે.

'ઇરિ મેરુ' 'કિરિ મેરુ'થી ભવસ્થ અરિહંતોનું ગ્રહણ થાય,
'ગિરિ મેરુ' રાજ્યાવસ્થાનો સૂચક છે, 'પિરિ મેરુ' દીક્ષાની
અવસ્થાનો સૂચક છે (ક્લેશ - કષ્ટ - સંકટોને સહવું તે),
'સિરિ મેરુ' એ કૈવલ્યાવસ્થા, 'હિરિ મેરુ' એ મહાપૂજા-
કારક અપ્રતિહત શાસન કરવાની શક્તિનો સૂચક છે.

દ્વન્દ્વો સામે પ્રતિદ્વન્દ્વો ગોઠવી દેવા, તે જ યોગમાં કૌશલ્ય.

તમે પહેલા યોગના કુશળ માળી બનજો, હૃદયના ઉદ્યાનમાં
સદ્ગુણોના સુંદર ફૂલછોડ વાવીને મધ્યમાં પ્રભુ પધરાવી
ધ્યાન ધરજો, શાશ્વત આનંદ પામીને અજરામર થજો.

કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, અહંકાર, સ્વાર્થની બાજુ
તરફ ક્ષમા, ઉદારતા, નમ્રતા, તપ, શૌચ, બ્રહ્મચર્ય છે.

## સદ્ગતિ કોને દુર્લભ નથી ?

જેને ઇચ્છાકાર - મિચ્છાકાર - તહકાર સુપેરે પરિચિત થયેલ છે - પરિણામ પામેલ છે, તેને સદ્ગતિ દુર્લભ નથી.

ઇચ્છાકાર = સુકૃતાનુમોદના, મિચ્છાકાર = દુષ્કૃતગર્હા
તથા તહકાર = ચતુઃશરણગમન.

'હું સુકૃતને ઇચ્છું છું, દુષ્કૃતને ઇચ્છતો નથી' એ જે ભાવપૂર્વક જે શરણાગમન કરે છે, તેને સદ્ગતિ સુલભ છે.
શરણાગમન એટલે આજ્ઞાપાલન - વિધિનું પ્રાધાન્ય.
તત્ત્વથી ધ્યાનરૂપી તપ = વિધિ એટલે અસત્ની નિવૃત્તિ અને સત્ને વિષે પ્રવૃત્તિપૂર્વક ધર્મ ઇચ્છાનું પ્રાધાન્ય.

Imp
દાનાદિ ચાર વડે ચાર સંજ્ઞાઓ જીતાય,
જ્ઞાનાદિ પાંચ ગુણો વડે પાંચ વિષયો જીતાય,
ક્ષમાદિ ચાર ગુણો વડે ચાર કષાયો જીતાય અને
મૈત્ર્યાદિ ચાર ભાવના વડે ક્ષમાદિ ગુણો પ્રકટે છે.

પુણ્યનું અનુમોદન ન કરો, તો વિનાશ અને
પુણ્યનું અનુમોદન કરો, તો વિકાસ થાય છે.

પૂજ્યપૂજાવ્યતિક્રમો મહદપરાધઃ ।
પૂજ્યની પૂજા ન કરો, તો અધોગતિ અને
પૂજ્યની પૂજા કરો, તો ઉર્ધ્વગતિ થાય છે.

શ્રી

આ અનાદિ અનંત સંસાર ચાલ્યા કરે છે,
તે એમ ને એમ જ ચાલ્યા કરશે.
ત્રિગુણની કે આઠ કર્મની આ બધી રમત છે.
જો તમારા આત્માનું કલ્યાણ કરવું હોય,
તો સંસારથી નિરપેક્ષ રહો, તટસ્થ દૃષ્ટા બનીને જુઓ.
સંસાર કાળો કોલસો છે. સાબુથી હાથ ધોશો, તો પણ
હાથ કાળા થશે, કોલસાની કાળાશ ઘટવાની નહિ.
સત્ય - પ્રેમ - કરૂણા કેળવવા સંસારથી અલિપ્ત રહો.
બાહ્ય જીવન અને તેના કુત્રિમ વ્યવહારો, ઇચ્છાઓ
વાસનાઓથી છૂટી જઈ મન જ્યારે અંદરની નીરવતાનો
પરિચય પામે છે, ત્યારે શક્તિનો નવો સ્રોત સાંપડે છે,
તે મનુષ્યને વધુ સારી રીતે જીવવા તરફ લઈ જાય છે.

સમતોલ બનવું છે ? તો ધ્યાન કરો...

કારણ કે આત્મચિન્તન અને ધ્યાન મનુષ્યને
સ્વસ્થ, સમતોલ, સ્થિરબુદ્ધિ, શાણપણવાળો બનાવે છે,
તેથી ચિત્તશાંતિ - બૌદ્ધિક પ્રતિભા - મનોબળ વધે છે,
છેવટે આત્મસ્થિત બની રહેવાનું બળ પ્રાપ્ત થાય છે.
સાધનામાર્ગમાં ધીરજની ઘણી જરૂર રહે છે. ધીમા પણ
ચોક્કસ પ્રગતિ થાય, એ મોટી વાત સમજવાની છે.

શ્રી રત્નમંડનગણિ કૃત 'ઉપદેશતરંગિણી'માં કહ્યું છે કે:

ये लक्षं जिनबद्धलक्ष्यसुमनाः सुव्यक्तवर्णक्रमम्,
श्रद्धावान् विजितेन्द्रियो भवहरं, मंत्रं जपेत् श्रावकः।
पुष्पैः श्वेतसुगन्धिभिश्च विधिना लक्षप्रमाणैर्जिनं,
यः संपूजयते स विश्वमहितः, श्री तीर्थराजो भवेत्॥

અર્થ: શ્રી જિનેશ્વરદેવ પ્રત્યે બાંધ્યું છે લક્ષ્ય જેણે, એવો સુંદર મનવાળો જે જિતેન્દ્રિય - શ્રદ્ધાવાન શ્રાવક, સુસ્પષ્ટ વર્ણોચ્ચારપૂર્વક સંસારનો નાશ કરનાર એવા શ્રી જિનેશ્વર ભગવંતની સુવિધિપૂર્વક પૂજા સહિત

અને એક લાખ શ્વેત - સુગંધી પુષ્પો વડે

શ્રી પંચ પરમેષ્ઠિ મહામંત્રનો એક લાખ વાર જાપ કરે,

તે ત્રિભુવનપૂજ્ય તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે.

o અપૂર્ણ માનવ પૂર્ણ જાણવાનો પ્રયત્ન કરે,

તેમાં સમય લાગે, એ દેખીતી વાત છે.

ધ્યાનનો અભ્યાસ અહંપ્રધાન જીવનમાંથી પૂર્ણ યોગના તરફ લઈ જતો હોવાથી સૌને અત્યંત ઉપયોગી છે.

કબીર લખે છે કે:

'શિલા પરે ઉસ સુખ પર, જો સાંઈ જ દિયા ભુલાય,
બલિહારી વા દુઃખ કી, જો પલ પલ યાદ દિલાય. ...(૧)'

Ghanerao - 24/2/77

સમોવસરણના ૩ ગઢના ૪ દ્વાર પ્રમાણે કુલ ૧૨ દ્વાર:

(૧) ત્રણ યોગ (૨) ત્રણ કરણ (૩) સાત ધાતુ
(૪) દશ પ્રાણ (૫) ૩॥ ક્રોડ રોમ (૬) અસંખ્યાત પ્રદેશ
(૭) અનંત જ્ઞાન - દર્શન - ઉપયોગ
(૮) અનંત ચારિત્ર - તપરમણતા
(૯) અનંત વીર્ય - યોગ (૧૦) સંભેદ - અભેદ
(૧૧) સ્વરૂપભજના (૧૨) સ્વરૂપરમણતા.

'બૃહદારણ્યક'માં કહ્યું છે કે:

आत्मानं चेद्विजानीयात् अयमस्मीति पुरुषः ।
किमिच्छन् कस्य कामाय शरीरमनुसंज्वरेत् ॥१॥

અર્થાત્: આત્માને જો 'આ પુરુષ છે' એમ જાણે, તો શું ઇચ્છતો, કોની માટે શરીરનો આધાર લે?

આનંદનો સ્રોત આત્મા છે.

ચારે દિશાએ આનંદસાગરનું સામ્રાજ્ય છે. વિષયાનંદ, વિદ્યાનંદ, બ્રહ્માનંદ, આત્માનંદ, અદ્વૈતાનંદ - બધા જ પૂર્ણાનંદસાગર સ્વરૂપ આનંદાર્ણવમાં નિમગ્ન થઈ જાય છે અને તેથી આનંદ વાસનાના ક્ષયથી, મનોનાશ અને તત્ત્વજ્ઞાન દ્વારા અવશ્ય સુસાધ્ય છે.

## <u>નિત્ય કરવા લાયક શું?</u>

(૧) કાયોત્સર્ગ (૨) નવપદનું ધ્યાન

(૩) વિપશ્યના (૪) ગીતા પઠન (૫) ધ્યાન વિચાર

(૬) શ્રી નવકાર મહામંત્રનું સતત ધ્યાન

(૭ - ૮) સિદ્ધસેનીય સ્તુતિ - મહાદેવ સ્તોત્રનું પઠન

(૯ - ૧૦) વિવિધ યંત્રોનું ધ્યાન (૧૧) સૂરિમંત્ર સ્મરણ

(૧૨) સદ્ગુરુસ્મરણ - પાટપરંપરાના મહાત્માઓને વંદન.

o 'एको मन्त्रस्तस्य नामानि यानि,
कर्माण्येकं तस्य देवस्य सेवा ।'

<u>અર્થાત્</u>: એક જ મંત્ર અને તે પ્રિયનું નામકીર્તન,
એક જ કર્મ અને તે પ્રિયની સર્વ ભાવે સેવા.
નામ, ભક્તિ, કર્મ અનુક્રમે રામ, સીતા, લક્ષ્મણરૂપે છે.

'अस्तीति उपलब्धस्य तत्त्वभावः प्रसीदति ।'

<u>અર્થાત્</u>: છે એમ સમજનારનો તત્ત્વભાવ -
તે પહેલાંનો ભાવ, પોતાનો જ પરમાત્મભાવ,
પરમાત્મા તરીકેની પોતાની અસ્તિ પ્રપન્ન થાય છે.

<u>સૂરદાસ કહે છે કે</u>:

'मो सम कौन कुटिल खल कामी?
जो हि तन दियो, वो हि विसरायो ऐसो निमकहरामी ।'

## વિશ્વાસ અને વિવેક

ઈશ્વરમાત્રથી વિમુખતા એ વિવેકસાધ્ય છે અને
ઇષ્ટ એવા સત્યથી અભેદ એ વિશ્વાસસાધ્ય છે.
વિશ્વાસ માનીને અને વિવેક જાણીને મેળવી શકાય છે.
એકનું સાધન હૃદય છે, બીજાનું સાધન મગજ છે.

## આત્મજ્ઞ મનુષ્ય કેવો હોય?

यस्त्वात्मरतिरेव, स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥ ગીતા:

જે આત્મજ્ઞ મનુષ્યને આત્મામાં જ રતિ હોય છે, તેવા
આત્મામાં સંતોષી માનવને બીજું કાંઈ કામ હોતું નથી.

o સ્મૃતિભૂલ એ ભગવત્પ્રાપ્તિ અને
અધ્યાત્મપથારૂઢ થવાનો સુગમ ઉપાય છે.

ક્ષમા એ વીર પુરુષનું પરમ ભૂષણ છે.
ક્ષમા એ દુર્બળતાનું નહિ પણ સબળતાનું ચિહ્ન છે.
ક્ષમા એ સહિષ્ણુતાની જનની છે.
અપમાન કરવાવાળો આપણો હંમેશ દયાપાત્ર છે.
ક્ષમા એ મધુર વ્યક્તિત્વનો મૂળાધાર છે.
ક્ષમા એ અહિંસાનો પ્રાણ છે અને તે ઉપરાંત
મત્સ્યગલાગલ ન્યાયનો ઈન્કાર છે.

## પરનિન્દા એ શા કારણે મહાપાપ છે?

જે વ્યક્તિ બીજાની નિન્દા કરે છે, તે વ્યક્તિને સદા ભાન હોય છે કે જે ત્રુટિ બીજામાં છે, તે મારામાં નથી.

તેથી પરનિન્દક મનુષ્ય સ્વદોષની ગર્તાથી યુત થઈને મહાદોષવાળો બની જાય છે.

અંતઃકરણ જ્યારે સાધનચતુષ્ટયસંપન્ન થઈ શુદ્ધ બને, ત્યારે બ્રહ્માકારવૃત્તિ પ્રકાશિકા બુદ્ધિ ઉદય પામે છે તથા વૃત્તિ અને બુદ્ધિ - બંને એકત્ર થઈને પરમાત્માનો આવિર્ભાવ કરે છે. સાધના વડે અંતઃકરણને શુદ્ધ કરી પ્રકાશિકાવૃત્તિનો ઉદય કરવો જોઈએ, કેમકે જ્યારે બંને એક હોય છે, ત્યારે ભગવત્તત્ત્વનો બોધ થાય છે.

છઠ્ઠી ઈંદ્રિય અને ઈન્દ્રિયાતીત અનુભવો ઉપર આજે વિશ્વાસ ઉત્પન્ન થઈ રહ્યો છે, એ એક શુભ ચિહ્ન છે.

o 'ગાયત્રી'નો આધ્યાત્મિક અર્થ પરમાત્મા છે અને તેનો આધિદૈવિક અર્થ હોય છે આદિત્ય અથવા સૂર્ય.

o ચિત્રના રૂપમાં તત્ત્વતઃ ચરિત્રની જ પૂજા હોય છે. સૌન્દર્ય, માધુર્ય, આનન્દ, આદર્શ, મર્યાદા, ત્યાગ વગેરે સર્વ ગુણોની ઉપસ્થિતિ એક ચિત્ર દ્વારા થઈ શકે છે.

o

Science of Parapsychology = પરામનોવિજ્ઞાન.

વાત્સલ્યથી ધિક્કાર અને વેરથી વિનાશ, આ ગણિત છે.
વેરની સામે વાત્સલ્ય, ક્રૂરતાની સામે કરુણા અને
ઝુલ્મની સામે જે ક્ષમા દર્શાવે, તો મોક્ષ નજીક આવે.

વાત્સલ્યના પરિણામે નિર્વાણનાં સુખ અને
વેરના પરિણામે નરકની વેદનાઓ છુપાયેલી છે.

જિનની સેવા કરવા મળે, તે મોટો પુણ્યોદય.

તનથી સેવા કરે, એને રોગ થતો નથી.
ધનથી સેવા કરે, એ દરિદ્ર થતો નથી અને
મનથી સેવા કરે, એને સર્વજ્ઞ પ્રભુ દેખાય છે.

સેવા વડે કૃતજ્ઞતા, ગુણાનુરાગ અને
પુણ્યવૃદ્ધિનો લાભ મળે છે, તુચ્છ દ્રવ્ય વડે કૃતજ્ઞતા,
ગુણાનુરાગ અને પુણ્યસંપત્તિનો લાભ મળતો હોય, તો
કોણ વિવેકી તેને જતો કરે?

જિનની સેવા વડે પોતાનું મહાન પરલોકહિત સધાય છે.
સેવામાં સર્વશ્રેષ્ઠ એવા અરિહંતભક્તિનો લાભ મળે છે.
ભક્તિથી મુક્તિમાર્ગ બતાવનાર અરિહંત પરમ ઉપકારી છે,
જેને ભક્તિનો ભય નથી, તેની ભક્તિ લોકોત્તર બને છે.

સેવા કરીને સામાનો ઉપકાર મનાવી,
એ મંગલકરનું કાર્ય કરે છે. કહ્યું છે કે:
નમસ્કાર શ્રેષ્ઠ મંગલકર છે.

હિતમાર્ગના માલિક પરમાત્મા છે, એ પરમાત્માની મૂડી છે.

અન્ય જીવોનું હિત કરવાથી જે ઉપકાર થાય,
તે ખરેખર તો પરમાત્માએ જ કર્યો ગણાય.
હિતમાર્ગ પરમાત્માનો છે, કેમકે અરિહંતે એ બતાવેલો છે.
તેનું અનુસરણ કરતી વખતે અહંકાર અને
મિથ્યા એવા કલ્પનાઓથી બચવા માટે કાળજી રાખવી,
એ યોગી પુરુષોને પણ અઘરું છે. કહ્યું છે કે:
સેવાધર્મઃ પરમગહનો યોગિનામપ્યગમ્યઃ । અત્યંત ગહન
સેવાધર્મ છે, યોગીઓને પણ સમજાય નહિ તેવો છે.
સેવાધર્મ બજાવવા વડે 'આપણા ઉપર થયેલા પ્રભુ-
પરમાત્માના ઉપકારના ઋણથી મુક્ત થવાય' એ વિચાર
કર્તવ્ય છે, એથી ઉપકાર કર્યાનો અહંકાર અને પરમાત્માના
માર્ગને પોતાનો કલ્પવાની મિથ્યાકલ્પના, ઉભયથી બચાય.

V. Imp. ધનના પણ મૂળ માલિક પરમાત્મા છે.

પૂર્વ ભવે પરમાત્માની ભક્તિ કરી હશે કે અરિહંતભગવંત
પરમાત્માની આજ્ઞાનું પાલન કર્યું હશે, તેથી ધન મળ્યું છે.
એમાં વડાઈ પરમાત્માની - ઉપકાર પણ પરમાત્માનો છે.
'મારું ધન' એમ માનવું, એ પહેલી મિથ્યાકલ્પના અને
'તે ધન વડે સામાને મેં ઉપકાર કર્યો' એમ માનવું, એ
બીજી મિથ્યાકલ્પના છે.

જે ધન વડે પરિગ્રહ સંચય અને વિષય - વિલાસ તથા
માન - માયાદિ કષાયોની વૃદ્ધિ થવાની હતી,
ઉપરાંત આર્તરૌદ્ર ધ્યાનની પુષ્ટિ થવાની હતી,
તે ધન વડે જ્ઞાનનો ઉપકાર થાય, ત્યારે
એ બધા પાપોમાંથી બચાવનાર કોણ?
'મારે ઉપકાર તો દાન લેનારાનો માનવાનો છે'
એમ માનવાથી મિથ્યા કર્તૃત્વથી મુક્ત થવાય છે,
અહંકાર દોષથી બચી જવાય છે તથા એ કારણે
દાતા પોતે હંમેશા ગ્રાહકનો જ ઉપકાર માને છે.
<u>મન, બુદ્ધિ કે તપબળ પણ પરમાત્માના પ્રભાવે,</u>
<u>એમની આજ્ઞાપાલનના ફળરૂપે જ મળે છે.</u>
તે બધાને ઝીલીને સાચો આત્મા આપણને
કૃતજ્ઞતાગુણના પાલનમાં સહાય કરે છે, માટે ઉપકારી છે.
આપણું દાન વગેરે સ્વીકારીને સાચો મહાત્મા આપણને
ધર્મનો લાભ આપે છે, પુણ્યની પ્રાપ્તિ કરાવે છે તથા
કૃતજ્ઞતા ગુણ વિકસાવવામાં સહાયક થાય છે.
<u>આનંદઘનજી કહે છે કે:</u>
'મુગ્ધ સુગમ કરી સેવન આદરે, સેવન અગમ અનૂપ.'
અગમ અનૂપ = ન સમજાય એવો અનુપમ આનંદ.

જિનાજ્ઞાશુદ્ધ ધર્મનો ઉપદેશ આપનારને

સામો મનુષ્ય કદાચ ઉપદેશ ન પણ ગ્રહણ કરે,
તો પણ ધર્મોપદેશ દેનારને તો લાભ જ થાય છે.
ધર્મકથા રૂપી સ્વાધ્યાય કરવાથી વક્તાને શ્રોતા દ્વારા
આભ્યંતર તપનો લાભ થાય છે. જો ધર્મકથા સાંભળનાર
જ ન હોય, તો એ લાભ વક્તાને કેવી રીતે મળત?

અસંક્લિષ્ટ ભોગ એટલે...

સુખ ભોગવતી વખતે રાગાદિનો સંક્લેશ ન થાય તે
યા તીવ્ર રાગ-દ્વેષ - મદ - ચિંતા - સંતાપ ન થાય તે.
વિશુદ્ધ ધર્મની સાધનામાંથી જ એ પુણ્ય બને છે.
'ભગવન્નામ, રૂપ, ગુણ, પદની અપેક્ષાએ દુન્યવી સઘળી
વસ્તુ તુચ્છ છે' એમ માનવાથી ભાવવિશુદ્ધિ જળવાઈ રહે.
પ્રભુભક્તિનું સામર્થ્ય = અશુભને રોકે, શુભને સર્જે.

ધર્મ = દાન - શીલ - તપ તથા ભાવ.

જે જીવ ધર્મ કરે, તે ચક્રવર્તી કરતાં પણ અધિક સુખી છે.



દાન કરનારને શ્રીમંત દુઃખી લાગશે,
શીલ પાળનારને દેવો દુઃખી લાગશે,
તપ કરનારને ખાનાર - પીનાર દુઃખી લાગશે તથા
શુદ્ધ ભાવવાળાને પ્રભુઆરાધીન જીવો દુઃખી લાગશે.

દાન દેનારને લક્ષ્મી અનિષ્ટ લાગે,
શીલ પાળનારને ભોગ અનિષ્ટ લાગે,
તપ કરનારને ઇંદ્રિયોની ગુલામી ખટકે અને
ભાવવાળાને ભવ ભયંકર લાગે.
પૈસાના મોહથી બચવા માટે દાન એ ઉપાય છે,
ભોગથી બચવા માટે શીલ એ ઉપાય છે,
ઇંદ્રિયોથી બચવા માટે તપ એ ઉપાય છે અને
ભવભ્રમણથી બચવા માટે ભાવ એ ઉપાય છે.
તપ કરનારને ઇંદ્રિયોનો નિગ્રહ કરવાનો, કષાયો ઉપર
કાબૂ મેળવવાનો, પરિગ્રહનું પાપ ઘટાડવાનો ભાવ હોય,
તો તે તપ સાનુબંધ જિનાજ્ઞાના પાલનપૂર્વકનો ગણાય.
વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણનો અનુરાગ અને
ક્રિયામાં અપ્રમાદ કેળવવા માટે અનુક્રમે
દાન, શીલ, તપ અને ભાવધર્મનો આદર થવો જોઈએ.
મહાનંદની જેને ભાવથી પ્રાપ્તિ થઈ છે, તેના આગળ
ચક્રવર્તી કે દેવની ઋદ્ધિ પણ તુચ્છ છે.
જિનાજ્ઞા સમજનાર ગરીબને જે આનંદ હશે,
તે જિનાજ્ઞાને ન સમજનાર શ્રીમંતને પણ નહિ હોય.
સંતોષી શ્રીમંત જેટલો સુખી લોભી શ્રીમંત નહિ હોય.

જ્ઞાનસાર, ૩૧ - ૬માં કહ્યું છે કે:

(શીલ) (દાન) (તપ)
યત્ર બ્રહ્મ જિનાર્ચા ચ કષાયાણાં તથા હતિઃ।
(ભાવ)
સાનુબન્ધા જિનાજ્ઞા ચ તત્તપઃ શુદ્ધમિષ્યતે॥ અર્થાત્: તે તપ શુદ્ધ છે, જ્યાં બ્રહ્મચર્યપાલન, પરમાત્માની પૂજા, કષાયોની હાનિ અને અનુબંધવાળી જિનાજ્ઞા હોય છે.

કર્મના વિચારથી દુષ્કૃતગર્હા થાય,
ધર્મના વિચારથી સુકૃતાનુમોદના અને
મોક્ષના વિચારથી અરિહંતાદિનું ભાવથી શરણાગમન થાય.

જ્ઞાન - ધ્યાનમાં 'જ્ઞાન' શબ્દ વૈરાગ્યવાચક છે અને
'ધ્યાન' શબ્દ એ આત્મજ્ઞાનવાચક છે.

જ્ઞાન માટેનું સાધન મૌન છે અને
ધ્યાન માટેનું શ્રેષ્ઠ સાધન એકાગ્રતા છે. આત્માને વિષે ચિત્તની એકાગ્રતા એ અધ્યાત્મ જ્ઞાનયોગ કહેવાય છે.

મંત્રા મંત્રપદાઃ પ્રોક્તાઃ। અને મંત્રો મંત્રપદ કહેલાં છે.
માનસજાપ વડે મન મંત્રમય બને = મંત્રચૈતન્ય પ્રકટે.

'લય' એટલે શું?

લય = મંત્રદેવતાના સ્વરૂપમાં ચિત્તવૃત્તિઓનું લીન થવું.
તે વખતે મંત્ર, દેવતા અને મંત્રસાધકનો ભેદ દૂર થઈ અને સાધક પોતે જ મંત્રદેવતામય બની જાય છે.

'આત્મશુદ્ધિ એજ મોક્ષનો ઉપાય છે.'

એનો અર્થ આત્મા એજ મોક્ષ અને મોક્ષમાર્ગ છે.

आया सामाइए, आया सामाइयस्स अट्ठे ।

પરમપદ = આત્મસ્વરૂપ, તેમાં સ્થિત તે પરમેષ્ઠિ છે.

નમસ્કાર એ ધર્મનો એકડો છે.

સમ્યક્ત્વ એકડો છે, એકડો હોય તો એક એક મીંડાનું મૂલ્ય 10-10 ગણું વધતું જાય છે, અન્યથા શૂન્ય છે.

सम्यक्त्वरत्नान्न परं हि रत्नं ।

અર્થાત્: સમ્યક્ત્વરત્નથી શ્રેષ્ઠ બીજું કોઈ રત્ન નથી.

તે ચિંતામણિ - કલ્પવૃક્ષથી પણ અધિક મૂલ્યવાન છે,

તે શીઘ્ર અજરામર પદ પ્રાપ્ત કરાવે છે.

આત્મશુદ્ધિ વિરુદ્ધ લોકૈષણા - લોકસંજ્ઞાની વૃત્તિ છે.

અર્થસહિત શબ્દજ્ઞાન, તે સાચું જ્ઞાન છે.

હેયોપાદેય સહિત જ્ઞાન, તે તત્ત્વજ્ઞાન છે.

ઇંદ્રિય, મન અને શબ્દના નિમિત્તથી જે જ્ઞાન થાય, તે અનુક્રમે મતિજ્ઞાન - શ્રુતજ્ઞાન કહેવાય. મોક્ષપ્રાપ્તિમાં ઉપકારક એવું જીવ - અજીવનું જ્ઞાન, પાપ - આશ્રવ - બંધમાં હેયપણાનું જ્ઞાન અને પુણ્ય - સંવર તથા નિર્જરામાં ઉપાદેયપણાની બુદ્ધિ, તે સમ્યગ્દર્શન છે.

મનુષ્ય અનેક ગેબી શક્તિઓનો ભંડાર છે.

ખોલવું સહેલ પણ કરવું મુશ્કેલ હોય છે.

હજાર ખાંડી જ્ઞાન કરતાં એક કણ આચરણ વધુ કિંમતી.

કર્મને તપાવે, શરીરની સાતે ધાતુઓને તપાવી શુદ્ધ કરે,
તેવું તપ સૌ કર્મોને ખપાવવાનું સૌથી મોટું સાધન છે.

જીવનનું અંતિમ ધ્યેય શું છે?

સત્યં = સાચું - સદ્વિચાર, શિવં = કલ્યાણકારી - સદાચાર
અને સુંદરં = મનોરમ્ય - સહકારી - સમર્પણ - સર્જન.

ગુણીને નમતાં ગુણ આવે છે.

સારા વિચાર અને સારું વર્તન હોય, તો જ સહકાર
સાંપડે અને સુંદર સર્જન થાય - સમર્પણ પણ થાય.

ક્રોધ, માન, માયા, લોભ, મદ, મત્સર - આ
સૌ દોષો ડુબાડનારા છે, તેમાં નાનો - મોટો કોઈ નહિ.

દુસ્તર એવા આ ભવસાગર તરવાને માટે
મનરૂપી તુંબડામાં એક પણ દોષરૂપી કાણું ન જોઈએ.

ભવસાગર તરવાના બે તુંબડા એટલે...
દોષમાત્રની નિંદા - ગર્હા અને ગુણમાત્રની અનુમોદના.

સર્વદા, દોષરહિત અને સર્વ ગુણસહિત હોય,
એનું શરણું સ્વીકારવાથી જ ભવસાગર તરી શકાય છે.

## અનેક પ્રકારના તપ

દીપ્તતપ = man invincible = અજેય મહાપુરુષ.

તપ્તતપ = તેજોલેશ્યા. મહાતપ = દીર્ઘતપ.

દીર્ઘતપ = ભદ્રતપ[૨], મહાભદ્રતપ[૪], સર્વતોભદ્રતપ[૧૦] = ૧૬.

ઘોરતપ = અનેક પ્રકારના અભિગ્રહયુક્ત તપો,

જીવન પર્યન્ત છટ્ઠ - અટ્ઠમના સતત તપ.

જલ્લતપ = શરીરનો મેલ ન ઉતારવાનો નિયમ.

ઘોર ગુણ = નિરતિચાર ચારિત્રપાલન.

ઘોર પરાક્રમ = માથે ખેરના અંગારા રાખી

એક લાખ યોદ્ધાઓ સાથે યુદ્ધ કરવું સહેલું છે,

પરન્તુ આત્મા સાથે લડીને વિજય મેળવવો કઠિન છે.

મનોબલી = અંતર્મુહૂર્તમાં શ્રુતસાગરનું અવગાહન કરે.

વચનબલી = સર્વ શાસ્ત્રો કંઠસ્થ કરી શકે.

કાયબલી = ડુંગરને ડોલાવે.

'ધ્યાન' એટલે પ્રભુઆજ્ઞાનો જપ.

તપ એ જપ + ધ્યાન સાથે મળીને લબ્ધિઓ પ્રકટાવે છે.

ત્રિરેખ વેષ્ટન વડે શક્તિવ્યૂહ રચાય છે અને

તેથી પરમંત્ર - પરવિદ્યા વગેરેના આક્રમણ થતાં નથી.

વેષ્ટન દ્વારા રક્ષણ મેળવવાની પદ્ધતિ પ્રચલિત જ છે.

ધર્મ = કર્તવ્ય = જીવનનો ઉત્કર્ષ જે વડે થાય તે.

સિદ્ધ ભગવંતોનું અસ્તિત્વ આત્માની અમરતા અને
ચિદાનંદ અવસ્થાનું ભાન કરાવે છે.

સ્વાતન્ત્ર્યમ્ પુંસ્ત્વમ્ | પારતન્ત્ર્યમ્ સ્ત્રીત્વમ્ |
પ્રકૃતિ: સ્વાતંત્ર્ય કેવળ પરમેષ્ઠિમાં છે,
જીવ બધા પરતંત્ર હોવાથી સ્ત્રી છે.

જેમ એક પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિના મનમાં મન, હૃદયમાં હૃદય અને આત્મામાં આત્મા હોય છે, તેમ જીવનું ભગવાન સાથે રમવું પણ કેવળ બાહુપાશમાં જ નહીં પણ અંતઃકરણ, અંતરાત્મા અને રોમેરોમમાં સ્થાપિત કરવું જોઈએ. ઈશ્વરનું નામ લેવાની સાથે ઈશ્વરના સર્વ કામ પણ કરતાં જ રહેવું જોઈએ.

જેની પર ઈશ્વરની દયા હોય, તેને જ સ્વદોષ દેખાય.

0 કળશ એ ભક્તિનો સંકેત - જીવની નિશાની છે.

0 Data = સ્વકૃત સ્વરૂપ છે જેનું તે.

0 પૂર્વભવના હરિનૈગમેષી = દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ.
મહાસંઘના અધિ. તેઓએ શાસ્ત્રોને ગ્રન્થારૂઢ કર્યા.

રત્નો સામે હોય પણ તેને ઓળખવાની દૃષ્ટિ ન મળી હોય, તો મૂલ્યવાન રત્નો પણ કાચના ટૂકડાં લાગે છે.

## પ્રતિપક્ષ ભાવના એટલે શું ?

એક તરફ કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, મોહ, સ્વાર્થ છે,
બીજી તરફ ક્ષમા, નમ્રતા, સરળતા, ઉદારતા, તપ, શૌચ
અને બ્રહ્મચર્ય છે. દ્વન્દ્વોમાંથી પ્રતિદ્વન્દ્વી શોધીને એને
અભાવ ગોઠવી લેવો, તે યોગ છે અને
એ જ પ્રતિપક્ષ ભાવના છે. કર્મસુ કૌશલ્યં યોગઃ ।

કર્મક્રિયા એટલે આત્મક્રિયા.

સંયોગ = આત્મસુખ. મુક્તિસુખ એ આત્મસુખ જ છે.
આત્મસુખનો અનુભવ મન વડે થાય છે એટલે
મનને આત્મગોચર કરવાથી સંયોગને સાધી શકાય તે યોગ
અને આત્મયોગ એટલે મનનું આત્મામાં કપટરહિત
જોડાણ થવું યાને અપધ્યાન નિવારી સ્વધ્યાનમાં રહેવું.
પરમાત્મધ્યાન યા સ્વધ્યાનને 'ભ્રમરધ્યાન' પણ કહે છે.
જીવોને અહં - મમ નચાવે છે, તે અહંને ભવિતવ્યતાના
બળથી અને મમને અનિત્યતાબળથી દૂર કરી શકાય છે.
પરમાત્માના સ્વરૂપમાં પોતે પોતાનું સ્વરૂપ કરીને
તત્પશ્ચાત્ આનંદોલ્લાસ અનુભવે છે.

o ગંગા પાપં શશી તાપં દૈન્યં કલ્પતરુસ્તથા ।
પાપં તાપં ચ દૈન્યં ચ ઘ્નન્તિ સન્તો મહાજનાઃ ॥૧॥

(પરિશિષ્ટ-૧૪)

## 'બ્રહ્મસંબંધ' કોને કહેવાય ?

નવધા ભક્તિમાં અંતિમ ભક્તિ આત્મનિવેદન ભક્તિ છે, તેને 'બ્રહ્મસંબંધ' પણ કહેવાય છે. તેનો અર્થ એ છે કે: હું, આ જીવ મારાં દેહ, ઇંદ્રિય, પ્રાણ, અંતઃકરણ અને એના ધર્મ, તેમ જ સ્ત્રી, ઘર, પુત્ર, સગા, સંપત્તિ અને મારા આત્મ સહિત લૌકિક - પારલૌકિક સર્વ કાંઈ ભગવાન કૃષ્ણને અર્પણ કરું છું. હે કૃષ્ણ ! હું દાસ છું, હું તમારો છું, તમે મારા નાથ - સ્વામી - અધિપતિ છો.

'ગીતા'માં અંતે ભગવાને એ જ આદેશ આપ્યો છે કે:
સર્વ ધર્માન્ પરિત્યજ્ય, મામેકં શરણં વ્રજ । (૧૮-૬૬)
બધા જ પ્રકારના દેહ અને જીવના ધર્મોનો ત્યાગ કરી મારા એકલાને જ શરણે આવ.

શ્રીમદ્ ભાગવત (શ્લોક ૧૧-૨-૩૬/૨૮)માં કહ્યું છે:
જેઓએ સ્ત્રી, ઘર, પુત્ર, સગાં, સંપત્તિ તથા ઐહલૌકિક-પારલૌકિક બધાંનો ત્યાગ કરી મારે શરણે આવેલાં છે, તેઓનો ત્યાગ કેવી રીતે કરી શકું ? વળી કાયા, વચન, મન, ઇંદ્રિયો, બુદ્ધિ, આત્માને તથા ગાડરીયા પ્રવાહવાળા સ્વભાવથી જીવ જે કાંઈ કરે છે, તે બધું અને સ્ત્રી, પુત્ર, ઘર, પ્રાણ પરમાત્મા - નારાયણને સમર્પણ કરી દેવા.

શ્રુતિનું તાત્પર્ય જાણવા છ લિંગ : ઉપક્રમ - ઉપસંહાર,
અભ્યાસ, અપૂર્વતા, ફળ, અર્થવાદ તથા ઉપપત્તિ.

'સૂતસંહિતા, ૮/૨૬'માં કહ્યું છે કે :

अतीन्द्रियार्थे धर्मादौ शिवे परमकारणे ।
श्रुतिरेव सदा मानं स्मृतिस्तदनुसारिणी ॥२॥ અર્થાત્ :

અતીન્દ્રિય પદાર્થોમાં ધર્મ વગેરે મોક્ષના પરમ કારણમાં
ઈશ્વરમાં શ્રુતિ અર્થાત્ આગમ જ માન્ય હોય છે,
સ્મૃતિ તેને અનુસારે જ હોય છે.

'વિવેક ચુડામણિ'માં કહ્યું છે કે :

न योगेन न सांख्येन कर्मणा नो न विद्यया ।
ब्रह्मात्मैकत्वबोधेन मोक्षः सिध्यति नान्यथा ॥

યોગ = નૈયાયિક કે સાંખ્યદર્શન કે કર્મ કે જ્ઞાન વડે નહીં,
માત્ર બ્રહ્માત્માના અભેદાનુભવથી મોક્ષ થાય, અન્યથા નહીં.
મોક્ષ એ બ્રહ્મસ્વરૂપ છે અને
બ્રહ્મ એ સત્, ચિત્, આનંદ અને અનન્તરૂપ છે.
સર્વ પ્રાણીઓનો તે આત્મા છે.
હું ત્રિકાળાબાધિત સત્ છું, સર્વનું સ્વરૂપ હોવાથી
ચિત્ છું, આકાશવત્ અસીમ હોવાથી અનંત છું અને
દુઃખલેશશૂન્ય હોવાથી આનંદસ્વરૂપ છું.

अहं ब्रह्माऽस्मि । शिवोऽहं ।
सत्यं ज्ञानमनन्तं ब्रह्म । केवलोऽहं ।
તત્ત્વનિર્ણયના ઇચ્છાવાળે પરપક્ષખંડન કંઈ કરવું નહિ.
ઇંદ્રિયોને પોતપોતાના વ્યાપારોથી નિવૃત્ત કરી,
અંતઃકરણમાં લીન કરવી. પછી અંતઃકરણને આત્મામાં
અને આત્માને બ્રહ્મમાં લીન કરવો.

સમ - શમ - શ્રમ : આત્મરૂપ = વૈરાગ્ય = સમ.
Timelessness - સમસામાયિક = અનિત્યત્વાદિ ૧૨ ભાવના.
આત્મરતિ = આત્મપ્રેમ = શમ.
Egolessness - શમસામાયિક = મૈત્ર્યાદિ ૪ ભાવના.
આત્મસંતુષ્ટ = અકિંચનભાવ = શ્રમ.
Absolute voidness - શ્રમ સામાયિક.
શ્રમ સામાયિક = રત્નત્રયની એકતા = આત્મ સામાયિક.
(૧) ગુણી અને ગુણનો ભેદ = સમ.
(૨) વ્યક્તિગત ભેદ અને જાતિગત અભેદ = શમ.
(3) ગુણી અને ગુણનો અભેદ = શ્રમ.
શુભમાં પ્રવૃત્તિ, અશુભથી નિવૃત્તિ અને
શુદ્ધ તરફ દૃષ્ટિ - એ ત્રણે મોક્ષમાર્ગે જવા માટે
સંવર અને નિર્જરાના હેતુ બને છે.

## રાજમાર્ગે મહાવાક્યોનું ચિન્તન

જેમ ભક્તિમાર્ગે નામસ્મરણ એ સર્વોત્તમ પ્રક્રિયા છે, તેમ રાજમાર્ગમાં મહાવાક્યોનું ચિન્તન ઉપરાંત મનન એ આત્મજ્ઞાનના અધિકારી બનવા સર્વોત્તમ પ્રક્રિયા છે. તેથી મનુષ્ય દેહ, મન, ઇંદ્રિય, વાસના, બુદ્ધિ, ભાવનાદિ વળગાડોથી પર થઈ પોતાની મૂળ સ્થિતિમાં પહોંચી જાય છે.

'મહાવાક્ય' એટલે મહાન અર્થવાળું વાક્ય.

(૧) ઋગ્વેદમાં કહ્યું છે : प्रज्ञानं ब्रह्म । (५) उपयोगो लक्षणम् ।

(૨) સામવેદમાં કહ્યું છે : तत्त्वमसि । (४) परस्परोपग्रहो जीवानां ।

(3) યજુર્વેદમાં કહ્યું છે : अहं ब्रह्माऽस्मि । (५) गुण-पर्यायवद् द्रव्यं ।

(૪) અથર્વવેદમાં કહ્યું છે : अयमात्मा ब्रह्म । (६) दृष्टात्मापरमात्माएवजीवात्मा ।

(५) सर्वं खल्विदं ब्रह्म । उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत् ।

(६) एकमेवाऽद्वितीयं । तद्भावाव्ययं नित्यं ।

નરસિંહ મહેતાએ 'જાગીને જોઉં તો' પદમાં લખ્યું છે કે:

'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.'

# સુખ જોઈએ છે ? તો ધર્મ કરો...

સુખાર્થાઃ સર્વભૂતાનાં મતાઃ સર્વાઃ પ્રવૃત્તયઃ ।
સુખં ન વિના ધર્મં તસ્માદ્ધર્મપરો ભવેત્ ॥ - વાગ્ભટ્ટ

અર્થાત્ઃ સર્વ જીવોની સર્વ પ્રવૃત્તિઓ સુખ માટે જ કહેલી છે અને સુખ ધર્મ વિના ન મળે, એ માટે ધર્મમાં તત્પર થવું જોઈએ.

૦ વિદ્વાનો અને પંડિતો મન - બુદ્ધિનાં સ્તર સુધી પહોંચેલા હોય છે, જ્યારે સિદ્ધ પુરુષો અને યોગીજનોએ તો આત્મા - પરમાત્મા સુધી આરોહણ કર્યું હોય છે.

૦ ધનની થેલી જેમ જેમ દાનથી ખાલી થાય છે, તેમ તેમ દિલનો ખજાનો આનંદથી વધતો જાય છે.

ધનની નોટો ગણવાને જેટલું કમાઈ શકાય છે, તેથી કેઈ ગુણા અધિક કમાણા તમને ધર્મની માળા ગણવામાં થઈ જાય છે, તેથી તે favourable period માનીને વર્તશો.

૦ આપણે જગતને સદા જ પ્રેમ કરીએ, જેથી પ્રેમ પ્રભુ આપણને કરે છે.

૦ ઈશ્કના કીડા મટી ઈશ્વરના કીડા બનવું, એજ છેલ્લું ભવભ્રમણનું ચક્ર છે અને તેથી જ તે છેલ્લું પુદ્ગલ પરાવર્તન છે, ધર્મનો યૌવનકાળ ગણાય છે.

'વિવેક ચુડામણિ'માં કહ્યું છે કે:

सहनं सर्वदुःखानामप्रतीकारपूर्वकम् ।
चिन्ता-विलापरहितम् सा तितिक्षा निगद्यते ॥ અર્થાત્:

સર્વ દુઃખોને પ્રતિકાર વિના તથા ચિન્તા
અને વિલાપરહિત સહન કરવા, તે 'તિતિક્ષા' કહેવાય છે.

ધર્મમાં જરૂરી ચાર મુખ્ય ગુણ

(૧) નિત્યાનિત્ય વિવેક (૨) ઇહામુત્રાર્થ ફલભોગવૈરાગ્ય
(૩) શમ - દમાદિ ષટ્સંપત્તિ અને (૪) મુમુક્ષુતા.

ષટ્સંપત્તિ = શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન.

(૧) શમ = ચિત્તનું નિયમન - નિયંત્રણ.
વિષયોથી મનને વાળી લઈ લક્ષ્યમાં સ્થિરતા કરવી તે.
(૨) દમ = બાહ્ય જ્ઞાનેન્દ્રિયો - કર્મેન્દ્રિયોને વાળી લેવા તે.
(૩) ઉપરતિ = એકાગ્રતાથી સ્વધર્મનું પાલન કરવું તે.
(૪) તિતિક્ષા = પ્રતિકૂળતાઓને સમતાથી સહેવા, તપવૃત્તિ.
(૫) શ્રદ્ધા = ગુરુ, ગ્રન્થ અને સૌ મહાપુરુષોના વચન, વિચાર અને આચરણ ઉપર પૂર્ણ વિશ્વાસ રાખવો તે.
(૬) સમાધાન = પરબ્રહ્મ પ્રતિ એકાગ્રતા, મનની નિશ્ચલતા.

० मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्याः तान् तितिक्षस्व भारत ॥

- ગીતા, ૨/૧૪ (પરિશિષ્ટ-૧૫)

## <u>રાજસિક અને તામસિક સુખ કેવું હોય?</u>

विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुखं राजसं मतं ॥ - गी० १८/३८

અર્થાત્: વિષય અને ઇંદ્રિયના સંયોગથી શરૂમાં અમૃત અને પરિણામે વિષ જેવું જે સુખ હોય, તે રાજસિક છે.

यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः ।
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ॥ અર્થાત્:

શરૂઆતમાં અને પરંપરાએ પણ આત્માને મોહ ઉત્પન્ન કરે તેવું, પ્રમાદથી ઉત્પન્ન થયેલું નિદ્રાળુ આળસને જે સુખ હોય, તે તામસિક કહેવું છે.

अप्रतिहतेयं कर्मानुबन्धापनयने । महानयं प्रत्यपायपरि-हरणोपायः । महदेतत्कुशलाशयनिबन्धनम् । (પરિશિષ્ટ-૨)

<u>આત્મા, વાણી, મન - ત્રણના સંયોગથી શબ્દ બને છે, તેથી મંત્ર પણ આત્મમય, ઇંદ્રિયમય અને મનોમય છે.</u>

પ્રથમ વિચારનું બીજ વાવો, પછીથી કર્મની પેદાશ કરો. તે કર્મનું વાવેતર ટેવરૂપે કરો અને ટેવના અભ્યાસથી ચારિત્રનો ઉગમ થશે અને આવા ચારિત્રને લીધે જ નસીબ ઘડાશે. કર્મફળ માટે નિમિત્ત નસીબ નહિ પણ વિચારો જ છે. વિચારો જ આપણા આચારને ઘડે છે.

પોતાના હલકા - નીચ વિચારો જ અપશુકન છે તથા અમંગળ છે, તેની સામે પોતાના ઉત્તમ - ઉચ્ચ વિચારો ગોઠવવા, એજ શુભ શુકન અને મંગળના હેતુ બને છે. સબળની દૃઢ જપ મંગળસ્મૃતિમાં જે મંગળની ભાવના કરી શકતો નથી અને અમંગળમાં પણ મંગળની જ ભાવના કરે છે, તે સબળ છે અને એજ શૂર છે.

બહારના વિપરીત સંજોગો હોવા છતાં પણ હૃદયમાં શુભ વિચારના બળથી શાંતિ અનુભવી શકાય છે.

શુભ શબ્દવૃત્તિથી ચિત્તવૃત્તિ પણ વિશુદ્ધ બને છે. વિશુદ્ધવૃત્તિ વડે શુભ પ્રવૃત્તિ પ્રાપ્ત કરી શકાય છે અને શુભ પ્રવૃત્તિ વડે શુદ્ધ અનુભૂતિ, આત્મસમાપત્તિ, સ્વરૂપસ્મૃતિ અને સ્વરૂપાનુભૂતિ પ્રાપ્ત કરી શકાય છે.

શુભ શબ્દવૃત્તિ એ લાભમાતા છે,
શુભ ચિત્તવૃત્તિ એ પુણ્યજનની છે,
શુભ કાયપ્રવૃત્તિ એ ધર્મજનની છે અને
આત્મસમાપત્તિ એ ધ્યાનજનની છે. શુભ નામ દ્વારા ચિત્તમાં વિનય, વિનય વડે વિવેક, વિવેક વડે વૈરાગ્ય, વૈરાગ્ય દ્વારા ત્યાગ, ત્યાગ દ્વારા આત્મરમણતા અને આત્મરમણતા વડે કૈવલ્ય અને મોક્ષસુખની સિદ્ધિ થાય છે.

## શબ્દાર્થ એટલે સંદર્ભાર્થ.

સંદર્ભાર્થ એટલે વાક્યાર્થ, મહાવાક્યાર્થ તથા ઐદંપર્યાર્થ.

સૂત્ર - અર્થ - તદુભય : શબ્દનો અર્થ તે શબ્દાર્થ, તદુભય.

શબ્દથી સંદર્ભાર્થ પણ ગ્રહણ કરાય છે.

શબ્દાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ મળીને જ તદુભયનું તાત્પર્ય પૂર્ણ થાય છે. એકલો શબ્દ કે એકલો અર્થ કે શબ્દ અને અર્થ - બન્ને મળીને થતો વાક્યાર્થ, મહાવાક્યાર્થ, ઐદંપર્યાર્થ જ્ઞાનાત્મક બને છે.

જ્ઞાનની ઉપાસના વર્તન માટે છે, નર્તન માટે નહિ.

કોરું જ્ઞાન = જનરંજન, વર્તનયુક્ત જ્ઞાન = મનભંજન.

જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ । વર્તનસહિત જ્ઞાનથી જ મોક્ષ મળે.

વિદ્વત્તા અને જ્ઞાન - બે વસ્તુ જુદી છે, કોરી વિદ્વત્તા યુક્તિ આપી શકે - મુક્તિ નહિ. જ્ઞાનની કસોટી શ્રદ્ધા.

જે જ્ઞાન શ્રદ્ધાને વધારે, તે જ્ઞાન સમ્યગ્ છે તથા જે જ્ઞાન અશ્રદ્ધાને જન્માવે, તે જ્ઞાન મિથ્યાજ્ઞાન છે.

નાનું બાળક મા તરફની શ્રદ્ધાથી જ જીવે છે, મોટું થાય છે.

ધર્મમાતા તરફ તે જાતની શ્રદ્ધા તો જ જાગે કે જો પોતે શિશુ બને, પોતાની જાતને અજ્ઞાની માને.

એક સર્વજ્ઞ ભગવંત જ જ્ઞાની છે.

ત્યાં સુધી ગાંઠ પૂર્ણ હોય, તો તે બહુ આવશ્યક છે.
ગાંઠ પૂર્ણને બહુ ધર્મશ્રદ્ધા રૂપી
માતાનો પાલવ પકડીને જ યત્ન કરવાનું હોય છે.

## અહંને ઓગાળવાનાં સાધન

સત્સંગ, શ્રવણ, મનન, ચિંતન, ધ્યાન, શરણ, ભક્તિ,
ઉપાસના, કૃતજ્ઞતા તથા પ્રેમભાવ વગેરેથી અહં ગળે.
અહં ગળે એટલે વિનય વધે, જ્ઞાનની સાચી ભૂખ જાગે.
વિનયથી વિદ્યા, વિદ્યાથી વિવેક, વિવેકથી વૈરાગ્ય,
વૈરાગ્યથી ત્યાગ, ત્યાગથી શાંતિ, શાંતિથી સમાધિ આવે.
શરીર સાથે મનનો સંબંધ છે અને
આપણા મનની સાથે આત્માનો સંબંધ છે,
નિરંકુશ મનથી શરીર - આત્મા ઉભયનો નાશ થાય છે.
ધન કરતાં તન તથા તન કરતાં તનનો સર્જક આત્મા
અને તે કરતાં પરમાત્મા અનેકગણાં વધુ મહત્ત્વના છે.
જેમના નામ, રૂપ કે ગુણ દ્વારા તેમનું સ્મરણ થતાંની
સાથે જ આત્માની સર્વ ઇચ્છાઓ પૂર્ણ અને ચિંતા
ચૂર્ણ થઈ જાય, એવો પરમપ્રભાવ પ્રભુનામસ્મરણનો છે.
સાહિત્ય અને સંગીત જોડે અનુભવે યોગક્ષેમકારક છે.
અપ્રાપ્તનો યોગ થાય છે અને પ્રાપ્તનું ક્ષેમ થાય છે.

## મનનો વિરોધ નહિ પણ નિરોધ કરો.

નિદ્રા એ દેવી છે, તેનો પુત્ર આળસ - પુત્રી બગાસાં છે.
પહેલો ઉદ્યમનો પુત્ર કરે છે, પછી પુત્રી અને છેલ્લા દેવી
આખરે તમોગુણી જીવોના ભજનનો ભંગ કરે છે.
આ આખા પરિવારનું સત્વગુણી જીવો ઉપર કાંઈ જ
ચાલતું નથી. તેઓ માને છે કે ભજન આર તો બેડા પાર.

most Important

**મન ત્રાત્ર એટલે મંત્ર. ચિત્ત એજ મંત્ર.**

જેના આધારે ઈશ્વરતત્ત્વનું ચિન્તન - મનન કરીએ,
જ્ઞાન મેળવીએ, સારાંશ અને લક્ષ્ય બાંધીએ,
અંતર્યોગ કરાય, તે ચિત્તને જ મંત્રસ્વરૂપ સમજવું.
સાધકમાં મંત્ર, મંત્રી કે મહેશ્વર - એવા ભેદદૃષ્ટિ ન રહેવા
જોઈએ. ત્રણેની એકાત્મતા એ જ સાધકનું પરમ લક્ષ્ય છે.

'રામ' શબ્દનો વિમર્શ કરતાં સમજાય છે કે:
રામ એ કોઈ અસાધારણ વ્યક્તિ છે અથવા એ દૈવનું
દૈવત પ્રકટ કરતો નાદ છે: ૐ ઇત્યેકાક્ષરં બ્રહ્મ।
ૐનું સ્ફુરણ એ જગતના સર્વ તત્ત્વોના સ્ફુરણનું પ્રતીક છે.
આ રીતે બુદ્ધિ મંત્રનો વિમર્શ કરે છે અને મંત્રવિમર્શ
ભીતરમાં અભેદરૂપે પરમાત્માનું મનન કરાવે છે, તેથી
તે ચિત્ત જ મંત્ર છે.

મંત્ર એ પરમેશ્વરસ્વરૂપ હોવાથી આનંદમય છે.

મંત્રનું સ્ફુરણ વિશ્વરૂપ બનીને વિરાજે છે.

ચિત્તરૂપી મંત્રમાં આખું જગત સ્ફુરતું રહે છે.

મંત્રમાહાત્મ્ય વડે ભેદમય સંસાર વિલીન થાય છે.

મંત્ર એ સાધકના રક્ષણનો મહાન ઉપાય, પરમ દૈવત છે. મનન કરનારને 'મદ્રૂપ' બનાવે, તે મંત્રનો ઉદ્દેશ છે. મંત્ર એ સાધકને પરમાત્મરૂપ બનાવે છે. વ્યાવહારિક મંત્રમાં અક્ષરોની કે મંત્રદેવતાની પ્રધાનતા હોય, પરંતુ આરાધના કરી રહેલાં યોગીના ધ્યાનમાં સહાયતા કરનારું

ચિત્તસ્ફુરણ યા ચિત્ત એ જ તાત્ત્વિક મંત્ર છે.

કેવળ શબ્દસમૂહનો ઉચ્ચાર નહિ પણ તેમાં રહેલા સહજ પરાશક્તિનું અભેદ સ્ફુરણ, તે જ મહામંત્ર છે. જપ કરનાર જુદો, મંત્ર જુદો, મંત્રમૂર્તિ પરમાત્મા જુદા - આવો ત્રણ વિભાગ કરવાથી મંત્ર ભ્રષ્ટ થાય છે.

આવા ભેદકલ્પના એ અજ્ઞાનતા છે.

પૃથક્ મંત્રાઃ, પૃથક્મંત્રી ન સિધ્યન્તિ કદાચન। મંત્ર તથા મંત્ર ગણનાર જુદા રહે, તો મંત્ર ક્યારેય સિદ્ધ થતો નથી. જ્ઞાન આત્માનો ગુણ છે, તે બીજા આત્માને લાભ ન થાય પણ નુકસાન થાય, તો તે ગુણ કેમ કહેવાય?

## આર્તધ્યાનના પ્રકારો છે...

ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, રોગ - ખિન્નાદિ અગ્રશોચાદિ.
તેમાંથી છૂટવા માટે પંચ પરમેષ્ઠિનું સ્મરણાદિ અને
આજ્ઞાવિચય આદિ ધર્મધ્યાનના પ્રકારો છે.
ધર્મધ્યાન વડે આર્તધ્યાનાદિનું નિવારણ થઈ
ધર્મધ્યાન - શુક્લધ્યાન આદિનું આરાધન થાય છે, તેમ
પરમ મંત્ર સ્વરૂપ જાણીને આત્મસંરક્ષણ થાય છે.

## બે લઘુ કહેવતો

0 સાત પેઢીના સજ્જન, ચિંતા અક્કલ રહે,
સરખા કાગળ કુંડીના, આંક પ્રમાણે મળે.
0 બાપ તેવા બેટા, મા તેવી દીકરી,
રાજા તેવી પ્રજા, દેવ તેવા ભક્તો, વડ તેવા ટેટા.

## આગમ સિદ્ધાંતનો આરાધક - વિરાધક કોણ?

आगमश्चोपपत्तिश्च, संपूर्णंदृष्टिलक्षणम् ।
अतीन्द्रियाणामर्थानां, सद्भावप्रतिपत्तये ॥१॥
जो हेउवायपक्खंमि, हेउओ आगमम्मि आगमिओ ।
सो ससमयपन्नवओ, सिद्धन्तविराहगो अन्नो ॥२॥
तदधीतं श्रुतं येन नैवात्मा नरकं व्रजेत् ।
क्लेशाय सकलं शेषं, सर्वमेव विडम्बना ॥३॥

(પરિશિષ્ટ-૧૬)

## માનસશાસ્ત્રીય સારવાર છે નવકાર

સંસારી જીવ અનાદિની સંજ્ઞાઓ, વાસનાઓ, કષાયો અને મિથ્યાત્વની વિપરીત માન્યતાઓ નીચે દબાયેલો છે. નમસ્કાર મહામંત્ર આ બધા ઊંધા અસરોમાંથી જીવને મુક્ત કરવાની માનસશાસ્ત્રીય સારવારનું કામ કરે છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ સૌથી વધુ અસરકારક છે આ નમસ્કાર મહામંત્રનું પરમ પવિત્ર અનવરત સ્મરણ. તે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાંથી છોડાવી ધર્મધ્યાન તથા શુક્લધ્યાનમાં લઈ જવા માટેની અદ્ભુત પ્રક્રિયા છે.

Imp

### ધ્યાન સમયે શેનું ધ્યાન રાખવું ?

ધ્યાન સમયે પરમાત્મા, સર્વ જીવો અને આત્મસ્વરૂપને છોડીને બીજા કોઈપણ વિચારો ન કરવાની ટેવ પાડવી. ધ્યાન સમયે બને તેટલા વધુ વાર તથા બને તેટલું વિકલ્પરહિત આત્મઉપયોગમાં રહેવા જ પ્રયત્ન કરવો. ધ્યાન શિબિરના કાળમાં આત્મા, પરમાત્મા અને સર્વ જીવોના વિષયમાં જ મન રહે, તેવો પ્રયત્ન કરવો.

સંસારના અને જડ વસ્તુઓના વિચારો બંધ કરવા.

પરમાત્મતત્ત્વની સર્વોપરિતા વિચારવી.

o

*Navkar is unity with universe.*

<u>ત્રેપનમો અક્ષર કયો ?</u>

આંકડા કુલ નવ છે અને અક્ષર કુલ બાવન છે.
આપ્તો કહે છે કે જ્યાં સુધી માનવી ત્રેપનમો અક્ષર
એટલે કે ઈશ્વરને જાણતો નહિ - ઓળખતો નહિ,
ત્યાં સુધી તેનું જીવન સાર્થક થતું નહિ.
બાવન અક્ષરના જાણકારને નવ આંકડારૂપી નવ ગ્રહો
નડી શકે છે, પરન્તુ જેણે ત્રેપનમો અક્ષર જાણ્યો છે,
તે અજર - અમર બની જાય છે.
ગણિતમાં શૂન્ય અને સાહિત્યમાં પૂર્ણવિરામ ગોળ છે,
પૃથ્વીનો આકાર ગોળ છે તથા બ્રહ્માંડનો આકાર ગોળ છે,
જીવન પણ ચક્રની જેમ ગોળ ગોળ ફરે છે.

<u>શૂન્ય અને પૂર્ણવિરામ</u>

ગણતરીપૂર્વકનું જીવન જીવતાં શીખવાડે તે ગણિત.
'સહિત' શબ્દ ઉપરથી જ સાહિત્ય અર્થાત્ સૌનું હિત.
જગતમાં સૌથી અઘરું કાર્ય સ્વને જ ઓળખવાનું છે.
માટે જ સ્વાધ્યાયને જીવનમાં અગ્ર સ્થાન છે.
ઓળખાણ કે પહેચાન એ ઊંડી ખાણ છે.
જેમ ખાણ ઊંડી, તેમ તેમાંથી કિંમતી રત્નો, હીરા,
માણેક, મોતી તથા પન્ના મળી આવવાની શક્યતા વધુ.

આપણી ખાણમાં કિંમતી સદ્‌ગુણરત્નો સાથે દુર્ગુણોરૂપી પત્થરો પણ છે. કોલસો, હીરો અથવા પત્થર આખરે એક જ કુળના છે, છતાં કોલસા અને પત્થરમાંથી કિંમતી નંગોનું - રત્નોનું સર્જન કરે, તે જ સાચો સાહિત્યકાર.

સાચો ગણિતજ્ઞ કોણ ? જમણી બાજુએ જેને મીંડાં ઉમેરતાં આવડે, તે ગણિતજ્ઞ - શાહની - વિસાની.

મીંડાની મોટાઈ પણ બ્રહ્મા જેવી છે, માણસ જેવી છે.

શૂન્યમાંથી સર્જન કરવાની શક્તિ અગાધ છે.

ઈંડાનો આકાર લંબગોળ છે, કિન્તુ પૃથ્વીનો - બ્રહ્માંડનો આકાર પણ ગોળ છે, જીવન પણ ગોળ ગોળ ફરે છે.

ચક્રવત્ પરિવર્તન્તે સુખાનિ ચ દુઃખાનિ ચ ।

સુખ - દુઃખનું પણ ચક્ર છે, સમયનું પણ ચક્ર છે.

સાહિત્ય જોડતાં શીખવે - ગણિત મીંડ રટતાં શીખવે છે.

લખ્યાં પછી ગણવાની ચિંતા છે. જીવન પાછળ રહે છે, ગણતરી છે, સરવૈયું છે, આવક - જાવકનો હિસાબ છે. માનવજીવન વેડફી નાંખવા માટે નથી. સૂર્યનો પ્રકાશ, નદીનું પાણી, વૃક્ષના ફૂલ ફળ માટે છે, દિવાના પ્રકાશની જેમ જીવનનો ઉપયોગ અન્યના જ ભલા માટે છે. જો તેમ ન હોય, તો મનુષ્ય અને પત્થર વચ્ચે ફેર શો?

માનવજીવન વિશ્વશાંતિની એક કડી માત્ર છે.

તેનો ભૂતકાળ હતો, ભવિષ્યકાળ હશે, વર્તમાનકાળ છે.

માનવજીવનનું ઉર્ધ્વીકરણ - આત્માની ઉન્નતિ થવા જોઈએ.

માણસે ઈંદ્રિયોને ભટકાવા બેકાર - છીછરાં ન બનવું જોઈએ.

જીવનધનને યોગ્ય માર્ગે વાળવું જોઈએ,

તે જ ગણતર અને તેને ગણિત શીખવે છે.

'તાત્વિક ભક્તિ' એટલે...

તમારી ઈચ્છા પ્રમાણે થાઓ, મારી ઈચ્છા પ્રમાણે નહિ.

Not mine, but thine will be done.

શ્રદ્ધા રાખો અને એજ લઈ જશે પાર.

ભક્તિ પોતે જ પોતાનું ફળ છે.

ભક્તિ જીવનને જીવન આપે છે.

'ભક્તિ' એટલે ભગવાનનું શરણ ગ્રહણ કરવું.

ભક્તિ એટલે જીવન પ્રભુના ચરણે સમર્પિત કરવું,

તમામ પ્રશ્નો સર્વ શક્તિમાનને સોંપી જીવન જીવવું.

બહાર સેવાનું કાર્ય અને

અંદર સર્વેશ્વરના નામનો જપ, એનું નામ ભક્તિ છે.

ભક્તિને કશા ભેદ નથી, ઈશ્વરને અભેદ જ ગમે છે.

ભક્તિ અવ્યભિચારિણી છે.

તીર્થંકરોની ભક્તિ સંસારનો ઉચ્છેદ કરવા સમર્થ છે.
ભક્તિ વિના જો વિદ્યા અને મંત્રો પણ ફળે નહિ,
તો મોક્ષની વિદ્યા કેવી રીતે ફળે ?

ભક્તિહીનની ક્રિયાઓ ઉખર ભૂમિમાં બીજવપનતુલ્ય છે.
૨૪ તીર્થંકરોના પાંચ અને ૨૦ વિહરમાન ચાર, એટલે
૨૪ x ૫ = ૧૨૦ અને ૨૦ x ૪ = ૮૦.
એ રીતે કુલ ૨૦૦ કલ્યાણકો જે દિવસોમાં આવે,
તે દિવસે તપ - જપ - પૂજા - ભક્તિ આદિ કર્તવ્ય છે.
તે વડે સંસારોચ્છેદક ભક્તિનો લાભ મળે છે,
ભવભ્રમણ ટળી જાય છે, નિર્વાણપદની પ્રાપ્તિ થાય છે.
દીક્ષા, કેવળ અને નિર્વાણનો જેને જપ હોય, તેણે
ભગવાનના તે તે કલ્યાણકો અવશ્ય ઉજવવા જોઈએ.
કલ્યાણકો પરમ પવિત્ર - સર્વ જીવોને સુખદાયક છે.
માતાની સર્વ અવસ્થાઓની જેમ તીર્થંકર પરમાત્માની
ચ્યવનાદિ સર્વ અવસ્થા પૂજનીય છે. નામ, આકૃતિ, દ્રવ્ય,
ક્ષેત્ર, કાળ અને ભાવ વડે તે સર્વ અવસ્થાઓ પૂજાય છે.
ક્ષેત્રથી તીર્થાદિ ભૂમિઓ, કાળથી પર્વાદિ તિથિઓ ગ્રહવી.
ચ્યવન, જન્મ, દીક્ષા અને નિર્વાણ એ દ્રવ્યઅવસ્થા છે
અને કેવળજ્ઞાન બાદ સમવસરણાદિ ભાવઅવસ્થા છે.

## ધર્મશાસ્ત્રો સંપૂર્ણ છે, આત્મા અપૂર્ણ છે.

અપૂર્ણ આત્મા દ્વારા સંપૂર્ણ શાસ્ત્રોનું રહસ્ય અશક્ય છે, પરન્તુ અરિહંત - ગણધર પ્રણિત સંપૂર્ણ એવા શાસ્ત્રો દ્વારા અપૂર્ણ એવા આત્માનું રહસ્ય જરૂર થઈ શકે.

જે આત્મા - તે પરમાત્મા, જે પરમાત્મા - તે આત્મા છે.

જાણવાની શક્તિ જ આત્માની પ્રતીતિ કરાવે છે.

## શરીરધારી આત્માના ત્રણ પ્રકાર

બહિરાત્મા[1], અંતરાત્મા[2], પરમાત્મા[3]. બહિરાત્માનો ત્યાગ કરી અંતરાત્મા દ્વારા પરમાત્માનું ધ્યાન થઈ શકે છે.

ઇંદ્રિયો બહિરાત્મા છે.

આત્મામાં જ આત્માનો સંકલ્પ કરનાર અંતરાત્મા છે.

કર્મકલંકવિમુક્ત આત્મા તે પરમાત્મા, તેને જ 'દેવ' કહે છે.

આત્મા જ વૈતરણી નદી છે, કૂટશાલ્મલી વૃક્ષ છે, આત્મા જ કામદુધાધેનુ છે અને આત્મા જ નંદનવન છે.

દૂધમાં મેળવણ પડે તો તેનું દહીં થઈ જાય, તેજાબનો છાંટો પડે તો દૂધ ફાટી જાય. જામવાની અને ફાટવાની બંને શક્તિઓ દૂધમાં પડી છે. તેને જેનો સંગ થાય છે, તેના ઉપર તેની શક્તિના પ્રાગટ્યનો આધાર છે.

તે કારણે કુસંગ ત્યાજ્ય છે, સત્સંગ ઉપાદેય છે.

## ધ્યાનની પાંચ પીઠ

(૧) વિદ્યાપીઠ - શ્રુતની પ્રાપ્તિ.

(૨) સૌભાગ્ય પીઠ - આદેય વચનીયપણું.

(3) લક્ષ્મી પીઠ - રાજાદિ વશ થાય, મહિમા વધે છે.

(૪) મંત્રરાજ પીઠ - ઉપદ્રવરહિતપણું થાય.

(૫) સુમેરૂ પીઠ - ઇંદ્રાદિ દેવોને માનનીય થાય.

સૂરિમંત્રની પ્રથમ પીઠમાં : લબ્ધિ પદો.

બીજી પીઠમાં : દીક્ષા તથા કેવળજ્ઞાન કલ્યાણક.

ત્રીજી પીઠમાં : ચક્રેશ્વરી, જયાદિ દેવીઓ, નંદા - ભદ્રાદિ, ૧૬ વિદ્યાદેવીઓ તથા ૨૪ શાસનદેવીઓ.

ચતુર્થ પીઠમાં : ચારે નિકાયના ઇંદ્રો, સર્વ સામાનિક દેવો, ઉપરાંત લોકાંતિક દેવો.

પંચમ પીઠમાં : શ્રુતદેવી, શાંતિદેવતા, જમ્લા· મહિલાદિ, શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મ્યાદિ.

o ધ્યાનાજ્જિનેશ ભવતો ભવિનઃ ક્ષણેન
દેહં વિહાય પરમાત્મદશાં વ્રજન્તિ ।
તીવ્રાનલાદુપલભાવમપાસ્ય લોકે
ચામીકરત્વમચિરાદિવ ધાતુભેદાઃ ॥ (પરિશિષ્ટ-૧૭)

o

॥ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ॥

શાતાનું મૂળ પુણ્ય છે, સુખનું મૂળ સંવર છે અને
શાંતિનું મૂળ નિર્જરા અને મોક્ષ છે.

(૧) અરિહંત - પુણ્યતત્ત્વ - ન્યાયાધીશ.
(૨) સિદ્ધ - જીવતત્ત્વ - રાષ્ટ્રપતિ.
(3) આચાર્ય - સંવરતત્ત્વ - વડાપ્રધાન - મંત્રી.
(૪) ઉપાધ્યાય - નિર્જરાતત્ત્વ - ઉપરાષ્ટ્રપતિ.
(૫) સાધુ - મોક્ષતત્ત્વ - લોકસભા.
(૬) સમ્યગ્દર્શન - અજીવની ઓઘા - ઇસો પંચ...
(૭) સમ્યગ્જ્ઞાન - પાપની ઓઘા - સવ્વ પાવ...
(૮) સમ્યગ્ચારિત્ર - આશ્રવની ઓઘા - મંગલાણં ચ...
(૯) સમ્યગ્તપ - બંધની ઓઘા - પઢમં હવઇ...

0 મહાત્મનાં કીર્તનં હિ શ્રેયઃ શ્રેયાસ્પદમ્ । અર્થાત્ઃ
મહાત્માઓના ગુણ ગાવા તે જ કલ્યાણ અને તેનું સ્થાન છે.

0 जगज्जिनास्तदपवर्गपदं तदैव,
विश्वं वराकमिदमत्र कथं विनाऽस्मात्,
तत् सर्वलोकभुवनोद्धरणाय धीरैः,
मंत्रात्मकं निजवपुर्निहितं तदत्र ॥१॥
मंत्र - मूर्ति - समादाय देवदेवः स्वयं जिनः ।
सर्वज्ञः सर्वगः शान्तः सोऽयं साक्षाद्व्यवस्थितः ॥२॥

(પરિશિષ્ટ-૧૮)

સવ્વ સાહૂણં = સર્વ પ્રકારની સાધનાઓને સાધનાર - અયોગિકેવલી પર્યંતનો સંગ્રહ.

सिद्धाणं नमो किच्चा संजयाणं च भावओ ।
अत्थधम्म अणुसट्ठिं सुणेह मे । <u>ઉત્તરા</u>:

સિદ્ધ ભગવંતને અને સંયતોને ભાવથી નમસ્કાર કરીને અર્થધર્મની વ્યાખ્યાને હું કહું છું, તે સાંભળો.

<u>અર્થધર્મની વ્યાખ્યા</u>

નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવ = <u>દર્શનાર્થ.</u>
દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ = <u>જ્ઞાનાર્થ.</u>
દાન - શીલ - તપ - ભાવ = <u>ચારિત્રાર્થ.</u>

કુપાત્ર દાન એ વ્યંતરદેવની ગતિ આપે.
શીલ સહિતનું દાન ભવનપતિની ગતિ આપે.
તપ સહિતનું શીલ અને દાન એ જ્યોતિષી ગતિ આપે.
ભાવસહિતનું શીલ અને દાન એ વૈમાનિક ગતિ આપે.
મુક્તિ એ સાધના છે (૨૪મે), સિદ્ધિ એ સાધ્ય છે.
સ્વભાવની સિદ્ધિ વડે મોક્ષ પ્રાપ્ત થાય છે.
ચાર મંગળ વડે ચાર કષાયનો વિજય થાય છે.
પંચપરમેષ્ઠિને નમસ્કાર વડે આત્માની ઉન્નતિ થાય છે અને સદ્ગતિનો ઉત્પાદ અને દુર્ગતિનો વ્યય થાય છે.

આણાએ ધમ્મો, આણાએ તવો ।

સદુક્તિ : આજ્ઞામાં ધર્મ છે, આજ્ઞામાં તપ છે.

(૧) ક્રિયાએ કર્મ (૨) પરિણામે બંધ

(3) ઉપયોગે ધર્મ (૪) ભાવનાએ મોક્ષ.

હાસ્યમોહનીયનો વિરુદ્ધ ચતુર્વિંશતિ સ્તવના ધ્યાનથી, જુગુપ્સામોહનીયનો વિરુદ્ધ ગુરુવંદન આવશ્યકથી અને ત્રણ વેદનો વિરુદ્ધ કાયોત્સર્ગ આવશ્યકથી થાય છે. અરતિ - રતિ, ભય અને શોકમોહનીયનો વિરુદ્ધ સામાયિક, પચ્ચક્ખાણ, પ્રતિક્રમણ આવશ્યકથી થાય છે.

'આયુષ્ય કર્મ જ જીવાડનાર છે અને જન્મ એ સુખ આપનાર છે' એ વિચાર અવિદ્યાજન્ય અથવા મિથ્યાત્વમોહજન્ય છે. જીવાડનાર આયુષ્કર્મ નહિ પણ મારનાર છે અને જન્મ એ સુખ કરનાર નહિ, પરન્તુ આ સંસારની સર્વ વિટંબણાઓને આપનાર છે. જીવાડનાર જીવન છે, તેને આપનાર જન્મમરણરહિત સિદ્ધ પરમાત્માનું ધ્યાન છે. સુખ આપનાર મોહકર્મનો ક્ષય અને વીર્ય વધારનાર અંતરાયકર્મનો ક્ષય છે. ભોગ એ શક્તિ વધારીને અંતે વિસ્તારનાર છે તથા વાસ્તવિક જે આત્મસ્વરૂપનો ભોગ તેને આવરનાર છે.

જ્ઞાનનું અજીર્ણ પ્રમાદ અને અહંકાર છે,
ક્રિયાનું અજીર્ણ પરનિન્દા અને આત્મશ્લાઘા છે.
ભોગનો ત્યાગ નહિ - વિષયનો ત્યાગ કરવાનું કહ્યું છે.
ભોગનો ત્યાગ માનકષાયને પોષનાર છે, જ્યારે
વિષયનો ત્યાગ વૈરાગ્યભાવને ભાવનારો છે.
માનને છોડવા માટે જ્ઞાન જોઈએ. ક્રોધનો ત્યાગ દર્શનથી,
માયાનો ત્યાગ ચારિત્રથી, લોભનો ત્યાગ સંતોષથી થાય.
ધર્મ વડે હિંસાનુબંધી આદિ રૌદ્રધ્યાનનો નાશ,
શુક્લધ્યાન વડે આર્તધ્યાનનો નાશ,
પૃથક્ત્વવિતર્ક સવિચાર વડે ઇષ્ટવિયોગ સંબંધી,
એકત્વવિતર્ક અવિચાર વડે અનિષ્ટસંયોગ સંબંધી,
સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી વડે રોગ - ચિંતા સંબંધી,
વ્યુપરત ક્રિયા અનિવૃત્તિ વડે નિદાનના સંબંધી.
વિતર્ક એટલે જેમાં તર્કનો વિયોગ છે, સ્વસંવેદન સિદ્ધ.
'પ્રમાણનયૈરધિગમઃ ।' નિર્વિવાદ નિર્બુદ્ધિ એટલે સામાન્ય
તથા વિશેષ - ઉભયની સંગતિ જેમાં છે, તે સિદ્ધાંત.
સમ્યગ્દર્શન = સંગત દર્શન. વંદે = આત્મનેપદ અર્થાત્
સ્વહિતકારી સંવર - નિર્જરા તત્ત્વ.
વંદામિ = પરસ્મૈપદ અર્થાત્ પરહિતકારી - પુણ્ય તત્ત્વ.

## 'વંદે' અને 'વંદામિ' શબ્દ

પાંચ વર્ણિકૃત ચોવીસ તીર્થંકરને વન્દન કરવા માટે
૧૨ તીર્થંકરને 'વંદે' શબ્દ વડે વંદન કરાયા છે અને
૧૨ તીર્થંકરને 'વંદામિ' શબ્દ વડે વંદન કરાયા છે.

૯ નોકષાય એ ૧૬ કષાયોનું કારણ છે.

ભૂતકાળનો શોક, ભવિષ્યકાળની ભય અને
વર્તમાનકાળમાં રતિ - અરતિનું નિવારણ અનુક્રમે
પ્રતિક્રમણ, પચ્ચક્ખાણ અને સામાયિક વડે થાય છે.
તે અહીં સંવરના હેતુ છે અને ચતુર્વિંશતિ સ્તવ,
ગુરુવંદન અને કાયોત્સર્ગ, તે અહીં નિર્જરાના હેતુ છે.

૭ વ્યસનો તથા ૭ ભાવવ્યસનો

(૧) વિષય - જુગાર (૨) પ્રમાદ - ચોરી
(૩) વિકથા - પરદારાગમન (૪) અવિરતિ - વેશ્યાગમન
(૫) મિથ્યાત્વ - મદિરાપાન
(૬) કષાય - માંસભક્ષણ (૭) દુષ્ટ યોગો - શિકાર.

Sow a thought, reap an action.
Sow an act, you reap a habit,
Sow a habit, you reap a character,
Sow a character, you reap a destiny.

ચંદનમાં ત્રણ ગુણ છે: શીતળતા, સુવાસ અને ઘસાવું.
પોતે ઘસાવા છતાં સુવાસ આપે છે.
અંગપૂજામાં જઘન્ય અંગ પહેલું પૂજનીય છે.
અંગના અવયવો પરસ્પર સહાયક છે અને
અધમાધમને નભાવી લે છે, તે અનુક્રમે
કરુણા અને માધ્યસ્થ્ય ભાવના સૂચવે છે.
પુષ્પ અનિત્ય અને અશરણ ભાવનાસૂચક છે.
પુષ્પ કહે છે કે જો હું કરમાવાનો જ છું, તો
શરણભૂત ભગવાન ઉપર ચડી કૃતાર્થ કેમ ન થાઉં?
ધૂપપૂજા અનાદિ મોહ રૂપી કચરાને બાળે છે. સંસારનું
સ્વરૂપ આત્માને મોહ ઉપજાવ બાળવાનું કામ કરે છે,
સંસાર ભાવના આત્માને ઠારવાનું - સુવાસિત કરવાનું
કામ કરે છે. દીપકપૂજા જ્ઞાનપ્રકાશને બહાર લાવે છે.
સ્વપર પ્રકાશ છે, અહીં એકત્વ-અન્યત્વભાવના છે.
અક્ષતપૂજા એ અશુચિ ભાવનાની સૂચક તથા નૈવેદ્યપૂજા
એ આસ્રવ ભાવનાની સૂચક છે. આહારથી જ મૈથુનાદિ
સંસ્કારો ઉપજે છે, તેનો ત્યાગ નૈવેદ્ય પૂજા કરાવે છે.
ફળપૂજા મોક્ષના કારણભૂત સંવર અને નિર્જરા
ઉપરાંત બોધિદુર્લભ અને લોકભાવનાનું બીજ છે.

સામા વ્યક્તિમાં અવગુણ શોધવા કાઢવો એ રમત છે,
પણ સદ્‌ગુણ શોધવો, એ એક કળા છે.
પ્રત્યેક વ્યક્તિમાં અગાધ સદ્‌ગુણ તો હોય છે જ,
પરંતુ પૂર્વગ્રહોને કારણે તે તરફ લક્ષ્ય જતું નથી.
જે માણસો લોકો વિષે સારું વિચારી શકતાં નથી,
તેઓના જીવનમાં અણગમો, માનસિક ખેંચાણ,
વિફળતાઓ અને નિષ્ફળતાઓના પડકો ઊભા થાય છે.
જો આપણે અન્ય લોકો વિષે સારાં વિચારો કરીશું,
તો આપણા સામાજિક સંબંધનો વિસ્તાર વધશે અને
સૌ સાથેની આપણી મનોવૈજ્ઞાનિક જરૂરીયાતો સંતોષાશે.
ખાસ કરીને સમાન વ્યવસાયના ક્ષેત્રે
આપણે આપણા મિત્રો વિષે સારું વિચારી શકતાં નથી,
શિક્ષકો જ અન્ય શિક્ષકમિત્રો વિષે હલકાં વિચાર કરે છે.
પ્રધાનો પ્રધાનો વિષે, એક વેપારી બીજા વેપારી વિષે,
આપણે સ્વયં આપણાં સગાં - વહાલાંઓ વિષે હલકી
વિચારસરણી ધરાવતાં છીએ. કોઈપણ માનવીનો
વિકાસ બિલકુલ સ્વતંત્ર રીતે કોઈપણ વ્યક્તિની
મદદ વગર થાય, એ કલ્પના સ્વયં પાયા વગરની છે.
બીજાનો નાનો ગુણ પણ અનુમોદનીય છે.

આપણો વિશ્વાસ અન્ય લોકો ઉપર આધારિત છે.
સુખી અને સ્વસ્થ જીવન જીવવા
અન્ય વ્યક્તિમાં બહુ ગુણ શોધી કાઢવા જોઈએ.
બુરાઈને દૂર કરવા માટે ભલાઈનું ધ્યાન કરવું જરૂરી છે,
સચ્ચાઈનું ચિન્તન કરવાથી બુરાઈ દૂર થાય છે.
અભાવ ઘટવાનો ઉપાય વિશ્વાસ અને ભક્તિ છે.
સંસારની નશ્વરતા - આત્માની અમરતા ઉપર વિશ્વાસ
મૂકો, એ વિશ્વાસથી જ વૈરાગ્ય - અનુરાગ ઉત્પન્ન થશે.
વૈરાગ્યથી ભોગોનો ત્યાગ થાય છે અને
અનુરાગથી સદ્ગુરુઓના ચરણકમળો પર પ્રેમ થાય છે
તથા એક દિવસ જીવનનો સાર મળી જાય છે.
દુષ્કૃત અને સુકૃતના વિપાક ઉપર વિશ્વાસ મૂકવાથી
દુષ્કૃતનો ત્યાગ અને સુકૃતનું સેવન થાય છે.
વિશ્વાસ કેળવવા માટે સદ્ગુરુ - સદ્ગ્રન્થ તથા
સત્સંગને શરણે રહેવું જોઈએ અને અસદ્ગુરુ,
અસત્ ગ્રન્થ તથા અસત્નો સંગ ત્યજવો જોઈએ.
એ રીતે ચતુઃશરણાગમનપૂર્વક દુષ્કૃતગર્હા અને
ચતુઃશરણાગમનપૂર્વક સુકૃતાનુમોદન -
એ જ મોક્ષનો એકનો એક સરળ માર્ગ બને છે.

સુકૃત - દુષ્કૃતના ફળ ઉપર વિશ્વાસ,
દુષ્કૃતરહિત - સુકૃતસહિત પરમ સત્તાના અસ્તિત્વનો
શ્રદ્ધાપૂર્વક સ્વીકાર જીવને દોષરહિત, ગુણસહિત
અને સર્વદા નિશ્ચિંત બનાવે છે.

<u>આદર, પ્રેમ અને કરુણા: Reverence for life</u>

માત્ર શાકાહાર નહિ, શાકાહાર જીવનપદ્ધતિ સ્વીકારવી.
જાનવરને મારીને મળતો ખોરાક તો ન લેવાય,
તેમ જાનવરો પ્રત્યે મન, વચન, કર્મથી હિંસાભાવના
પણ ન રખાય, એ છે શાકાહાર અહિંસક જીવનપદ્ધતિ.
જ્યાં સુધી જીવમાત્રનું ઐક્ય ન સ્વીકારાય અને
જીવમાત્ર પ્રત્યે આદરભાવ ન કેળવાય,
ત્યાં સુધી હિંસાના પ્રત્યાઘાતો સમજ શકાય નહિ.
જીવમાત્ર પ્રત્યે આદર, પ્રેમ અને કરુણા -
એ જ જગતને હિંસામાંથી બચાવી શકે.

તે <u>વાક્ય ઉત્સૂત્ર શા માટે</u>?

विराहणा अणत्थमुहा, अत्थहेऊ तस्सारंभाओ हुवं ।
વિરાધના પ્રધાન ઉન્માદાદિ દોષનું કારણ બને છે, પરંતુ
તે ક્રિયા મોક્ષના આરંભવાળી હોવાથી
પરંપરાએ મોક્ષરૂપ અર્થના હેતુરૂપ બને છે, તેમ

'અવિધિએ કરવા કરતાં ન કરવું સારું...'
એ વાક્ય ઉત્સૂત્ર તરીકે ગણાય છે, કારણ કે અવિધિએ
કરેલી લોકોત્તર ક્રિયા પ્રથમ અનર્થકારક હોવા છતાં
પરિણામે અર્થદાયક બને છે, કેમકે અવિધિએ કરનાર
અવિધિનો પક્ષપાતી નથી અને વિધિનો વિદ્વેષી નથી.
વિધિના પક્ષપાતપૂર્વક અને અવિધિની નિંદાપૂર્વક થતું
અવિધિવાળું અનુષ્ઠાન પણ અનુબંધે શુભનો પાડે છે.
વિધિયુક્ત લૌકિક ક્રિયાઓ કરતાં ય અવિધિએ થતી
લોકોત્તર ક્રિયા ઘણા મહાન ફળદાયી હોવાથી ઉપાદેય છે.
લૌકિક ફળપરિણામ તુચ્છ છે, લોકોત્તર ફળ મહાન છે.
માર્ગાનુસારી અપુનર્બંધક જીવો જ અવિધિયુક્ત
લોકોત્તર અનુષ્ઠાનના અધિકારી છે - બાળ નહિ જ,
કેમકે માર્ગાનુસારી જીવો જે અવિધિનું સેવન કરે છે,
તે અશક્તિને કારણે કિન્તુ ઇરાદાપૂર્વક નહિ.
જો ન પડિમજ્જઇ સે ગુરુંતિ તદાણા । સૂત્ર કહે છે:
ગુરુની આજ્ઞામાં ન હોય, તે પ્રભુને જ માનતો નથી,
તો તેમની આજ્ઞાને કે ધર્મને માનનાર હોય જ કેમ?
ગુરુની અણગમતી આજ્ઞાને પણ શિરસાવંદ્ય કરવી,
એ ભગવાનની આજ્ઞાનું રહસ્ય છે.

# ધર્મજીવન કેવું હોય ?

સોક્રેટિસ કહે છે કે : હું મારા અજ્ઞાનના જ્ઞાન સિવાય બીજું કાંઈ જ્ઞાન ધરાવતો નથી.

પોતાના અજ્ઞાનની આત્મપ્રતીતિ થવી, એ બુદ્ધિમત્તાના મંદિરનું પ્રથમ પગથિયું છે. આત્માની શોધ સિવાયની બીજી કોઈ શોધ ધાર્મિક શોધ નથી.

*માનવી ધર્મને માટે મરશે, લડશે, ઝઘડશે અને તેવું બધું જ કરશે, પરન્તુ તેને માટે તે જીવશે નહિ.*

## ધર્મ માટે જીવવું એટલે...

એવી રીતે જીવવું કે જીવન જીવવાથી બીજાને લેશમાત્ર પરિતાપ થાય નહિ, ત્રિકરણ - ત્રિયોગથી સાવદ્ય વ્યાપારનો વિરામ અને નિરવદ્ય વ્યાપારોનું સેવન કરવા માટે - ક્ષોભરહિત આત્મપરિણામ, તે ધર્મજીવન છે. ધર્મ એ આત્માનું સહજ સ્વરૂપ છે, બાકીનું તમામ આળપંપાળ અહંકૃત ક્ષણિક, નાશવંત અને અનિત્ય છે. તે ધર્મ દશ પ્રકારે છે : ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સંતોષ, તપ, ત્યાગ, સત્ય, બ્રહ્મચર્ય અને આકિંચન્ય. *ધર્મનો ધ્યેય અને હેતુ એક જ છે કે : નિજસ્વરૂપ મોક્ષને માટે - ક્ષોભરહિત આત્મપરિણામથી પ્રાપ્ત કરવો.*

મોક્ષ માટે જેટલાં ક્રિયાનુષ્ઠાનો છે,
તે બધાં પણ કારણમાં કાર્યના ઉપચારથી ધર્મ જ છે.
વિશ્વાસ એ એક વિશિષ્ટ કોટિનો શ્વાસ છે અને
તે શ્વાસનું નામ જ ધર્મમાં વિશ્વાસ છે.
પ્રેમ આંખોથી નહિ પણ મનથી જુએ છે. પ્રેમ હૈયામાં
ઉત્પન્ન થાય, હોઠથી બહાર સરે, હાથથી સ્વીકારાય છે.
જે આપણા લોકો છે, તેને
ભલી રીતે ન ભાળ્યો, તો બીજાને ક્યાં દેખાવાનો હતો?
સર્વત્ર આત્મદર્શન એ પાયો છે.
ઉપાસનાને અટકાવતું તત્ત્વ વાસના છે.
Imp વિસર્જનમાં જ ઉપાસનાની સાર્થકતા છે.
દેહદૃષ્ટિથી દાસ, વૈભાવિક જીવદૃષ્ટિથી અંશ અને
સ્વાભાવિક આત્મદૃષ્ટિથી ભક્ત પોતે જ ભગવાન છે,
અહં પોતે જ અર્હં બને છે, નર પોતે જ નારાયણ છે,
જન પોતે જ જિન છે, ખુદ પોતે જ ખુદા છે, કંકર
પોતે જ શંકર અને અંશ પોતે જ અંશી બને છે.
યદા વૈ સુખં લભતેઽથ करोति, નાસુખં લબ્ધ્વા करोति,
સુખમેવ લબ્ધ્વા करोति, સુખં ત્વેવ વિજિજ્ઞાસિતવ્યમ્।
યો વૈ ભૂમા તત્સુખં નાઽલ્પે સુખમસ્તિ, ભૂમૈવ સુખમ્।

જો સુખ મળતું હોય તો જ માણસ ક્રિયા કરે છે,
સુખ મળતું ન હોય તો માણસ ક્રિયા કરતો નથી,
માટે સુખ કોને કહેવાય, તે જાણવું જોઈએ.
નિશ્ચય જાણી કે જે વિશાળ છે - વ્યાપક છે,
તેમાં જ સુખ છે, તે જ સુખ છે.
જ્યાં પોતાનાથી અલગ કંઈ અનુભવાતું નથી,
સદા જે વ્યાપકતાનો અનુભવ, તે 'ભૂમા' છે.
પ્રભુની પાસે સેવા અને ઉપાસના કરનારની
સેવા અને ઉપાસના ઘણા છે, કિન્તુ એક વસ્તુ ખૂટે છે
તે નમ્રતા - વિનય, જે પ્રભુને અત્યંત પ્રિય છે.
વિનય અને નમ્રતાવાળું અંતઃકરણ - એ જ વિશ્વની
મોટી સંપત્તિ છે અને પ્રભુની સાચી ભક્તિ છે.
કપડામાં જો લોહીનો ડાઘ લાગી જાય, તો
કપડાં મેલાં બની જાય, તો જે માણસનું લોહી પીએ છે,
એનું ચિત્ત નિર્મળ કેવી રીતે રહી શકે?
દિલ સાફ કરવા માટે પ્રભુનું નામ એ જ ઉપાય છે.

Pure & sincere love for God is the
sure sadhna or direct discipline
for the approach of the divine.

(૧) ઉપયોગો લક્ષણમ્ ।
પુદ્ગલથી ભેદજ્ઞાન માટે - વૈરાગ્યજનક.

(૨) ઉપગ્રહો લક્ષણમ્ ।
જીવોથી અભેદજ્ઞાન માટે - મૈત્રીજનક.

વૈરાગ્ય અને મૈત્રી વડે ચિત્તની શુદ્ધિ, ગાંભીર્ય, ઔદાર્ય, ઔચિત્યાદિ ગુણો વિકસે છે, ક્ષાન્ત્યાદિ ગુણો પ્રગટે છે.

(૩) ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્ ।
અનેકમાં એકની બુદ્ધિ જગાડવા માટે - એકત્વજનક.
ત્રૈકાલિક પર્યાયોમાં અનુસ્યૂત એક આત્મદ્રવ્ય છે, તે એકત્વની બુદ્ધિ સ્થૈર્યગુણ પ્રગટાવે છે.
આત્માને ત્રિગુપ્તિગુપ્ત બનાવે છે. સમિતિ-ગુપ્તિયુક્ત મહાવ્રતોને શુદ્ધ બનાવે છે - નિરતિચારતા લાવે છે.

(૪) દ્રવ્યતયા પરમાત્મા એવ જીવાત્મા ।
આત્મામાં પરમાત્મબુદ્ધિ પ્રકટાવવા માટે. આ સૂત્રથી ધ્યાન શુદ્ધ બને, શુક્લધ્યાનની પાત્રતા સર્જાય છે તથા અપ્રમાદભાવમાંથી પરમાત્મભાવમાં લઈ જાય છે.
ભેદાભેદની વિચારણા શુદ્ધ અહિંસકભાવ પ્રકટાવે છે,
એકાનેકની વિચારણા શુદ્ધ સંયમભાવ વિકસાવે છે,
નિત્યાનિત્યની વિચારણા વિશુદ્ધ ધ્યાનધારા વિકસાવે છે,
વાચ્યાવાચ્યની ભાવના અનુભવજ્ઞાનની ધારા પ્રકટાવે છે.

આત્મા ગુણાતીત છે - શબ્દાતીત છે - ભાવાતીત છે.
એ ભાવમાં સ્થિરતા લાવનાર સત્સંગનો વિચાર છે.
કથંચિત્ અવાચ્યતા રહે જ અનુભવગોચરતા છે.

o

Be good & do good.
Be kind & Be compassionate.
Serve, love, give, purify, meditate & realise. These few words give you the essence of Yoga and sadhna. This is what all scriptures teach. The scriptures are endless. Obstacles are many. Time is short. That which is essence should be grasped. That essence is love or Bhakti. Drink this essence and attain the everlasting abode of peace and immortality. - શિવાનંદજી

To forget is human, forgive is divine.
Handsome is that handsome does, but not that handsome looks.

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૩)**
મંગલ ક્યાં સુધી હોય? વિવિધ જીવોની અપેક્ષાએ હંમેશા અને એક જીવની અપેક્ષાએ ૩ પ્રકારેઃ (૧) અનાદિ અનંત (૨) સાદિ અનંત (૩) સાદિ સાંત.

**પ્રશ્નઃ** અનાદિ અનંત પ્રકાર કઈ રીતે ઘટે?

**ઉત્તરઃ** તે દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ ઘટે.

**પ્રશ્નઃ** જો દ્રવ્યાર્થિક નયથી પ્રથમ પ્રકાર ઘટાવીએ, તો મિથ્યાત્વ અવસ્થામાં પણ જીવને મંગલ ઘટશે તો?

**ઉત્તરઃ** મિથ્યાત્વ અવસ્થામાં પણ જીવને મંગલ ઘટે છે, એવું જ અમને ઈષ્ટ છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ - (ત્રણે) મંગળ નથી, કારણકે તેઓ જીવ નથી પણ જીવ પોતે જ મંગલ છે અને તે જીવ (સત્તાથી) કેવળજ્ઞાનાદિ અનંત ધર્માત્મક છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૫)**
આચાર્યના જે ગુણો કહ્યા, તે સર્વથી યુક્ત અને સંગ્રહ-નિગ્રહ આદિ ન કરતાં એવા ઉપાધ્યાયો છે, તેમને નમસ્કાર થાઓ.

૦ અનંતજ્ઞાન આદિ શુભ આત્મસ્વરૂપને જેઓ સાધે છે, તે સાધુઓ. પાંચ મહાવ્રતને ધારણ કરનારા, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, ૧૮ હજાર શીલના ભેદોને ધારનારા, ૮૪ લાખ ગુણને ધારનારા સાધુઓ છે.

૦ ઉદારતા - દાક્ષિણ્ય આદિ ગુણોના બહુમાનસ્વરૂપ ગુણરાગ કેળવવો.

૦ પોતાની કોઈક ખામીના કારણે પોતે શુભ અનુષ્ઠાન કરવા અસમર્થ હોવા છતાં પણ તે જીવોને ગુણો પ્રત્યેના પરમ અનુરાગ તથા અત્યંત ભાવસંપન્ન હોવાના કારણે તે અનુષ્ઠાનનું ફળ મળે છે.

૦ શુભ કે અશુભ ક્રિયા કરનાર, અત્યંત આનંદપૂર્વક ચિત્તથી કરાવનાર તથા તેની અનુમોદના કરનાર તેમ જ તેમને સહાય કરનાર - આ બધાને સમાન ફળની પ્રાપ્તિ થાય છે, એવું તત્ત્વવેત્તાઓ કહે છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૯)**
જેમની પાસે જઈને ભણાય તેઓ, જેમની પાસે રહીને શ્રુતનો લાભ થાય છે, તેઓ ઉપાધ્યાય છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૨૮)**

મંગલ, પાવન અને સર્વ ઇચ્છાઓ સિદ્ધકારી ધર્મવાળો ૐકાર મંત્ર એ પરમ બ્રહ્મ છે અને સર્વ મંત્રોમાં નાયક છે. અમાત્ર, ચોથો, અવ્યવહાર્ય, પ્રપંચ, ઉપશમ, શિવ, અદ્વૈત - આ પ્રમાણે ૐકાર જ આત્મા છે અને તે આત્મા વડે આત્મામાં પ્રવેશે છે.

- માંડુક્યોપનિષત્

૦ જે રક્ષણ કરે છે, અનુકરણ કરે છે, તે ઓમ છે. જે આ અક્ષર છે, તે અમૃત-અભય છે. તેમાં પ્રવેશીને દેવો અમૃત અને અભયસ્વરૂપ થયા તથા બ્રહ્મસ્વરૂપને જ પામ્યા.

૦ આ આત્મા પણ અક્ષરદ્રષ્ટિથી માત્રાઓવાળો ઓંકાર છે. પાદ એ માત્રા છે અને માત્રા એ પાદ છે. તે માત્રાઓ અનુક્રમે અકાર, ઉકાર અને મકાર છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૩૨)**

મંત્રના અર્થને - ચૈતન્યને જે સાધક જાણતો નથી, તે અબજોવાર જાપ કરે તો પણ તેને મંત્ર સિદ્ધ થતો નથી. ૦ સાત કરોડ મોટા મંત્રો ચિત્તને ભ્રમિત કરી શકે છે, પણ એક જ 'રામ' એવો બે અક્ષરનો મંત્ર એ પરમ મંત્ર છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૪૮)**

આલોક, ઉપલંભ અને મુનિપણે સાધેલો, રત્નત્રયમય ૐકાર સર્વ સિદ્ધિ માટે ધ્યાન કરવો જોઈએ. (૧) ૐ એવો જે આંતરિક પ્રાણનો શબ્દ છે, તેમાંથી જે ઉત્પન્ન થયેલો શબ્દ, તે પરમેષ્ઠિઓનો વાચક શબ્દબ્રહ્મ છે. (૨)

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૬૬)**

જે જ્ઞાન સમ્યગ્ દર્શનથી શુદ્ધ હોય, તે વિરતિ પામે જ છે, તેથી દુઃખનું કારણ એવો પણ આ જન્મ સુલબ્ધ થાય છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૬૮)**

આત્મા આત્મા વડે આત્મામાં શુદ્ધ આત્માને જૂએ છે, તે જ આચારમાં એકતાવાળા મુનિની રત્નત્રયજ્ઞપ્તિ કહેવાય છે. - જ્ઞાનસાર

૦ મોહના ત્યાગથી જે વ્યક્તિ આત્મામાં આત્મા વડે આત્માને જાણે છે, તે જ તેનું ચારિત્ર, તે જ જ્ઞાન અને તે જ દર્શન છે. - યોગશાસ્ત્ર, પ્રકાશ ૪

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૨૩)

અનંતાનંત સંસારની પરંપરાનો ઉચ્છેદ કરવાના સાધનભૂત એવું જિનેશ્વર ભગવંતના ચરણકમળનું સ્મરણ મારૂં શરણ હો. ૦ રાગી દોષોને જોતો નથી, દ્વેષી ગુણોને જોતો નથી અને મોહી ગુણ-દોષમાં વિપર્યાસ કરે છે અર્થાત્ ગુણને દોષ માને છે, દોષને ગુણ માને છે.

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૩૫)

કલિયુગમાં દિવ્ય પરાક્રમમય ભાવ પ્રાયઃ ક્યારેય હોતો નથી. મનુષ્યોને ફક્ત પશુભાવથી મંત્રસિદ્ધિ થાય છે.

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૪૭)

અત્યંત બુદ્ધિમાન પુરુષને અલ્પઆયુષ્ય, સંતાનરહિતપણું, ગરીબાઈ કે રોગીપણું - આ ચારમાંથી એક હોય જ છે.

૦ અમે વૃક્ષની છાલ વડે કે રેશમી વસ્ત્રો વડે સંતુષ્ટ છીએ. બંનેમાં અમને સંતોષ સમાન જ છે. ૦ તે જ ગરીબ છે, જેની તૃષ્ણા વિશાળ છે. મન સંતોષ પામે પછી કોણ ધનવાન અને કોણ ગરીબ? - ભતૃહરિ

## પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૪૮)

મલથી ભરેલી નાડીઓમાં પવન મધ્યમાં રહેતો નથી, તેથી મેદ અને કફ જેને અધિક હોય, તેણે છ કર્મો કરવા. બીજાએ તે આચરવાની જરૂર નથી, કારણકે એના શરીરમાં દોષો સમાન છે, વિષમ નથી. સમાન દોષવાળો નિશ્ચલ દ્રષ્ટિ વડે સૂક્ષ્મ લક્ષ્ય એવા આત્માને જૂએ છે.

## પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૫૫)

તે દુઃખેથી જોઈ શકાય એવા, અનુપ્રવિષ્ટ, ગુફામાં રાખેલા પુરાણને અધ્યાત્મયોગ વડે દેવ માનીને ધીર પુરૂષો હર્ષ અને શોકનો ત્યાગ કરે છે. - કઠોપનિષત

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૭૭)

ગંગાસ્નાન પાપને દૂર કરે છે, ચંદ્રમા તાપને અને કલ્પવૃક્ષ દીનતા અર્થાત્ દરિદ્રતાને દૂર કરે છે, પણ મહાજન એવા સન્ત પુરૂષો પાપ, તાપ, દીનતા-ત્રણે દૂર કરે છે.

### પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૮૩)

હે અર્જુન! ઠંડી-ગરમી, સુખ-દુઃખ આપનારા ઈન્દ્રિયોના વિષયો અનિત્ય છે, ભવિષ્યમાં અપાયભૂત છે, માટે તું તેમને સહન કર.

### પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૯૦)

અતીન્દ્રીય પદાર્થોનો સદ્ભાવ સ્વીકારવા માટે આગમ અને યુક્તિ સંપૂર્ણ દ્રષ્ટિનું લક્ષણ છે. (૧) જે હેતુના સ્થાને હેતુ અર્થાત્ યુક્તિ અને આગમના સ્થાને આગમને જોડે, તે સમજુ (આરાધક) છે, બીજો સિદ્ધાંતનો વિરાધક છે. (૨) તે શ્રુત ભણ્યું કહેવાય, જેનાથી આત્મા નરકમાં ન જાય. બાકીનું ભણેલું બધું કલેશ માટે અને વિડંબનારૂપ છે. (૩)

### પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૯૭)

હે પરમાત્મા! આપના ધ્યાનથી ભવિ જીવો ક્ષણવારમાં દેહને છોડીને પરમાત્મદશા પામે છે. આ લોકમાં (જોવાય છે કે) તીવ્ર અગ્નિના તાપથી ધાતુઓ પત્થરભાવને છોડીને સોનાનું રૂપ તત્કાળ પ્રાપ્ત કરે છે.

### પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૯૮)

જિનેશ્વર ભગવંતો મોક્ષપદને પામ્યા, તેથી 'અહીં ભગવાન વિના બિચારા વિશ્વના જીવોનું શું થશે?' (એવી કરૂણાથી) સર્વ લોકોનો ઉદ્ધાર કરવા માટે ધીર પુરૂષો વડે પોતાનું મંત્રાત્મક શરીર અહીં સ્થાપન કરાયું. (૧) મંત્ર અને મૂર્તિના આધારે ભગવાન સ્વયં જિન છે. સર્વજ્ઞ અને સર્વત્ર રહેલાં શાંત એવા તેઓ (મંત્ર-મૂર્તિરૂપે) સાક્ષાત્ સ્થાપન કરાયેલા છે. (૨)




ઉપર દર્શાવેલ ૨ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૬ - ૧૯૭૭ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

## 'હ્રીં' મંત્રાક્ષર



ત્રૈલોક્યાક્ષર તરીકે ઓળખાયેલો
'હ્રીં' મંત્રાક્ષર અતિ દુઃખદાવાનળને શમાવનાર છે,
ઘોર ઉપસર્ગોને દૂર કરનારો છે,
વિશ્વમાં ઉપસ્થિત થતાં મહાસંકટોને નિવારનારો છે
તથા સિદ્ધિ વિદ્યાનું મુખ્ય બીજ છે.

પં. ચન્દ્રશેખર વિજય

www.fiestadesigns.in